# ઝૂલતા મિનારા

**લેખક**
રાકેશ પટેલ

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**Zulta Minara**
Yakub
Pb.by M.M.Shahitya Prakashn, Anand

© લેખકશ્રી

**ઝૂલતા મિનારા**
રાકેશ પટેલ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૩૫/-**

**ટાઈપ સેટીંગ**
Mayur's

**સજાવટ**
**ગુર્જરી સાહિત્યાલય**, ડાકોર

**મુદ્રક**
**અર્પણ પ્રિન્ટરી**, ભાલેજ રોડ, આણંદ

**પ્રકાશક અને વિક્રેતા**
એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ

# પ્રકરણ : ૧

સૂરજના ઉના શ્વાસનાં પગલાં માણસોના શ્વાસોમાં ઓગળતા હતા. જેના લીધે માણસોના શ્વાસનો તડકો આગનો ભડકો થઇ શહેરની ટ્રાફિકમાં અટવાઇ પડેલી હવાને સળગાવતો હતો. તેમ છતા ફેફસામાં સળગતી હવાને ભરતા અસંખ્ય માણસોના પગ માખીઓની જેમ ઉઠતા હતાં. અને આવા જ કોઇ અજાણ્યા પગને જોતાં આશુતોષને સ્કુટરની બ્રેક મારવી પડી. સ્કુટર જ્યાંનું ત્યાં ચોટી ગયું. રેલવે ફાટક બંધ હતી. કદાચ ટ્રેન આવવાની હતી, ક્યાંથી આવવાની હતી એ ખબર નહીં, પણ આવવાની હતી. અને ક્ષણમાં જ આંખો સામે અદ્રશ્ય થઇ જવાની...અને કદાચ પાછળ જ કોઇ બીજી ટ્રેન...અને એ પણ—આશુતોષ એની ભરાવદાર મૂછોમાં સૂકાયેલા પાનની જેમ હસ્યો. એણે ઘડિયાળ જોવા માટે ડાબો હાથ ઉંચક્યો અને ટ્રેનની વ્હિસલમાં ઓગળી ગયો. ઘડિયાળ ખોવાઇ ગયા પછી નવી ઘડિયાળ ખરીદવાનો વિચાર કર્યો હતો, તે હકીકત છે. પણ હજુ સુધી ખરીદી નહોતી. એણે હેલ્મેટ ઉતારી કપાળ પર જામેલી પ્રસ્વેદબિંદુને લૂંછી. પાછળ ફરીને જોયું તો લાઇનની એક રેખા ખેંચાઇ ગઇ હતી. સ્હેજ ડોકું ધૂણાવ્યું. ખિસ્સામાંથી પાન કાઢી મોંમાં મૂક્યું. અહીં કશાયનો છેડો જ નથી? પણ આ છેડો એટલે શું? છેડો એટલે અન્ત...અન્તિમ...એન્ડ...લાસ્ટ...એવું સમજવું? પણ આ તો એકબીજાના

પર્યાય છે...તો શું શરૂઆતની પ્રક્રિયાનો પાછળનો ભાગ એટલે અન્ત...અન્તિમ....અરે, આ શરૂઆત શું છે? અને છે તો શા માટે? માનવજીવનના કલ્યાણ માટે? વળી આ જીવન, કલ્યાણ શું છે?

'માઇબાપ કંઇ દોને...'હાથ લંબાવતાં એક છોકરો બોલ્યો કે આશુતોષના વિચારોમાં બ્રેક વાગી. કશું જ બોલ્યા વિના આશુતોષ તેને જોઇ રહ્યો. કદાચ નવ દશ વર્ષનો હશે. કદાચ ના પણ હોય...એ એકલો જીવતો હશે? તેના માબાપ નહિ હોય? ભીખ શા માટે માંગે છે? પેટ ભરવા? પેટ ભરવા ભીખ માંગવાની? ભીખ માંગવાની કેમ કે જીવવું છે? જીવવું છે એટલે પેટ ભરવાનું? આ પેટ જ - ફાટક ખૂલી. અને આશુતોષનું સ્કુટર 'ઝુલતા મિનારા' પાસે જઇ અટક્યું. તેને આવેલો જોતા જ અંકલે પાનવાળા હાથ ઝભ્ભે લૂછતા કહ્યું :

'અરે આશુતોષ આપ?'

આશુતોષે સ્કુટર સાઇડમાં પાર્ક કર્યું. ખિસ્સામાંથી રૂમાલ કાઢી કપાળ પર ફેરવ્યો.

'બહોત દિન કે બાદ...' આશુતોષના ઉત્તરની કોઇ અપેક્ષા વિના અંકલ પૂછી રહ્યા. તેને દુકાન નીચે જોયું તો એક કૂતરી વિયાઇ હતી. બચ્ચાં બચબચ ધાવતાં હતાં. પાસે પડેલા એક કૂંડામાં ચા રેડેલી હતી.

'પરોપકારકા કામ હૈ સાબજી.' અંકલે કહ્યું.

'કુત્તેકો ચા પિલાના પરોપકાર હૈ?' આશુતોષથી બોલાઇ જવાયું.

'તો આપ કિસકો પરોપકાર કહતે હૈ?'

'પતા નહીં,' કહેતાં આશુતોષે પૂછ્યું – 'ક્યા ઐસા કુછ હોતા હૈ?'

'આપ કૈસા સવાલ કરતે હો?' કહેતાં અંકલ પાન બનાવી રહ્યા. લેંઘો જેમાં હજાર હજાર ઉપસેલા લાલ ડાઘ, મૂછો આછી કતરાવેલી, ચહેરો ભરાવદાર ગોળ, તગતગતી બે આંખો, પાન બનાવવાની એટલી જ ગતિ...અને એકલા



એકલા હસ્યા કરવું, ક્યાં કશું જ બદલાતું હતું? માણસ પાન લઇને ચાલ્યો ગયો એટલે આશુતોષે પૂછ્યું :

'ક્યું યહા પે ચલે આયે?' હમારી દોસ્તી અચ્છી નહીં થી ક્યા?'

'ઐસા નહિ' કહેતાં અંકલે ઉમેર્યું : 'વહા આમદની કા સવાલ થા' કહેતાં અંકલે મારૂતિના ડ્રાઇવરને બૂમ લગાવી : 'એય આગે લગા, યહાં પાર્કિંગ નહિ હૈ, ચલ આગે લગા.'

ડ્રાઇવરે ગાડી આગળ લીધી. અંકલ બોલ્યા – 'બોલના પડતા હૈ.' આશુતોષ સાંભળી રહ્યો હતો. તેથી અંકલે કહ્યે રાખ્યું – 'સાલો કો યહી એક જગા મિલતી હૈ, પાર્કિંગ કે લીયે. આજ સુબહ સે હી દિન ખરાબ હૈ. સુબહ સુબહ મેં એક ગાડીવાલે કે સાથ હાથાપાઇ હો ગઇ.' કહેતાં ઉમેર્યું – 'સુવ્વર કી ઓલાદ મુજે કહતા થા, તેરી બાપકી જગા હૈ?'

'કિસકે બાપકી બાત કરતા હૈ?'

'તો ફિર ગાડી કહાં રખું?'

'મેરે શિર પર રખ...'

આશુતોષે પાનની પિચકારી મારી. એની નજરમાં એક વૃદ્ધ અશક્ત માણસ સમાયો. જે રોડ ક્રોસ કરવા મથતો હતો. ક્યાં જતો હશે આ માણસ? એના ઘરે જતો હશે? એનું ઘર હોઇ શકે? ક્યાં આવ્યું ઘર? મારું પણ ઘર છે, અંકલનું પણ ઘર છે. તો શું માણસનો અન્તિમ છેડો ઘર હોઇ શકે? આ પાછો છેડો–

આશુતોષે માણસને રોડ ક્રોસ કરાવ્યો. પૂછ્યું 'ક્યાં જવું છે?'

'મજુરીની શોધમાં છું દીકરા, કોઇ કામ અપાવી શકીશ?'

'માફ કરજો' કહેતાં આશુતોષે પૂછ્યું 'પાન ખાશો?'

'ના.' કહેતો માણસ ભીડમાં ખોવાઇ ગયો.

હું શા માટે કોઇના માટે કશું કરી શકતો નથી? અને શા માટે મારે

કોઈના માટે કશું કરવું? જીવવા માટે? જીવવા માટે જ આ બધું કરવાનું? માણસ મજૂરી નહી મેળવે તો શું થશે? છોકરાં ભૂખ્યાં મરશે? ખાવા માટે ભીખ માગવાની, મજૂરી કરવાની...જીવીને આવું બધું કરવાનું, આવું બધું કરવું પડે તો આ જીવનનો અર્થ શો?

'ક્યા હુઆ?' આશુતોષને વિચારમગ્ન જોતા અંકલ પૂછી રહ્યા.

'કુછ નહીં.' કહેતાં આશુતોષની નજર કૂતરીના બચ્ચાં પર પડી. તેના જમણા પગનો બૂટ ચાટતું હતું.

'પાન બનાદૂ?'

'બના દો...'

'અભી ભી પાન ખાને કી આપકી આદત ગઇ નહિ?'

આદત? પાન ખાવાની આદત? ના, મને ક્યાં આદત છે? હું પાન ખાઉં છું, કેમ કે પાન ખાવું મને ગમે છે. મારી ચેતનાને અનુકૂળ આવે છે, પણ મને પાન વિના ચાલતું નથી. ચાલ્યું નથી... તેનું શું? તો શું મને આદત પડી ગઇ છે? આશુતોષ હસ્યો. બબડ્યો, શું હું એક સામાન્ય નિર્ણય પર પણ નથી આવી શકતો કે  પાન..... અને આશુતોષે પાન ખિસ્સામાં મૂક્યું. એકાએક તેની પાસે પ્રભાત ક્યાંકથી ફૂટી નીકળ્યો. અને બંન્ને ભેટી પડ્યાં.

'તું અહીં ક્યાંથી?' પ્રભાતે ઉત્સાહથી પૂછ્યું.

'મૈં ભી યહી સોચ રહા હું.' અંકલ બોલ્યા.

જવાબમાં કેવળ આશુતોષના ચહેરા પર આછું સ્મિત ઊડી આવ્યું. મને પણ એ ક્યાં સમજાય છે કે હું અહીં ક્યાંથી છું, ક્યાંથી આવ્યો છું....અને– આશુતોષ કઇ વધુ વિચારે ત્યાં જ પ્રભાતે પૂછ્યું –

'અહીં કશું જોઇતો નથી ગયો ને?'

'ના.'

'તો પછી ફરવા આવ્યો હોઇશ.'

'ના.'



'કોઇને ટાઇમ આપ્યો હશે...'

'ના.'

ભયંકર અવાજ કરતી એક રિક્ષા પસાર થઇ ગઇ. અને એના પગલામાં સાઇલન્સર વિનાના સ્કુટર વાતાશને ચિક્કાર ઘોંઘાટતી છલકાવી દીધું.

'મને એક મદદ કરી શકીશ?' પાનની પિચકારી મારતા આશુતોષે પૂછ્યું.

'મદદ?'

'લીના ચોરસિયાના ઘરે જવું છે?' આશુતોષની વાતથી પ્રભાત પ્રભાવિત થયા વિના રહી શક્યો નહીં.

'અંકલ યે દિન હૈ કી રાત?' કહેતાં પ્રભાત હસી રહ્યો. અને મુશ્કેલીથી તેણે ઓલવાતી સિગારેટનો દમ ખેંચ્યો.

'દિન હૈ દિન!' દુકાનમાંથી અંકલનો અવાજ આવ્યો.

'સચ્ચી બોલતે હો ના?'

'આપકી અરે કુતિયા કી કસમ!'

'તને ક્યારથી મજાક કરવાની ટેવ પડી ગઇ છે?' પ્રભાતે ગંભીરતા ઓઢી.

'શું તને એમ લાગે છે કે હું મજાક કરું છું?'

'હા...'

'શું તને એમ લાગે છે આપણે મજાક કરી શકીએ? આપણે પોતે જ એક મજાક નથી? એથી મોટા મજાકની તું કંઇ અપેક્ષા રાખે છે, પ્રભાત?'

'ના તું નહીં હું મજાક કરું છું.' બોલતા પ્રભાતે સિગારેટનો ધૂમાડો મોંમાંથી કાઢ્યો. આશુતોષે જોયું કે ધૂમાડો તેની આસપાસ ગોળ વલયો રચતો હતો.

'ભારતીય કાયદા પ્રમાણે હવે તું લગ્ન માટે લાયક છે.' પ્રભાત કોઇ વડીલની અદાથી સલાહ આપી રહ્યો.

'હા, મને પચ્ચીસ વર્ષ થઇ ગયા!'

'તો પછી—'

'મારા લગ્ન થઇ ચૂક્યા છે.' આશુતોષની વાત સાંભળી પ્રભાતના ગળામાં ધૂમાડો ડૂમો થઇ ભરાયો. ખાંસી ખાતા તેણે આશુતોષના ખભા પર હાથ મૂકી કહ્યું.

'બી સીરીયસ.'

'પ્રોબ્લેમ તારો છે.'

'એટલે?'

'મેં લવ મેરેજ કર્યા છે.'

'અભિનંદન' કહેતાં પ્રભાત હસ્યો.

'બહુ ઉતાવળ છે?' આશુતોષ અનુત્તર રહ્યો.

'મને સાથે નહીં લઇ જાય?'

'મેં ક્યારે ના પાડી છે?'

પ્રભાતે આંગળી ચીંધી એપાર્ટમેન્ટ બતાવ્યો.

'તો જવું જોઇએ.' આશુતોષે કહ્યું.

પ્રભાત હોઠોના ખૂણામાં કોઇ વિજયી યોદ્ધાની જેમ હસી પડ્યો.

આશુતોષે સ્કુટરની ડિકીમાંથી લેટરપેડ, ટેપરેકર્ડ કાઢી. અને આ વસ્તુઓ જોતા જ પ્રભાત ચોંક્યો.

'તો તું કોઇ પ્રેસમાંથી—' કહેતાં પ્રભાતે ધ્યાનથી સ્કુટરનો નંબર ચેક કર્યો. અને આશુતોષ કઇ બોલે તે પહેલા જ તેના ચહેરા પર ગુસ્સો ઢગલો થઇ પડ્યો.

'તું ફરીથી એ જ પ્રેસમાં જોડાયો?'

'હા, કેમ?'

'તારામાં સ્વમાન જેવું કંઇ છે?'



'કેમ મારામાં સ્વમાન નથી? સ્વમાન હોવું જોઇએ?'

'જે પ્રેસમાંથી તને હાકી કાઢવામાં આવ્યો, એ જ પ્રેસમાં તું ફરીથી ' કહેતાં પ્રભાત અટક્યો.

'હા,એ હકીકત છે કે જે પ્રેસમાંથી મને હાંકી કાઢવામાં આવ્યો હતો એ જ પ્રેસમાં આજે હું ફરી વખત કામ કરવા સમ્મત થયો છું. અને આજે એ જ હેતુ લીના ચોરસિયાને મળવા આવ્યો છું.'

'પણ તું એટલું જલદી કેમ ભૂલી ગયો કે તારા સ્વમાન માટે મેં પોતે રાજીનામું આપ્યું હતું?'

'હું નથી ભૂલ્યો' કહેતાં તેણે ઉમેર્યું – 'પણ તેં જે મારા માટે બલિદાન આપ્યું તે આજે પણ હું સમજી શક્યો નથી, પ્રભાત!'

'મેં બલિદાન આપ્યું હતું તારા તંત્રી વિભાગના સ્વમાન માટે.' કહેતાં આશુતોષની આંખોમાં જોતાં તેણે કહ્યું – 'તને કોઇ અપમાનિત કરે અને તે કોઇ પણ પ્રકારના તારા વાંકગુના વિના તે કેમ સહેવાય?'

'ખરેખર મને અપમાનિત કરવામાં આવ્યો હતો? કોણે કર્યો હતો મને અપમાનિત?'

'શેઠિયાએ...' પ્રભાતના ચહેરા પર ગુસ્સો તગતગતો હતો.

'શેઠિયાએ મને અપમાનિત કર્યો હતો? શું તે મને અપમાનિત કરી શકે?'

'તો તું શું બધું જ ભૂલી ગયો?' અંકલ સામું જોતા પ્રભાતે કહ્યું. –

'તારા ચાલ્યા ગયા પછી તંત્રી વિભાગ વતી કેવલ સરે તંત્રી પાસે ખુલાસો માગ્યો હતો. તેમણે તારો પક્ષ લેતાં જણાવેલું, આશુતોષની ભૂલ છે જ નહીં. છેલ્લા એક અઠવાડિયાથી કોમ્પુટર વિભાગ તરફથી ભૂલો સુધરતી નથી. તે તો તેના કામમાં ચોક્કસ જ છે.' ત્યારે તંત્રીએ જવાબમાં કેવલ સરને કહેલું, ભૂલ એટલે ભૂલ. ઘણા સમયથી હું પ્રુફની ભૂલો જોતો હતો.

'તો તમારે તે સમયે તેનું ધ્યાન દોરવાની જરૂર હતી.'

'એ કામ મારું નથી.'

'તો તમારું શું કામ છે?'

'નવા માણસની ભરતી કરવાનું.' કહેતાં ઉમેર્યું – 'પાંચસો રૂપિયામાં જોઇએ તેટલા પ્રુફ રીડરો ક્યાં નથી મળતા?'

'તમે એક સારા માણસને ગુમાવી દીધો છે.'

'આભાર.' કહેતાં દરવાજા તરફ નજર કરતાં કહ્યું, 'મી.કેવલ તમે જઇ શકો છો.'

'અહિ કામ નહિ થઇ શકે. હું રાજીનામું આપું છું.'

'મને આ વાતની ખાત્રી જ હતી' કહેતાં તંત્રીએ કહ્યું – 'જેવી તમારી મરજી મી. કેવલ.'

ઠંડા મને આશુતોષ પ્રભાતની વાત સાંભળી રહ્યો. એકેય વાતની તેના ચહેરા પર અસર નહીં દેખાતા પ્રભાતે ગુસ્સા સાથે કહ્યું :

'કેવલ સરની ઇજ્જત તો સાચવવી હતી?'

'એ તારો ભ્રમ છે પ્રભાત.'

'કેવો ભ્રમ?'

'હું કોઇની ઇજ્જત કેવી રીતે સાચવી શકું? અને મને આવી ઘણી બાબતો નથી સમજાતી પ્રભાત!'

'તો તને શું સમજાય છે?'

'પાન ખાવાનું.' આશુતોષની આ વાતથી પ્રભાતના પગ જમીન સાથે ચોંટી ગયા. અંકલ ખડખડાટ હસી પડ્યા. બંને થોડી પળો મૂર્તિ થઇ ઊભા રહ્યા. અંતે વાત બદલતાં પ્રભાતે પૂછ્યું :

'કેટલો સમય થયો?'

'દોઢેક મહિનો.'

'સેલરી?'



'પંદરસો...'

'પોષાય છે?'

'અત્યાર સુધી તો કંઇ વાંધો આવ્યો નથી.'

'તું મારી સાથે એક સાપ્તાહિકમાં જોડાઇ જા, અમારે એક સારા એડિટરની જરૂર છે.' કહેતાં પ્રભાતે કહ્યું –'સેલરી પણ આપણી!'

આશુતોષ તાપમાં તપતો હતો. તેનો ચહેરો લાલ થઇ ગયો હતો. રૂમાલથી મોં લૂછવાનો પ્રયત્ન કર્યો. તેની અનુત્તરતાને લીધે પ્રભાતે આગળ કહેવાનું ચાલુ રાખ્યું.

'હું તારાથી બે ત્રણ વર્ષ નાનો છું, છતાં મહિને પાંચેક હજાર કમાઇ લઉં છું. ક્યારેક સીધી આંગળીથી ઘી ન નીકળે તો આંગળી વાંકી કરવી પડે!' કહેતાં ઉમેર્યું 'અહિ તો સત્તાનો ભરપેટ ઉપયોગ કરવાનો અને સાથે મળીને ખાવાના ન્યાયમાં માનનારા છીએ!'

આશુતોષે પાનની પિચકારી મારી. બચ્ચાંની મા કૂંડામાં ઠરી ગયેલી ચા પી રહી હતી. અને આશુતોષને કૂતરાની તુલનામાં પોતાનું જીવન બકવાસ લાગ્યું. કેવળ સામાન્ય જીવન જીવવા માટે કેટકેટલા પ્રયત્નો કરવાના? શું આ કુતરું હશે તેના જીવનથી સભાન? તો આ સભાનતા મને જ કેમ? હું કેવી રીતે જીવી શકીશ? પણ મારે શા માટે જીવવાનું છે, શા માટે જીવવું પડે છે? આ પૃથ્વીના તમામ જીવોને શા માટે જીવન મળ્યું? અન્ય ગ્રહો પર પણ શું આ જ સ્થિતિ હશે? આ સ્થિતિને ક્યારેય શું બદલી ના શકાય? સામૂહિક રીતે જીવનને અન્તાવી ના શકાય?

'વિચારજે મારી વાતને, વિચારવા જેવી વાતોને હંમેશા વિચારવી.' પ્રભાતની વાત કાનમાં રેડાતા આશુતોષ વૈચારિક વિશ્વમાંથી બહાર ફેંકાયો. અને કોઇ પરિસ્થિતિ સમજે ત્યાં જ પ્રભાતે કહ્યું :

'જઇશું હવે...'

'ક્યાં?'

'લીના ચોરસિયા—'

'હું તો ભૂલી જ ગયો.'

'એમાં દોષ તારો ક્યાં છે?'

'તો—'

'ગરમી.' કહેતાં તેણે ઉમેર્યું – 'આ કઇ ઋતુ છે એ જ સમજાતું નથી.' ભર બપોરે આકાશમાં વાદળાં ઘેરાવા લાગ્યાં હતાં



## પ્રકરણ : ૨

સૂરજે વાદળ ઓઢી લીધા. તડકો પાછલા પગે ક્યાંક ચાલી ગયો. અને રહ્યો સહ્યો તડકો પડ્યો પડ્યો કણસી રહ્યો હતો. આછો પવન ઉડતો હતો. હવામાં શીતળતાના ઉના શ્વાસ ભળ્યા હતા. અને આશુતોષ-પ્રભાત 'સાગર' એપાર્ટમેન્ટ પાસે આવી ઊભા. એપાર્ટમેન્ટ જંપી ગયેલું હતું. માળામાં બે પક્ષીઓ ગેલ કરતાં હતાં. ત્યાંથી જ આશુતોષ એપાર્ટમેન્ટના ઊડી ગયેલા કલરને જોઇ રહ્યો. ક્યાંક ક્યાંક ખાડા પણ પડ્યા હતા, તિરાડોય પડી હતી. જેમાંથી કેટલીક માથું ઉચકતી ઊભી હતી.

'તો અહીંયા રહે છે લીના ચોરસિયા.' આશુતોષે સહજતાથી પૂછ્યું. દાંતિયાથી વાળ સેટ કરતાં પ્રભાતે ઉતાવળમાં કહ્યું :

'અહીં ફક્ત લીના ચોરસિયા જ નથી રહેતી પણ—'

'પણ.'

'આ એપાર્ટમેન્ટમાં અનેક લીના ચોરસિયા રહે છે.'

'તો પછી એકનું જ ઇન્ટરવ્યું શા માટે?'

'કેમ કે એ ડોન છે.'

'એટલે?' શબ્દ નહીં સમજાતા આશુતોષે પૂછ્યું.

'બોસ છે.' કહેતાં પ્રભાત હસ્યો. અને પછી ઉમેર્યું – 'ત્રીજા માળે જવું પડશે.'

આશુતોષ ચૂપ રહ્યો. પ્રભાતે વાત ચાલુ રાખી.

'હું અહીં પાંચમી વખત આવ્યો છું પણ ઇન્ટરવ્યું માટે પહેલી જ વખત.' કહેતાં કહ્યું – 'જો હું કેટલો હેન્ડસમ છું! ઊંચાઇ પણ ધરાવું છું અને મસાજ પણ.' કહેતાં આશુતોષ સામે જોયું. એના ચહેરા પર નિઃસ્તબ્ધતા પથરાયેલી હતી. પગથિયાં ચઢતાં પ્રભાતે ઉમેર્યું – 'કોમ્યુનિકેશનનો કોર્ષ પણ કર્યો છે, તેમ છતાં પેલી લિપ્સા' પ્રભાત આગળ બોલી શક્યો નહીં, કેમ કે ડોરબેલ સુધી ઉચકાયેલો તેનો હાથ હવામાં તરી રહ્યો અને દરવાજો ખુલી ગયો.

'મેં તમને બારીમાંથી જ જોઇ લીધા હતા.' સસ્મિત આવકારતી સ્ત્રી લીના ચોરસિયા જ હોઇ શકે એમ અનુમાન આશુતોષ લગાવી રહ્યો. દરવાજો બંધ થયો.

'તમને ખબર હતી અમે આવવાના હતા તેની?' ખુરશીમાં સ્થાન લેતા પ્રભાતે પૂછ્યું.

'હા, હું આમ તો તમારી જ રાહ જોતી હતી.' કહેતાં ઉમેર્યું. 'તમારા તંત્રીનો ફોન હતો મારા પર, આમ તો મારી કોઇ ઇચ્છા જ નહોતી. પ્રેસ સામે ' અટકતા લીના ચોરસિયા ખુરશીમાં બેઠી.

'તો પછી–'

'પ્રેસ વાળાની પોલીસની જેમ નહિ દુશ્મની સારી કે નહિ દોસ્તી.'

'અમારા વિશે પણ સરખો અભિપ્રાય?' પ્રભાત હસતાં હસતાં કહી રહ્યો.

એક બાઇ પાણીના ગ્લાસ લઇ આવી.

'લીના ચોરસિયા અનુભવ સિવાય કંઇ બોલતી નથી.' કહેતાં તેણે આશુતોષ સામે દ્રષ્ટિ સ્થિર કરી. તેથી પ્રભાતે કહ્યું –

'મિત્ર છે મારો, પત્રકાર મિત્ર.'



'નવો છે?'

'ના.'

'મેં ક્યારેય આ પહેલાં જોયો નથી.'

'ક્યાંય જતો નથી.' આશુતોષ સામું જોતા પ્રભાતે કહ્યું.

આશુતોષે સાંભળ્યા કર્યું. પાતળી કાઠીનો ગોરો દેહ... ઉંચાઇ લગભગ સવાપાંચ ફૂટ...ગમ્ભીર ચહેરો...ગાલ ઉપસેલા,કપાળ નાનું...હોઠ પાતળા...નાક મધ્યમસર...આંખો સ્નિગ્ધ...

'છોકરા મને કોઇ દિવસ તેં જોઇ નથી?' આશુતોષ સામે પ્રશ્નાર્થ થતી લીના ચોરસીયા.

'ના, કેમ?'

'તું મને જોઇ રહ્યો છે તેથી.' લીના ચોરસિયા હસી રહી. કહ્યું– 'તારે શું મારો મહેમાન બનવું છે?'

આશુતોષ અનુત્તર રહ્યો. તેથી લીના ચોરસિયાએ પ્રભાતને પૂછ્યું –

'આ તારો મિત્ર આવો જ છે?'

'એ તો મને પણ ખબર નથી.' પ્રભાતે કહ્યું. અને લીના ચોરસિયા ખડખડાટ હસી પડી. પાણીના ધાર જેવા તેના શુદ્ધ હાસ્યના પડઘા રૂમમાં જ્યાં ત્યાં ચોંટી ગયા.

પ્રભાતે કેટલાક મહત્વના પ્રશ્નો અગાઉથી જણાવી દીધા.

લીના ચોરસિયાએ પૂછ્યું :

'નામ ઠામ બદલશોને?'

'એ તો કંઇ પૂછવાનું હોય?'

'આ પહેલાં ક્યારેય આ રીતે પ્રેસને ઇન્ટરવ્યું નથી આપ્યું?'

'તમે ચિંતા ન કરશો.'

ચિંતાનો કોઇ સવાલ નથી, પણ પોલીસ પછી નાહકની વધુ હેરાન કરે.

'શરૂ કરીશું?' આશુતોષે સવાલ કર્યો.

'હા...' લીના ચોરસિયા.

આશુતોષે ટેપરેકર્ડ ઓન કરી.

લીના ચોરસિયાએ કહેવાનું શરૂ કર્યું. – 'હું નોકરી ધંધાની શોધમાં હતી. એકલી સ્ત્રીનું કોણ? સેલ્સગલ્સ તરીકેનું કામ મળ્યું. રોજ જુદા જુદા ગામમાં ફરવાનું અને કસ્ટમરના મનને હરવાનું. ક્યારેક તો માથા ભારે કસ્ટમર આઇટમની જગાએ મારો ભાવ પૂછતા. એકલા રહીને થોડી હિમ્મત કેળવી હતી, તેથી દાદ આપતી નહિ, છતાં મને ખબર હતી કે હું સુરક્ષિત નથી. મારી અહીં વધેલી ઓળખાણ પિછાણે જ મને, મારા જીવનને નવો વળાંક આપ્યો. જે ભાડાની રૂમમાં રહેતી હતી ત્યાં તે વિસ્તારમાં એક છોકરી વારંવાર આવતી. તેની સાથેની ઔપચારિક ઓળખાણ ગાઢ મિત્રતામાં પરિણમી, તેથી મેં અધિકાર પૂર્વક પૂછેલું–'

'શું કામ કરે છે તું?'

'તું જાણીને શું કરીશ?' એણે સામે જ પૂછ્યું.

'નહિ કામ તો કંઇ નથી, પણ તું ય મારી જેમ એકલી જ રહે છે. મને થાય છે તું તારું ભરણ પોષણ કેવી રીતે કરતી હોઇશ?' તારે કંઇ કામ જોઇતું હોય તો મારી પાસે–

'દિવસના કેટલા મળે?'

'પચાસેક રૂપિયા મળે.'

'તારે મારી પાસે કામ કરવું છે?' દિવસના પાંચસો રૂપિયા મળશે, બોલ?

'શું કામ મજાક કરો છો સરોજબેન?'

'હું મજાક નથી કરતી, રસ હોય તો કહો.'

'પૈસામાં કોને રસ ન હોય?'

'તો તું તૈયાર છે?'



'પણ હું ટવેલ્થથી વધારે ભણી નથી.'

'આમાં ભણતર ન હોય તો ચાલે.'

'ક્યાં આવી ઓફિસ?'

'હું પોતે જ ઓફિસ.'

'એટલે?'

'મારો મોબાઇલ એ જ મારી ઓફિસ.'

'સમજાય એવું બોલો સરોજબેન.'

'સરોજે સ્પષ્ટતા કરતાં જણાવ્યું 'હું કોલગર્લ છું. મારા પાસે મારો પોતાનો મોબાઇલ છે. જેના દ્વારા હું મારા કસ્ટમરના સમ્પર્કમાં રહેતી હોઉં છું. બે અઢી મહિના થાય એટલે ફરજિયાત સીમકાર્ડ ચેન્જ કરી દેવાનું. જૂના વિશ્વાસુ કસ્ટમરને સામેથી મારે મારો નંબર લખાવી દેવાનો. થોડી પરેશાની થાય પણ પોલીસની પરેશાનીઓથી કાયમ છુટકારો, કેમ કે અમારી સૌથી મોટી દુશ્મન પોલીસ હોય છે. નદીમાં ડૂબકી પણ મારે અને વગોવે પણ.' કહેતાં તેણે કહેલું – 'એક પ્રોગ્રામના પાંચસો રૂપિયા લઉં છું. પ્લસ અપડાઉન, ગેસ્ટહાઉસ અને નાસ્તાનો ખર્ચ કસ્ટમર ઉપર, તેથી મારે પાંચ નોટ ગણી, ઘરે આવી સૂઇ જવાનું.'

મેં પૂછ્યું, કંઇ તકલિફ ન થાય? ત્યારે તેણે હસી લઇ જણાવ્યું : 'એમાં શી તકલીફ? આપણે આપણા પતિ સાથે - આ પણ એવું જ છે.' સરોજની વાત સાંભળ્યા પછી મને થોડી ઇચ્છા જાગી. એક વખત આ ધંધો કરી જોવાનું મન થયું.

અને અડધા કલાકના મને પાંચસો રૂપિયા મળ્યા. પાંચ નોટો વચ્ચે શરીરનાં તમામ દુઃખો ઓગળી ગયાં. રાત્રે નિરાન્તે ઊંઘ પણ આવી.

સરોજ દિવસનો એક પ્રોગ્રામ કરતી, જ્યારે મને અનેક પ્રોગ્રામની તક મળતી. કસ્ટમર સરોજ તરફથી મારા તરફ પલટાયા. સરોજ કરતાં હું દેખાવડી છું. ઠંડી પણ નથી.....એવું એવું કસ્ટમર્સ પાસેથી સાંભળવા મળતું.

આખરે થવાનું હતું તે થયું. હું અને સરોજ છૂટા પડ્યાં. સ્થળ, ગામ, સમય બધું જ બદલાઇ ગયું. મારે એક દીકરી પણ છે લિપ્સા.

હું નાઇટના પ્રોગ્રામમાં મોટાભાગે વધુ સક્રિય છું, કેમ કે રકમ તગડી મળે છે. દિવસે પોલીસ અને પત્રકારોનો ત્રાસ વધુ હોય છે, કેમ કે મેવા વિનાની સેવા શા કામની?

રૂમમાં મૌનની ક્ષણો ઉડી રહી હતી.

પ્રભાત મનોમન બબડતો હતો. આજે પત્રકાર ક્રોસ ચેક કરી કેમ વીગત નથી લખતો? ટેબલવર્કની પૂજાં ક્યાં સુધી કર્યા કરશે? અખબાર આલમને સ્થૂળ ઘટનાઓ સિવાય અન્યમાં રસ કેમ નથી પડતો? જે નથી તેને સાત આઠ કોલમનું સન્માન આપે છે અને જે છે તેને એક કોલમનો પણ ન્યાન નહીં? પત્રકાર હકીકત સુધી કેમ નથી પહોંચી શકતો? રાઇટર સ્ટેશન ડાયરીમાં નોંધેલી જે માહિતી આપે છે તેનાથી પત્રકાર કેમ સંતુષ્ટ રહે છે! એની આ સંતુષ્ટતા જ પરિણામોને નથી રૂંધતી? સ્ટેશન ડાયરીમાં નોંધ હોય છે, કેવળ નોંધ. સત્યતો તેની બહાર પડ્યું પડ્યું કણસતું હોય છે.

‘પ્રભાત, ક્યાં છું?’ પ્રભાતને વિચારમુદ્રામાં ધ્યાનસ્થ થયેલો જોઇ લીના ચોરસીયા પૂછી રહી.

‘અહીં જ…’ પ્રભાતે સ્વસ્થતા ધારણ કરી.

બાઇ પાણીનાં ગ્લાસ લઇ આવી. ત્રણેએ પાણી પીધું.

‘તમારી પ્રેરણા, જીવનબળ એટલે સરોજ?’ આશુતોષે પૂછ્યું.

‘ના,’ કહેતાં કહ્યું – ‘કેટલીક મજબૂરી’

‘તમારી દીકરી પ્રત્યે કોઇ અભિપ્રાય?’

‘મને ગૌરવ છે.’

‘સામાજિક સમસ્યા વિશે–’ પ્રભાત બોલતાં અટક્યો.

‘સામાજિક સમસ્યા આમ તો એક જ સ્વરૂપની હોય છે. જેમ કે અમારાં લગ્ન થાય છે સપનાઓ સાથે. પછી દહેજના પ્રશ્નો તળે સપનાનો ભૂક્કો



ઊડ્યા કરે. સાસરીમાંથી અપાતો ત્રાસ…ત્રાસથી ઘરનો ત્યાગ…પિયર…અને પિયર પર ભાર…અન્તે જીવવા માટે શોધવો પડતો અન્તિમ રસ્તો…’ કહેતાં લીના ચોરસિયાની આંખ સ્હેજ ભીની બની.

જીવવા માટે લોકો કેટકેટલું કરે છે. લીના ચોરસિયાને જીવવું છે, જીવવું છે તેથી વેશ્યાગમન પણ સ્વીકાર્યું. તેની જિંદગી આમ જ પૂરી થઇ જવાની. આખી દુનિયાનો કચરો ઓઢી લઇ જીવવાનું, અને જીવીને કશુંજ કરવાનું નહીં, થઇ પણ શું શકે? અને તેમ છતાં જીવવાનું. આવતીકાલે તેની દીકરી લિપ્સા પણ કદાચ - મારે જીવવું છે? હું જીવું છું? હું એ માટે શું કરી રહ્યો છું? મારે જીવવું છે તેથી ઇન્ટરવ્યું લઈ રહ્યો છું. તો જીવવા માટે જ આ પ્રવૃત્તિ થઈ? એ સિવાય એનો આગવો કોઇ જ સન્દર્ભ ન હોઇ શકે? મારો પોતાનો પણ કોઇ આગવો સન્દર્ભ છે, હોઇ શકે ખરો? કે પછી–

પ્રભાતે આશુતોષના ખભે હાથ મૂક્યો. બંન્ને ત્યાંથી નીકળી ઝૂલતા મિનારાએ આવી ઊભા, થોડી ઔપચારિક વાતો પછી બંને છૂટા પડ્યા. ગલ્લા નીચે બચ્ચાં ઊંવા ઊંવા કરતાં હતાં.

## પ્રકરણ : ૩

તડકો કોઇ પક્ષીના ટહુકામાં ઓગળી ગયો હતો. કોઇ બાળાના સ્મિત જેવી સાંજ એની પાંખો પ્રસરાવતી ઊભી હતી. વાતાવરણમાં ઠંડી હતી તેથી આશુતોષ બે હાથ ઘસતો બેઠો હતો. થોડીવાર ગુમસુમ બેસી રહ્યો, પોતે શા માટે નોકરી કરે છે? જીવનનો હેતુ શો? નોકરી કરવી તે? ના, જીવનનો હેતુ નોકરી કેવળ ન હોઇ શકે, પણ આ જીવન શા માટે? અને શા માટે જીવવાનું? જો જન્મ એક સત્ય છે તો મૃત્યુ એ બીજુ સત્ય છે. આ બે સત્યો વચ્ચે જીવાતું જીવન એ ત્રીજું સત્ય છે, પણ માણસનો જન્મ શા માટે થાય છે? મૃત્યુ પણ શા માટે? આ જન્મમૃત્યુ વચ્ચે જીવાતું જીવનનું પ્રયોજન શું? માણસો ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે?

'સાહેબ બોલાવે છે.' કહી પટાવાળો આશુતોષ સામું આવી ઊભો.

આશુતોષે તંત્રીની કેબિનમાં પ્રવેશ કર્યો. તંત્રી તેમની ખુરશીમાં નિરાન્તે બેઠા હતા. આશુતોષને જોતા વ્યવસ્થિત થયા.

'કેમ છે?' તંત્રી પૂછી રહ્યા.

'કંઇ કામ હતું?'

'હા,' કહેતાં તંત્રીએ બેલ માર્યો કે પટાવાળો આવી ઊભો.

'એક ચા લાવજે.' તંત્રીએ કહ્યું. અને પટાવાળો ચા લેવા ગયો કે



તુરંત તેમણે કહેવાનું શરૂ કર્યું. 'આપણે થોડો ટાઇમ કામના કલાકો વધારી રહ્યા છે, જેથી તમારી સાથે ચર્ચા કરવી હતી.' કહેતાં તંત્રીએ કોઇ અન્ય અખબારનાં પાન ઉથલાવ્યાં.

તંત્રી પાંત્રીસેક વયના હતા. એકાદ વર્ષથી તેઓ પ્રેસ સંભાળતા હતા. આ પહેલાં તેમના પિતા તંત્રીના સ્થાને હતા. પરન્તુ હાર્ટએટેકથી તેમનું મૃત્યુ થયું ત્યારથી તેમનું સ્થાન ગૌતમભાઇએ લીધું હતું. આશુતોષ કશું બોલ્યો નહીં. તંત્રીની સામું જોઇ રહ્યો. મને પૂછવાની શી જરૂર હતી? શું મારા અભિપ્રાયનું અહીં મૂલ્ય છે? હોઇ શકે? અંતે તો નિર્ણય તંત્રી કરે છે અને તે પણ મનસ્વી પણે, તેમ છતાં મારી સાથે ચર્ચા? આ ચર્ચા વ્યર્થ છે. નિરર્થક છે. તેમ છતાં મારે ચર્ચા કરવાની? હું શા માટે આ બધું કરું? હું ના ન કહી શકું?

પટાવાળો ચાનો કપ મૂકી ગયો.

'ચાલો...' તંત્રીએ કહ્યું.

આશુતોષે ચા નો ઘુંટડો ભર્યો.

'શું માનવું છે તમારું આ વિશે!' તંત્રીએ આશુતોષનો અભિપ્રાય જાણવા સવાલ કર્યો.

'શું મારા માનવા ના માનવાથી તમારા નિર્ણયમાં ફર્ક પડી શકે એમ છે? અને મને શા માટે પૂછવાનો આગ્રહ રાખો છો?' આશુતોષે મૂંઝવણ વ્યક્ત કરી.

'કેમકે એડિટર છો તમે. અને તમારી સાથે ચર્ચા કરવી જરૂરી સમજું છું. કેમ કે મને વિશ્વાસ છે. જો તમે કોઇ વિરોધ કર્યા વગર મને સમજશો તો આપણા બંન્નેના હિતમાં રહેશે એવું મારું માનવું છે.'

'મને કોઇ વિરોધ નથી, જો મારા વધુ રોકાવાથી પ્રેસને ફાયદો થતો હોય તો, પણ બીજા વિશે હું તમને કેવી રીતે ખાત્રી આપી શકવાનો હતો?'

'આશુતોષભાઇ, મને બીજાની વાતમાં કોઇ રસ નથી. ફક્ત હું તમારી વાત જાણવા આતુર છું, કેમકે એક વખત તમને ગુમાવ્યા પછી હવે બીજી

વખત હું એ ભૂલ કરવા નથી માગતો.'

આશુતોષ સાંભળી રહ્યો હતો, તંત્રી કહી રહ્યા હતા.

'બે ત્રણ કલાક વધારે ફાળવવાથી કંઇ પત્રકારો પર આભ નથી તૂટી પડવાનું.' કહેતાં ઉમેર્યું– 'બોલો...'

'મેં કહ્યું તેમ, મારે કશો જ વિરોધ નથી. અને બે ત્રણ કલાક વધુ ફાળવવા કે નહીં ફાળવવાથી મને નથી લાગતું કે મારા જીવનમાં કોઇ ફર્ક પડશે...પણ અન્યની જવાબદારી હું લઇ ના શકું.'

'એ જવાબદારી મારી.' કહેતાં તંત્રીએ ઉમેર્યું – 'હવે તમારે જવાબદારી લેતાં શીખી લેવું જોઇએ. થોડા સમય પછી તમે નિવાસી તંત્રી થશો' કહેતાં તંત્રીએ ચશ્માના ગ્લાસમાંથી આશુતોષ પર દ્રષ્ટિ સ્થિર કરી, પણ નિવાસી તંત્રી જેવો શબ્દ સાંભળ્યા પછી ય આશુતોષના ચહેરા પર કોઇ ફર્ક નોંધાયો નહીં, તેથી તંત્રીએ આશ્ચર્યપૂર્વક પૂછ્યું –

'તમારે થવું છે ને નિવાસી તંત્રી?'

'હું કશું સ્પષ્ટ કહી શકતો નથી.'

'કેમ?'

'મને આ ક્ષણે એટલું જ સ્પષ્ટ સમજાઇ રહ્યું છે કે હું જવાબદારી ઉઠાવી શકીશ કે કેમ?'

'શરૂઆતમાં થોડી તકલિફ રહેશે, પણ પછી ટેવાઇ જશો.' કહેતાં ઉમેર્યું – 'લોકો આખી જિંદગી પત્રકાર તરીકે જ રીટાયર્ડ થતા હોય છે. જેની તમને જાણ હશે.'

અને બીજા જ દિવસે પત્રકારો પર નોટિસ આવી. સૌ એકદમ તો સ્તબ્ધ થઇ ગયા. ખુરશીમાં અવકાશ થઇ રેલાઇ ઊઠ્યાં. આશુતોષ સામું પ્રશ્નાર્થ થઇ તાકી રહ્યાં. આશુતોષનું ધ્યાન લખવામાં હતું. તે કોઇ આર્ટિકલ તૈયાર કરી રહ્યો હતો.

'આશુતોષ, આ બધું શું છે?' મિ. દેસાઇએ હૈયાવરાળ ઠાલવતા



પૂછ્યું.

'શાની વાત કરે છે દેસાઇ?' લેખમાંથી માથું ઉંચકતાં આશુતોષ બોલ્યો.

'સમય વધારાની વાત.' મિ.પટેલે સૂર પૂરાવ્યો.

'તમે બધાએ નોટિસ વાંચી નહીં?'

'વાંચી એટલે તો કહીએ છીએ,'મિ. ત્રિમૂર્તિએ પણ ટેકો આપ્યો.

'તો આ હકીકત છે. એમાં ગુસ્સે થવાની વાત ક્યાં છે દેસાઇ?'

'ગુસ્સો ના કરું તો શું કરું?' મિ. દેસાઇ.

'વધારાના બે કલાક શા માટે ફાળવવાના?' મિ. પટેલ.

'તંત્રીનું કહેવું છે કે, આપણા બે કલાક વધુ ફાળવવાથી પ્રેસનું હિત થાય તેમ છે.'

'થયું હિત.' મિ. ત્રિમૂર્તિ હસી ઊઠ્યા.

'અમને કશું પૂછવામાં આવતું નથી અને અમારા કલાકો વધારી દીધા. આ તો અન્યાય છે.' મિ. દેસાઇ આક્રોશ ઠાલવી રહ્યા.

મિ. દેસાઇ પોતાને પૂછવામાં આવે એવી અપેક્ષા શા માટે રાખે છે? આપણને અહીં કશું જ પૂછવામાં આવતું નથી. અને શા માટે કોઇ પૂછે? પ્રેસ તો દૂર, જન્મ માટે પણ ભગવાને આપણને પૂછ્યું? પૂછ્યું કે ક્યાં જન્મ જોઇએ છે? અરે, જન્મ જોઇએ છે કે કેમ એ વિશે પૂછ્યું? પૂછ્યું કે ક્યા માબાપ, કઇ જ્ઞાતિ, ક્યો દેશ જોઇએ છે? તો પછી મિ.દેસાઇ હઠાગ્રહી શું કામ બને છે? હું સ્વીકારું છું કે આ અન્યાય છે. પણ હું એ કેવી રીતે સ્વીકારી લઉં કે ન્યાય મળી જશે. અહીં ન્યાયની અપેક્ષા રાખવી જ વ્યર્થ છે, કેમ કે જન્મ એ જ મોટો અન્યાય નથી? શા માટે આવો અન્યાય કરવામાં આવ્યો? શા માટે? પણ મારા આ સવાલને તકદિર જ ક્યાં છે? કોની સામે પ્રશ્નો લઇ લડવા જઇશ હું? અને કેટલા પ્રશ્નોનો ભાર હું ઊંચકી શકીશ? આ જીવન જ એક વિકટ પ્રશ્ન છે ત્યાં. આ દેશના સમર્થ ઋષિઓ, મહર્ષિઓ અને તપસ્વીઓની વાતો પણ મારા

અસંતર્પક મનનું કેમ સમાધાન નથી કરતી? શું તેમની વાતો પણ બધી બકવાસ હતી? કે પછી આ પૃથ્વી પર મને એકલાને જ એવો શાપ મળેલો છે કે મારા મનનું ક્યારેય સમાધાન જ ન થઇ શકે? પણ આ શાપ પણ મને આપે કોણ? અને શા માટે આપે?

'અહીં કશું જ શક્ય નથી.' વિચારો ખંખેરતાં આશુતોષે કહ્યું.

'આપણે તંત્રી પાસે ન્યાય માંગીશું.' મિ. ત્રિમૂર્તિએ જણાવ્યું.

'મેં કહ્યું તેમ, કશું જ શક્ય નથી.'

'કેમ?' મિ. પટેલ પૂછી રહ્યા.

'પત્રકાર તરીકે તમારું કોઇ જ મહત્ત્વ તંત્રી પાસે નથી. તમે જો તેમની વિરુદ્ધ જશો તો એક વાત નક્કી છે કે તમે ઘરે જશો. નવા પત્રકારો આવશે, તંત્રીને કશો જ ફર્ક ક્યાં પડવાનો હતો? ફર્ક તમને પડશે, તમે નોકરી ગૂમાવશો.' આશુતોષે સ્પષ્ટતા કરી.

તંત્રી વિભાગમાં આવી ઊભેલો સન્નાટો.

પત્રકારોના ચહેરા પર ઊગેલો વિષાદ–

ફૂંકાતા પવનમાં ગુંગળામણની ભળતી ક્ષણો–

પગ લમ્બાવી વિસ્તરતી જતી શૂન્યતા–

'તમારે વિરોધ ના કરવો હોય તો ના કરજો, હું આ બધું સહન નહીં કરી શકું,' શૂન્યતાને ચીરતા મિ. દેસાઇએ કહ્યું.

'દેસાઇ, તું ખોટી માથાકુટ કરે છે.' કહેતાં ઉમેર્યું – 'તારે નોકરીની જરૂર છે ને?'

'આવી રીતે નોકરીઓ થતી હશે?'

'કેમ ખોટું શું છે?'

'ગુલામ કરતાં પણ–'

'તો તને કોણે કહી દીધું કે આપણને સ્વતંત્રતા મળી ગઇ? આપણી કોઇ સ્વતંત્રતા નથી. હાથ હોવા છતાં આપણા હાથની અહીં કોઇ વાત નથી.



તું તારું કામ કર, કામ સાથે મતલબ રાખ, ખોટા પ્રશ્નોમાં પડીશ નહીં. કોઇ પ્રશ્નોના સાચા જવાબો છે જ  નહીં.'

મિ.દેસાઇએ આશુતોષની કોઇ વાતને સ્વીકારી નહીં. અને તંત્રી વિભાગમાં જઇ પોતાનો વિરોધ દર્શાવ્યો.–

'સર, હું બે કલાક વધુ નહીં ફાળવી શકું.'

'કેમ કોઇ કારણ છે?' તંત્રીએ પૂછ્યું.

'અમારે ઘરે વહેલું પહોંચવાનું હોય.'

'ઘરે પહોંચવાની ઉતાવળ મને પણ હોય જ છે.'

'તમે અમને એ માટે પગારમાં વધારો નહીં આપો.' મિ.દેસાઇએ વાત બદલતાં કહ્યું.

'એ શક્ય જ નથી.'

'તમે જે વળતર આપો છો તેના બદલે અમે કામ તેનાથી પણ વધુ આપીએ છીએ.'

'સારું, હું વિચારીને જણાવું છું.' તંત્રીએ કહ્યું, તેથી મિ.દેસાઇ હસતા ચહેરે તંત્રી વિભાગમાં આવ્યા. એમને જોઇને સૌને આશ્ચર્ય થયું. આશુતોષ પાન ચાવી રહ્યો હતો.

## પ્રકરણ : ૪

'આ બધું ક્યાં સુધી આપણે સહન કર્યા કરીશું?' મિ. દેસાઇના શબ્દોમાં તીવ્ર આક્રોશ હતો, કેમકે થોડા સમય પહેલાં જ પટાવાળો તેમને તંત્રીની એક નોટિસ આપી ગયો. જેમાં લખ્યું હતું – 'મિ.દેસાઇ આવતીકાલથી તમારે અહીં સેવા આપવાની રહેતી નથી. કમ્પની આ માટે તમારી ખૂબ જ આભારી છે, રહેશે.મહેતાજી પાસેથી હિસાબ લેવાનું ચૂકશો નહીં. આભાર.'

'તને કહું છું આશુતોષ...'ભારપૂર્વક મિ.દેસાઇ બોલ્યા.

'શું કહ્યું?' કાગળિયાઓમાંથી માથું ઉંચકતા આશુતોષે પૂછ્યું. ઊભા થઇ બારીમાંથી પાનની પિચકારી મારી.

'ક્યાં સુધી બધું સહન કરવાનું?' મિ.દેસાઇએ કંટાળાપૂર્વક વાત રજૂ કરી.

આશુતોષ કંઇ બોલે તે પહેલા જ મિ.ત્રિમૂર્તિએ હસતાં જણાવ્યું.

'હવે, તારે ક્યાં કશું સહન કરવાનું છે?'

'આપણી સલામતિનું શું?' મિ.દેસાઇ પૂછી રહ્યા.

'સલામતિ? અહીં તો કોઇની સલામતિ નથી, દેસાઇ.' આશુતોષે મોં ખોલ્યું.

'તો એ માટે આપણે આંદોલન કરવું જોઇએ. મને લાગે છે ત્યારે જ બધા સીધા થશે.' મિ.દેસાઇ કહી રહ્યા.



'પણ તેથી શું થવાનું હતું?'

'શેઠિયાઓની શાન તો ઠેકાણે આવશે?'

'શું આ શક્ય છે?'

'હા.'

'તો પછી તારે આંદોલન કરવું જોઇએ.' આશુતોષ મિ.દેસાઇને કહી રહ્યો.

'તું અમારી સાથે નહીં જોડાય?'

'આંદોલનમાં?'

'હા, આન્દોલનમાં.'

'ના, નહીં જોડાઉં.'

'કેમ?'

'તને વિશ્વાસ છે કે આન્દોલનથી સલામતિ પ્રાપ્તે?'

'તો શું કરવાથી પ્રાપ્તે?'મિ. દેસાઇ ભારપૂર્વક બોલ્યા.

'મને ખબર નથી.' આશુતોષના જવાબથી સ્ટાફમાં હાસ્યનાં પતંગિયા ફૂટી નીકળ્યાં.

'ગાંધીજીએ આન્દોલન નહોતું કર્યું?' મિ.દેસાઇ પ્રુફ સાથે બોલ્યા.

'મેં ક્યારે ના પાડી?' આશુતોષે સ્પષ્ટતા કરી.

'તો પછી–'

'હું ગાંધી નથી.'

'તો બન...'મિ.દેસાઇના શબ્દોમાં રોષ સળગતો હતો.

'શું કામ? સલામતિ માટે?'

'હા, સલામતિ માટે.'

'ગાંધીની પણ ક્યાં સલામતિ હતી દેસાઇ?' આશુતોષે નિશ્ચિતતાના ભાવ સાથે કહ્યું. હકીકત તો એ છે કે સલામતિનો કોઇ પ્રશ્ન જ ઊભો ના કરવો જોઇએ, કેમકે અહીં સલામત કશું જણાતું નથી. ત્યાં સલામતિ ક્યાં

શોધવા જવી? અહીં અસ્તિત્વની જ કોઇ સ્લામતિ નથી ત્યાં સામાન્ય નોકરીની સલામતિની વાતો કરવી એ મુગ્ધતા સિવાય બીજું શું હોઇ શકે? કોઇ કેમ કશું સમજતા નથી! શા માટે ખોટી જીદો કરે છે? કાળના લાંબા હાથથી કોણ બચી શક્યું છે? કોણ બચી શકવાનું છે? તો પછી આ લોકો જીવનને માણવાનું છોડી સામાન્ય પ્રશ્નોમાં કેમ ગૂંચવાયા કરે છે?

'સોરી. આશુતોષ.' મિ.દેસાઇએ રોષ બદલ માફી માગી.

'હું તને દોષિત નથી જોતો, તું દોષિત હોઇ જ કેવી રીતે શકે?' આશુતોષ કહી રહ્યો.

'નહિ, હું જ દોષિત છું.'

આશુતોષ હસ્યો. પછી બોલ્યો – 'આમ જુઓ તો કોઇ દોષિત નથી. છતાં આપણે બધા જ દોષિત છીએ.'

'અહીં, આવવા જેવું હતું જ નહીં. આશુતોષ' મિ.પટેલે ક્રાઇમ સમાચાર લખતા સૂર પૂર્યો.

'ખરેખર, આપણે અહીં ખોટા આવી ગયા.' લેખ વિભાગ સંભાળતા મિ. ત્રિમૂર્તિએ ક્હ્યું.

આશુતોષના ચહેરા પર હાસ્ય શમ્યું નહોતું. તેણે મિત્રોની વાત સાંભળતાં જણાવ્યું.

'મિત્રો, આપણે અહિ આવી પડ્યા છે, આપણે આપણી મરજીથી અહીં આવ્યા જ નથી. શા માટે આપણે અહીં આવ્યા?'

'તો અહીંથી પાછું જઇ શકાયને?' મિ. ત્રિમૂર્તિએ પૂછ્યું.

'અહીં એક વખત આવી ગયા પછી આપણે ક્યાંય પણ જઇ શકવા લાચાર છીએ. અને આ જ આપણા જીવનની કરુણતા છે મિત્રો. આપણી ઇચ્છા અનિચ્છાનું અહીં કશું જ મહત્ત્વ નથી.'

'સાલા, શેઠિયાઓ આપણી પાસે લખાણ લે છે. આ કોન્ટ્રાક્ટ પદ્ધતિ જ નકામી છે.' મિ. પટેલ બબડ્યા.



'તું હવે સ્વતંત્ર છે દેસાઇ.' મિ.ત્રિમૂર્તિએ કહ્યું.

'હા.'

'તારો આ ભ્રમ છે.' આશુતોષ બોલ્યો.

'ભ્રમ છે?'

'હા' કહેતાં ઉમેર્યું – 'ભ્રમ પણ એક ભ્રમ છે.'

'તો સત્ય શું?'

'આ પળે હું પાન ખાઇ રહ્યો છું. તેના સિવાય બીજું કયું સત્ય હોઇ શકે?'

'પાન ખાઇ ખાઇને તું વહેલો મરીશ આશુતોષ' કહેતાં મિ.દેસાઇએ ઉમેરતાં કહ્યું – 'પાન ખાવાનું બંધ કરી દે, વધારે જીવીશ.' કહી લાંબુ બગાસું ખાધું.

'દેસાઇ, તું ભ્રમમાં જીવે, હું નહીં.' કહેતાં આશુતોષે કહ્યું – 'તારો એ ભ્રમ છે કે આપણે જીવી રહ્યા છીએ.'

'શું કહ્યું? આપણે જીવતા નથી?'

'ના.'

'તો શું મડદાં છીએ?'

'હા.' કહેતાં આશુતોષે ઊંડો શ્વાસ ભર્યો. પછી બોલ્યો – 'હરતાં ફરતાં શ્વાસ ભરતાં મડદાં છીએ આપણે.'

'આશુતોષ, મને લાગે છે કે તું પાગલ થઇ ગયો છે. તારે ટ્રીટમેન્ટ કરાવવી જોઇએ.' કહેતાં મિ.દેસાઇ હસ્યા. મિ.પટેલ, અને મિ. ત્રિમૂર્તિ પણ પોતાનું હાસ્ય રોકી શક્યા નહીં.

'હું એકલો પાગલ નથી.' કહેતાં આસુતોષે ઉમેર્યું – 'દેસાઇ તું પણ પાગલ છે. ત્રિમૂર્તિ અને આ પટેલ પણ પાગલ છે.' સ્હેજ વાર પછી કહ્યું: 'આપણે બધા જ પાગલ છીએ.'

'પ્રુફ ઇટ.' મિ. દેસાઇ બોલ્યા.

'આનાથી વધારે મોટું ક્યું પ્રુફ હોઇ શકે?' કહેતાં આશુતોષ હસી રહ્યો. તેની વાત કોઇને સમજાઇ નહીં તેથી મિ.ત્રિમૂર્તિએ ક્હયું :

'સમજાય અમને, તારી વાત.'

'કેમ?'

'અમને સમજાતી નથી.'

'મને પણ ક્યાં સમજાય છે?' કહેતાં આશુતોષ હસ્યો.

ચૂપકીદી નીતરતી વીતતી પળો–

બારીમાંથી પ્રવેશતો ગોળમટાં ખાતો પવન–

હવામાં ઓગળતાં અસ્તિત્વનાં પગલાં–

'મિત્રો, જો તમારી પાસે સમય હોય તો રાત્રે આપણે ઝૂલતા મિનારાએ મળીએ. ત્યાં બેસીને કંઇ વિચારીશું. નક્કી કરીશું. કંઇ એકાદ પ્રેસ કલબની સ્થાપના કરીશું, આપણા હકો માટે લડત લડીશું. જરૂર પડ્યે સત્યાગ્રહ પણ કરીશું.' મિ.દેસાઇએ મૌન તોડ્યું. અન્ય પત્રકાર મિત્રોને તે સમ્મત કરી રહ્યા. તેથી સમ્મતિ આપતા મિ. ત્રિમૂર્તિ બોલ્યા.

'હા,હા, ચોક્કસ.'

'જરૂર મળીએ.' મિ.પટેલ.

'સત્યાગ્રહ કરશો?' સત્યાગ્રહ કરવાથી તમને તમારા હકો મળી જશે? આશુતોષે પૂછ્યું.

'સત્યાગ્રહ સિવાય બીજો કોઇ શ્રેષ્ઠ માર્ગ નથી. આ જ માર્ગે આપણને આઝાદી મળી હતી.' મિ.દેસાઇએ કહ્યું.

'આઝાદી? ક્યાં છે આઝાદી?' આશુતોષ પૂછી રહ્યો. દેસાઇ કશું કહી શક્યા નહીં. તેમના ચહેરા પર અણધારી ચૂપકીદી ઉડી આવી.

'સત્યાગ્રહની તાકાત તું જાણે છે?' મિ.દેસાઇ.

'જાણું છું.'

'કેવી હોય?'



'એ માટે તું સ્ત્યાગ્રહ કરી જોજે.'

'કેમ તેં સત્યાગ્રહ કર્યો હતો?'

'હા.' આશુતોષે કહ્યું કે સ્ટાફમિત્રો હસી પડ્યા.

'શું કામ દરેક વાતે મજાક કરે છે?' મિ. દેસાઇએ અણગમો વ્યક્ત કર્યો.

આશુતોષ પાન ચાવી રહ્યો.

તંત્રી વિભાગ બીજા માળે હતો. પ્રથમ માળે કોમ્પ્યુટર વિભાગ અને જાહેરાત વિભાગ હતો. તંત્રીની કેબીન પણ પ્રથમ માળે હતી, તેથી તંત્રી વિભાગમાં ક્યા સમયે શું ચાલતું એ કહી શકાય નહીં. તંત્રી ભાગ્યે જ તંત્રી વિભાગમાં આવતા. આ સમયે તંત્રી વિભાગમાં સંવાદ ફરફરતા હતા.

'અમને તો કહે તારો અનુભવ.' મિ.પટેલ કહી રહ્યા.

પાનની પિચકારી માર્યા પછી આશુતોષે કહ્યું, સાંભળો–

'આણંદ જિલ્લાના રામનગરમાં રહેતા ઉમેદભાઇ પટેલ એન. એસ. એસ. કન્વીનરનો પત્ર મારા પર આવ્યો હતો. મને ફરજિયાત મળવા જણાવ્યું હતું; મળ્યો ત્યારે તેમણે એક શિબિરની વાત કરી. શિબિરમાં મારે જોડાવું નહોતું. પણ પછી જોડાઇ ગયો.' તેમણે કાર્યક્રમની રૂપરેખા નક્કી કરી મને કહેલું, પાંચ દિવસનું આયોજન છે. આ પાંચ દિવસ દરમિયાન લોક સહકાર મેળવી રક્તદાન, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ, મોતિયાના મફત ઓપરેશન, પશુ ચિકિત્સા કેમ્પ, ચશ્મા શિબિર જેવા મહ્ત્વના કામો કરીશું. અને ગામડાનો છેલ્લો માણસ પણ આ લાભથી વંચિત ન રહે તેનું પૂરતું ધ્યાન આપીશું. આ સિવાય અનેક નાના મોટા કાર્યક્રમો સમયાંતરે કરીશું. આ માટે ગુજરાતની જુદી જુદી શાળા કોલેજોમાંથી સોએક છોકરા આવ્યા છે. આ બધી જ જવાબદારી તારી અને તારા સર્વોદય સંગઠનની રહેશે. ફક્ત હું માર્ગદર્શન કરીશ.

અને બીજા જ દિવસથી કાર્યક્રમ શરૂ થયા. વહેલી સવારે સૌ વિદ્યાર્થીઓ

ફેરી ફરતા. ભજનોથી શેરીઓ ગુંજી ઊઠતી. વાતાવરણમાં ભક્તિના કિરણો ફૂટી નીકળતાં. અને સાથે સાથે ગ્રામ સફાઇ પણ થતી. બપોરના ત્રણેક કલાક વિરામ; રાતના શેરી નાટકો થતાં. આયોજન પ્રમાણે કાર્યક્રમો થઇ રહ્યા હતા. પ્રતિસાદ પણ સારો મળતો થયો હતો.

એક દિવસ વહેલી પ્રભાતે પ્રભાતફેરી ફરતા હતા. એક નગરીમાં અમે જઇ ચઢેલા. ઢોલ અને મંજીરાના નાદ હવામાં ગુંજી રહ્યાં હતાં. અન્ધારું કૂતરાની જેમ હજી તો પગ લમ્બાવલીને નગરને એની દાઢમાં દબાવી બેઠું હતું. એકાએક અંકલના પગ જમીન સાથે ચોંટી ગયા. હું ઊભો રહી ગયો. વિદ્યાર્થીઓ પણ જ્યાં ના ત્યાં અટકી પડ્યા. ઠંડીનો વરસાદ વરસતો હતો. તેથી કોઇક બોલ્યું પણ  ખરું, બધા બરફ થઇ ગયા. અને અંકલે તેમની પાસે બોલાવી એક ખૂણામાં પડેલી દારૂની પોટલીઓ અમને બતાવી. અને સવાર થતાં જ નગરીના લોકોને ભેગા કર્યા. આ વિશે વાત કરી. જુદા જુદા અભિપ્રાય મળ્યા. અધિકારીઓ કશું કરતા નથી તેવો મુખ્ય સૂર હતો. તેથી અંકલે દારૂબંધી માટે સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું. તેમણે શિબિરના નેતાઓ સાથે વાત કરી. હું હાજર નહોતો. અગાશીમાં ઝૂલો હતો, તેમાં હું ઝુલતો હતો. મને સંગઠનના ઉપપ્રમુખ વિજય ચાવડાએ આ વાત કરી. પણ મેં બહુ ખાસ ધ્યાન આપ્યું નહીં. તેથી તે ચાલ્યો ગયો અને હું કૂણો તડકો પીતો રહ્યો.



## પ્રકરણ : ૫

બીજા દિવસે સત્યાગ્રહમાં બેસવાનું નક્કી થયું. રાત્રે સૂતી વખતે વિજયે મને પૂછ્યું – 'આપણે સફળ થઇશું ને?'

'કેમ તને ડર લાગે છે?'

'ના ડર નથી, પણ આ અનુભવ મારા જીવનનો પહેલો જ છે તેથી.' કહેતાં તેણે કહ્યું. 'તું જોડાઇશને સત્યાગ્રહમાં?' વિજયના સવાલનો જવાબ મારી પાસે હતો નહીં, કેમ કે પહેલી વસ્તુ એકે સત્યાગ્રહ માટે હું જવાબદાર હતો નહીં. અને બીજું કે સત્યાગ્રહમાં હું જોડાઉ તો શા માટે? અને ના જોડાઉ તો પણ શું કામ? મારી પાસે હા પાડવા કે ના પાડવા માટે કોઇ કારણ નહોતા તેમ છતાં હું કોઇ નિર્ણય લઇ શકતો નહોતો. મારી ચૂપકીદી પારખી લઇ વિજયે જણાવ્યું.

'તું સંગઠનનો પ્રમુખ છે એ વાત ભૂલીશ નહીં. જો તું જ સત્યાગ્રહમાં નહીં જોડાય તો સંગઠનની તાકાત ભાગી જશે, સંગઠન વેર વિખેર થઇ જશે.' વિજયની વાત મને વિચારતાં સાચી લાગી પણ મને એવી કશી સમજ પડતી નહોતી. પ્રમુખ હોવાથી  સત્યાગ્રહમાં બેસવું એ આવશ્યક નહોતું. અને જે વેર-વિખેર થઇ  જાય એ સંગઠન જ કેમ કહેવાય? અને મારે ઇચ્છાની ઉપર વટ જઇ શા માટે કોઇ કામ કરવા જોઇએ? બીજા સભ્યોની મારે શા માટે ચિન્તા કરવી જોઇએ?

'કેમ ચૂપ છું?' વિજય પૂછી રહ્યો.

શું હું ચૂપ થઇ ગયો હતો? મારી ચેતના શાન્ત પડી ગઇ હતી? ના, મારી ચેતનાને અનુકૂળ હતું એકાન્ત. તે એકાન્ત શોધતી હતી, કેમ કે એને કદાચ જાણ થઇ ગઇ હતી કે પરિસ્થિતિને બદલી શકાય, સ્થિતિને ક્યારેય નહીં. અને તે લાખ પ્રયત્નો કરવા છતાં કશું જ બદલી શકે તેમ નહોતી. કશું જ બદલી શકાય તેમ નહોતું.

'વિજય! તું એમ માને છે કે સત્યાગ્રહ કરવાથી દારૂબંધી આવી જશે?'

'હા, ચોક્કસ.'

'તને વિશ્વાસ છે?'

'તું જો જે તો ખરો, સત્યાગ્રહની તાકાત જ અનોખી હોય છે દોસ્ત.'

'આપણે ક્યારે જોઇશું?'

'કેમ?'

'બે દિવસ પછી તો ચાલ્યા જઇશું. પછી તું અહીં પાછો આવીશ? પાછો આવી શકીશ ખરો?'

'હું પાછો આવું કે ના આવું શો ફર્ક પડે? નગરીના લોકોના આશીર્વાદ તો મળશે.'

'આશુતોષ અનુત્તર રહ્યો.

'કેમ ચૂપ થઇ ગયો?''

'તું બોલ, હું તારી વાત સાંભળું છું. પણ મને શું બોલવું જોઇએ તેની ક્યારેક સમજ પડતી નથી.'

'કેમ?'

'કેમ કે મને સત્યાગ્રહની બાબતમાં કશું સમજાતું નથી.'

'એમાં સમજવાનું શું? આપણા સ્વાતંત્ર્યવીરો સત્યાગ્રહ દ્વારા નહોતા લડતા?'

'પણ મને એમ થાય છે કે જે લોકોને હું ઓળખતો નથી, જેમની સાથે



કદી રહ્યો નથી. તેમના માટે સામે ચાલીને આફત શામાટે ઊભી કરું? આવું બધું શા માટે મારે કરવું? આનાથી મારા જીવનને શું?'

'તું કહેવા શું માંગે છે?'

'કશું જ નહીં.'

'તું કંઇક છુપાવે છે મારાથી?'

'ના.'

'તો મને એમ લાગ્યું.'

'મને ઊંઘ આવે છે.'

'મને પણ ઊંઘ આવે છે, પણ એ તો કહી દે. સવારમાં સત્યાગ્રહ માટે સંગઠમાંથી કોની પસન્દગી કરીશું?'

મને તો એ જ નથી સમજાતું કે અહીં પસંદગીને કોઇ અવકાશ છે. પસન્દગી જેવું અહીં કશું છે જ નહીં. અને જે છે તે એક ભ્રામક ખ્વાબથી સવિશેષ કશું જ નથી, કેમ કે જન્મ પણ નથી પસન્દગીનો મળતો કે નથી મળતું મૃત્યું! અને બીજા લોકોને હું પસન્દ કરું! કરી શકું! તો પછી તેમની સ્વતંત્રતાનું શું? એમની ઇચ્છા વિરુદ્ધ હું શા માટે કોઇને પસન્દ કરવાનો ડોળ કરું?

'એ લોકોને આપણે પસન્દ કરીશું?'

'કેમ કે આપણે પ્રમુખ ઉપપ્રમુખ છીએ.'

'આપણે કશું જ નથી.'

'તું પલાયન વૃત્તિ અપનાવી રહ્યો છે.'

'કેવી પલાયનવૃત્તિ?'

'ભાગી તો નહીં જાયને?'

'અત્યારે તો ઊંઘી જઇશ.'

'અને સવારે?'

'સવારે ચા પીશ.'

'પછી?'

'પાન ખાઈશ.'

'મને ખૂબ જ ઊંઘ આવે છે.' કહેતાં વિજયે આંખોમાં અન્ધકાર, ભરવાનો પ્રયત્ન કર્યો.

'પછી?' આશુતોષ કહેતાં અટક્યો એટલે મિ.પટેલે સવાલ કર્યો કે આશુતોષે હસતા કહ્યું. — 'પાન પુરું થઇ ગયું.'

'શું?' મિ.દેસાઇ ચોંક્યા.

'પાન ખવાઇ ગયું.' આશુતોષે મોં ખોલ્યું.

'ચા પીશું?' મિ. ત્રિમૂર્તિએ પૂછ્યું.

'પી કાઢીએ.' મિ.પટેલે કહ્યું.

'આશુતોષ—'

'હું પણ પીશ.'

ત્રણ બૂમો પાડી ત્યારે કીટલીવાળાએ સામું જોયું. તેથી મિ.પટેલે બબડતાં કહ્યું.

'આપણા કમનસિબ કે ઝૂલતા મિનારા ઢળી ગયા.'

મિ.ત્રિમૂર્તિ હસી રહ્યા હતા.

થોડી જ વારમાં ચા આવી.

ચા પીધા પછી મિ.દેસાઈએ કહ્યું :

'હવે આગળ ચલાય...'

'શું આગળ ચલાવું?' આશુતોષે પૂછ્યું.

'સત્યાગ્રહની વાત...' મિ.ત્રિમૂર્તિએ સ્પષ્ટતા કરી.

'એ તો ક્યારનીય પૂરી થઇ ગઇ.'

'મેં તો સાંભળી નથી? ક્યારે પૂરી કરી?' મિ.ત્રિમૂર્તિ તમે સાંભળી? મિ.દેસાઇ પૂછી રહ્યા.

'ના.' મિ.ત્રિમૂર્તિ.

'તો તેં વાત ક્યારે પૂરી કરી?'



'ચા પીતાં પહેલા.'

'પણ તે તો અધૂરી છે.'

'તો અહીં પૂર્ણ શું છે?'

'ચલને દોસ્ત સંભળાવ, અમને રસ પડ્યો છે.' મિ.પટેલ કહી રહ્યા.

'લાગે છે આશુતોષ માન માગે છે.'

આશુતોષ કંઇ બોલ્યો નહીં.

'બોલને?' મિ.ત્રિમૂર્તિ.

'ઇચ્છા નથી.' મિ.દેસાઇએ આંખો ઝીણી કરી.

'વળી એકાએક તારી ઇચ્છાને શું થયું?' મિ.પટેલે પૂછ્યું.

'શી ખબર...' હસતાં આશુતોષે કહ્યું.

'કહી દેને યાર? આવતીકાલથી હું નથી.' મિ.દેસાઇ કાકલૂદી કરવા લાગ્યા.

'હું લેખ લખીશ, તું વાંચી લેજે દેસાઇ.' મિ. ત્રિમૂર્તિએ આશ્વાસન આપ્યું.

'લખ્યો હવે તેં લેખ.'

'કેમ?'

'વાક્ય રચનાઓના તો ઠેકાણા નથી હોતા.'

'તો તારા પ્રુફમાં ક્યાં ભલેવાર હોય છે?' અનુશ્વારમાં તો સમજ નથી પડતી.

'તારે શું? તું તારું કામ કરને?' ઝઘડો ઊગ્ર થતો હતો.

'તે કરીશ જ ને...'

'શાન્ત થાઓ બન્ને.' મિ.પટેલથી સહન થયું નહીં. અને વચ્ચે પડી બન્નેને શાન્ત પાડવાના પ્રયત્નમાં ગૂંથાયા. તો બીજી તરફ આશુતોષ મનોમન હસી રહ્યો હતો. એનું હસવાનું કારણ મિત્રો વચ્ચે ઊભી થયેલી અસંવાદિતા નહીં પણ બન્નેની મુગ્ધતા હતી. અને જ્યાં મુગ્ધતા હોય છે ત્યાં એ કાંતો

ગમ્ભીર બની જાય છે, અથવા મનોમન એને હસી કાઢે છે. આ એનો સ્વભાવ હતો કદાચ.

તંત્રી વિભાગે શાન્તિ પ્હેરી લીધી હતી.

શાન્તિના પગલામાંથી કકળતી હવા ઉઠતી હતી.

ટેલિફોનની રીંગથી શાન્તિ ચિરાઇ ગઇ. રિસીવર હાથમાં ઉંચકતા આશુતોષે 'તંત્રી વિભાગ' જવાબ પાઠવ્યો. સામેથી મિ.ત્રિમૂર્તિની અપેક્ષા હોવાથી આશુતોષે મિ.ત્રિમૂર્તિના હાથમાં રિસીવર પકડાવતાં 'તમારા મિસિસ છે.' તેમ કહ્યું, તેથી ખુદ મિ.ત્રિમૂર્તિને આશ્ચર્ય થયું.

મિ.દેસાઇના ચહેરા પર રોષ તરવરતો હતો. તેની સામું તીણી નજર કરી લેતા મિ.ત્રિમૂર્તિ ટેલિફોનમાં ખોવાઇ ગયા.

વાત પુરી કરી મિ.ત્રિમૂર્તિએ આશુતોષ સામે જોતા કહ્યું.

'મારે ઘરે જવું પડશે. દીકરો પડી ગયો છે, માથામાં વાગ્યું છે.' કહી ત્રિમૂર્તિ તંત્રીની કેબિનમાં પ્રવેશ્યા. વાત કહી.

'મારે ઘરે જવું પડશે.'

'આપણે બધા સાથે જ જઇશું.'

'પણ મારે—'

'પ્લીઝ, નો આર્ગ્યુમેન્ટ...'

'દીકરો મારો પડી ગયો છે.'

'તો હું શું કરું?'

'મારે રજા જોઇએ છે!'

'દોઢ કલાક પછી તમને રજા આપી દેવામાં આવશે.'

'પણ—'

'સંબંધો પછી, કામ પહેલા.'

અને નિરાશ ચહેરે મિ.ત્રિમૂર્તિ તંત્રી વિભાગમાં પ્રવેશ્યા. ખુરશીમાં લોચો થઇને પડ્યા. તેમની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.



'કેમ શું થયું?' મિ.પટેલે પૂછ્યું.

મિ.ત્રિમૂર્તિ બોલી શક્યા નહીં. ડૂસકાં ઓગળતાં રહ્યાં.

'કહો તો ખરા, અમને ખબર પડે, એકાએક શું થઇ ગયું?' મિ.પટેલ પૂછી રહ્યા.

'તંત્રીએ રજા આપવાની ના પાડીને?' મિ.દેસાઇ બોલ્યા.

મિ.ત્રિમૂર્તિએ હકારમાં ડોકું હલાવ્યું.

'પણ તું ઉપર શું કામ આવ્યો?' ઘરે કેમ ના ચાલ્યો ગયો? આશુતોષે પૂછ્યું.

'ના, પાડી તો જઉં કેવી રીતે?' મિ.ત્રિમૂર્તિએ સ્વસ્થતા ધારણ કરવાનો પ્રયત્ન કર્યો.

'તારે જવું છે?'

'હું બાપ છું.'

'તો ચાલ્યો જા.'

'પણ પછીથી.'

'પછી ની ચિંતા તું અત્યારે શું કામ કરી દુઃખી થાય છે? તું અત્યારની ચિંતા કર.' આશુતોષે કહ્યું.

'ડર લાગે છે.'

'તું જેટલો ડરીશ તેટલો તને ડરાવશે. અને હકીકતમાં કશું ડર જેવું નથી હોતું.'

'તો પણ—'

'એ બધું તારા મનમાં પડ્યું છે. મન અને બુદ્ધિ વચ્ચેનો તફાવત સમજવાની કોશિશ કર.'

'તું વાત કરને, તારી વાત માનશે.'મિ.દેસાઇએ કહ્યું.

'મારે તેમની સાથે વાત કરવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે?'

'કેમ?'

'ત્રિમૂર્તિએ વાત તો કરી.'

'પણ તું વાત કરે તો—'

'કેમ અમે બે જુદા છે?'

'એમાં શંકા શી?'

'એ ભ્રમ છે આપણો.'

'અત્યારે તું આ ભ્રમ બ્રમ રહેવા દે. કંઇ રસ્તો કરી આપ.' મિ.દેસાઇ સ્પષ્ટતા કરવા લાગ્યા.

'દેખ ત્રિમૂર્તિ, તારી જગાએ હું હોઉં તો ચાલ્યો જઉં, એક પળનો પણ વિચાર કર્યા વિના.'

'પણ—'

'જે છે તે વિચાર, જે નથી તેના વિશે શું કામ વિચાર વિચાર કરે છે?'

'મને નોકરીની ચિંતા છે.' મિ.ત્રિમૂર્તિએ પ્રાણ પ્રશ્ન રજૂ કર્યો.

'ચિંતા જ તને કોઇ રસ્તો સૂઝાડતી નથી.' કહેતાં આશુતોષે કહ્યું :

'જા હું સંભાળી લઇશ.'

'શ્યોર?'

'શ્યોર.'

મિ.ત્રિમૂર્તિના ચહેરા પર હાસ્ય ઊડી આવ્યું અને પગમાં ગતિ.

'કહેલું વચન પાળજે.' મિ.દેસાઇને આશુતોષના હાસ્યથી શંકા ગઇ. તેથી તેનાથી કહ્યા વિના રહી શકાયું નહીં. આશુતોષ કલમના પાતળા પોઇન્ટની જેમ પાતળું હસી રહ્યો. કેવું વચન? મેં ક્યાં કોઇને વચન આપ્યું છે? મેં તો શબ્દોની રમત રમી છે. મિ.ત્રિમૂર્તિને કે મિ.દેસાઇને એમાં વચન દેખાયું. એમાં મારો દોષ શા માટે એ લોકોને મારી વાતમાં વિશ્વાસ પડ્યો? વિશ્વાસ શબ્દ પણ એક રમતથી અધિક શું છે? અહીં તો શબ્દ પણ એક રમત છે. પ્રાણ જાયે પણ વચન ન જાયે. જેવી રઘુવંશીય કહેવતોમાં, દંતકથાઓમાં મને કોઇ રસ નથી. અને શા માટે રસ રાખવો? મારો જ્યાં મારામાંથી જ રસ ઘટતો



જાય છે...ભરતમુનિએ ગણાવેલા નવરસોમાંના જુગુપ્સા રસ સિવાય હવે મને કશાયમાં કદાચ રસ રહ્યો હોય એમ લાગતું નથી.

આશુતોષની પથ્થર જેવી ખામોશીથી તંત્રી વિભાગમાં આછો ડર ગુંગળાવા લાગ્યો. 'હવે શું થશે?'

## પ્રકરણ : ૬

ઘરના પ્રવેશદ્વારે ઊભી ઊભી આરતી ઓલવાતી હતી. અસંખ્ય ક્ષણો રેડી તે સળગી રહી હતી. આશુતોષના કોઇ અણસાર જણાતા નહોતા. તેના અર્ધજાગૃત મનમાં અસંખ્ય વિચાર રજકણો ચોંટી હતી. જેને ઉખેડી ઉખેડી દૂર દૂર ફેંકતી હતી. હવામાં ઓગળેલી શીતળતા પણ તેના મનને શાતા આપવાને બદલે ઉદ્દિપિત કરી રહી હતી. અને તેનું સમગ્ર અસ્તિત્વ ઓલવાવાની અણી પર ઊભું હતું. ત્યાં જ આશુતોષના પગલા પડ્યા. એને ભેટીને તે ખુબ રડી. આશુતોષ તત્ક્ષણ કંઇ સમજી શક્યો નહીં. તેથી તેનાથી પૂછાઇ ગયું. 'કેમ રડે છે?'

'મોડા કેમ આવ્યા?' આંસુને ખાળતાં આરતીએ પૂછ્યું.

આશુતોષ સડક થઇ ગયો. એક સામાન્ય મોડા આવવાની ઘટનાએ આરતીને દુઃખી દુઃખી કરી મૂકી. મારું મોડું આવવું તેની ચેતના માટે અસહ્ય છે? મને તો ક્યારેય એવું કશું થયું નથી. મારી ચેતના તો તમામ પરિસ્થિતિમાં સ્થિર જ રહેતી હોય છે. તો બીજી તરફ મારી જ પત્ની... આરતી, ઓહ આરતી! તું તારા મનને કેળવ. મને કે મારી નિયતિને તું તારા દુઃખનું કારણ ન બનાવીશ. કેવળ સ્થિર થઇ જીવવાનો પ્રયત્ન કર...

'પોણો કલાક થયો તમને મોડા પડવામાં.' પાણીનો ભરેલો ગ્લાસ આશુતોષના હાથમાં મૂકતાં આરતી સ્પષ્ટાઇ. આશુતોષ એકી શ્વાસે પાણી



ઘટઘટાવી ગયો. પત્નીની કથ્થાઇ સ્નિગ્ધ આંખોમાં તેનો ઘાટો પડછાયો દેખાઇ રહ્યો હતો. એણે ધ્યાનથી જોવાની મથામણ કરી પણ ક્ષણમાં જ કપાઇ ગયો.

'તમે દરરોજ સવાપાંચ વાગ્યાની આસપાસ આવી જાઓ છો.' આશુતોષ પાસે પલંગમાં બેસતાં આરતીએ કહ્યું. એના માથાના વાળ અસ્તવ્યસ્ત થઇ ગયા હતા. તેથી તેના માથે હાથ ફેરવતા આશુતોષે કહ્યું.–

'મને તો આ વાતની ખબર જ નથી.'

'તો શું અકસ્માતે–'

'કદાચ એવું બની શકે.'

'જે હોય તે તમારે સવાપાંચે ઘરે આવી જવાનું.' આરતીએ ફરજ પાડતા જણાવ્યું.

'કદાચ એવું ન પણ બને કેમકે–'

'હું કંઇ ના જાણું!'

'ચા મૂકે તો હું પીશ.' આશુતોષે હસતા કહ્યું.

આરતી રસોડામાં પ્રવેશી. તેનો ઘઉંવર્ણો ચહેરો આંખ સામેથી અદ્રશ્ય થઇ ગયો. તેથી તેણે પલંગમાં લંબાવ્યું. બારી પર લગાવેલો ગુલાબી પડદો હટાવ્યો. ઘરમાં મોટાભાગની વસ્તુઓના કલર ગુલાબી હતા. તેના લગ્ન પછીની ખરીદી ગુલાબી ગુલાબી હતી. આશુતોષ આરતીને માર્કેટમાં લઇ ગયો ત્યારે તેણે કહેલું :

'આપણે ગુલાબી કલરની જ વસ્તુઓ પસન્દ કરવાની.'

'ફક્ત ગુલાબી કલર? એવો અત્યાચાર શા માટે? આશુતોષે આરતીને સવાલ કર્યો. જેના જવાબમાં તેણે જણાવ્યું :

'મને ગુલાબી કલર બહુ ગમે છે.' કહેતાં થોડી પળો પછી કંઇ યાદ આવતાં એણે પૂછ્યું.

'તમને ક્યો કલર ગમે છે?'

'કેમ મને કોઇ ગલર ગમવો જોઇએ?'

'હા...'

'મને પીળો કલર નથી ગમતો.'

'ગમે છે કયો કલર?'

'ગમશે ત્યારે તેની જાણ કરીશ. આજદિવસ સુધી મને કશું સ્પષ્ટ સમજાયું નથી.' આશુતોષની સ્પષ્ટતા.

રસોઇ બનાવતી વખતે પણ એમ જ થયું. આશુતોષ રસોડામાં ગયો કે તુરંત આરતીએ સવાલ કર્યો.

'મને જણાવી દે જો તમને જે જે ભાવતું હોય તે.'

'મને કઠોળ નથી ભાવતું.'

'અને ભાવે છે શું?'

'ખબર નથી.'

'તમને તમારી પ્રિય આઇટમ ખબર નથી!'

'ના.'

'આશ્ચર્ય કહેવાય!'

'એમાં આશ્ચર્ય શેનું!'

'કેમ નહીં!'

અને જ્યારે પ્રશ્ન શોખ પર આવ્યો ત્યારે પણ સામેથી આરતીએ પ્રશ્ન કર્યો.

'તમને શાનો શોખ છે?'

'એટલે?'

'તમને કંઇ રમત ગમે છે?'

'ભારતીય ટીમ રમતી હોય ત્યારે મને તેમનું બેટિંગ જોવું ગમે છે!'

'અને સામી ટીમનું?'

'જરાય નહીં.'

'એનો અર્થ એ કે તમારામાં ખેલદિલીનો અભાવ છે. કેમ, બરાબરને?'



આરતી પૂછી રહી.

'એવું બની શકે.'

'એવું બની શકે એવું નહીં, એવું જ છે.' કહેતાં આરતીએ ઉમેર્યું – 'મને તો ચેસમાં ખૂબ જ રસ છે.'

'તમને ચેસની રમત નથી ગમતી?'

'મેં કદી ટ્રાય નથી કર્યો.'

'આપણે લાવીશું?'

'લાવીશું.'

'રમશો ને તમે?'

'રમીશ.'

'અમે તો ઘરે બહુ રમતાં. મારી બેન તો માસ્ટર છે. એ તો ચેસની ભાષામાં વાત કરે, બોલો સમજાય પણ નહીં, એક દિવસ એક સંબંધી વિશે કહે–'

'આ ભાઇ પપ્પા સાથે ઊંટની રમત રમે છે.'

'એટલે?'

'ચેસનું ઊંટ હંમેશાં ત્રાસું ચાલે. હું હસી પડતી અને એ તો આ ઘોડાની ચાલ બે ડગલાં સીધી ભર્યા પછી મારે!' આ વજીર, આ હાથી અને આ પાયદળ...

'અચ્છા, તમારા પ્રિય લેખક કોણ?'

'ખબર નથી.'

'મારા પ્રિય લેખક શરદબાબુ છે.' કહેતાં ઉમેર્યું. – 'મેં તેમની લખેલી નવલકથાઓ ઘણી બધી વખત વાંચી છે.' અને પછી વાત બદલતા પૂછ્યું 'ચા...?'

'મને ચા પીવી ગમે છે.' કહેતાં આશુતોષ પલંગમાં બેઠો થયો.

'મને સ્હેજ પણ નથી ગમતી.' કહેતાં આસુતોષ સાથે પલંગમાં

ગોઠવાઇ. આશુતોષે ચાનો ઘુંટડો ભર્યો. ચા મીઠી બનાવી હતી. તેનું મન ચામાં નહોતું. શા માટે સામાન્ય વસ્તુઓમાં આરતી અટવાયા કરતી હશે! આ તેનો સ્વભાવ હશે? કોઇ લેખકનું સર્જન જરૂરી થોડું છે. પસન્દ પડવું અને શા માટે મારે એવી વાહિયાત પસંદગીઓ કરવી? બધા સર્જકો પોતાની રીતે ઉત્તમ જ હોય છે. મારી કોઇ પ્રિય આઇટમ હોવી જ જોઇએ એ જરૂરી થોડું છે? મારી ચેતનાને કશું જ અનુકૂળ નથી, તો પ્રતિકૂળ પણ ક્યાં છે? હું આરતીની જેમ સામાન્ય બિન્દુએ ઊભા રહી જીવી નથી શકતો, કેમ કે મને બધાની વ્યર્થતા સમજાવા લાગી છે. તેથી હું આરતીની નજરમાં કે અન્યની નજરમાં ઉપેક્ષિત થઇ શકું, પણ આ ઉપેક્ષિત ઉપેક્ષિતપણું એ શું છે? એક ભાવના...અને આવી ભાવનાઓના શ્વાસ મારા ફેક્સામાં ભરી હું જીવી શકું નહીં.

'ક્યાં ખોવાઇ જાવ છો?' આરતીએ સવાલ કર્યો. આ માણસ ક્યા પ્રકારનો છે? વાત વાતમાં ખોવાઇ જાય છે. નથી સમજાતો, નથી ઉકેલાતો કે નથી પૂરો પામી શકાતો. 'ચા કેવી મીઠી થઇ છે ને?' એકાએક કંઇક બોલવાનું યાદ આવ્યું તેથી બોલી પડાયું.

'તકલિફ બદલ આભાર.' આશુતોષે આભાર વ્યક્ત કર્યો.

'એમાં તકલિફ શાની? પત્ની છું તમારી...'

'ના'

'તો?'

'એક બેસ્ટ ફ્રેન્ડ!' આશુતોષે હળવાશથી કહ્યું.

'માય ડિયર બોય ફ્રેન્ડ!' કહેતાં આરતીએ આશુતોષના કપાળ પર ચુંબન કર્યું.

'મારે નાહવાની ઇચ્છા છે.'

'મેં ચુંબન ભર્યું તેથી!'

આશુતોષ કંઇ બોલ્યો નહીં. કેવળ આંખોથી હસ્યો. સાંજનું સોનેરી ફુલ ખીલતું હતું. આરતી બારીમાંથી જોઇ રહી. આશુતોષ નાહીને ફ્રેશ થઇ



ગયો. થોડી પળો ખાલી વીતી.

'આજે મામા આવ્યા હતા.' આરતીએ વાત આરમ્ભી. પછી ઉમેર્યું – 'તમને મળવા માંગતા હતા.'

'મને ફોન કર્યો હોત તો હું આવી જાત.'

'મામાએ ના પાડી હતી; નહીં તો હું ફોન જ કરવાની હતી. પણ તેઓ સાંજના આવવાનું કહીને ગયા છે. અહીં તેમના કોઇ ફ્રેન્ડ રહે છે તેમના ઘરે ગયા છે.'

આશુતોષ સાંભળી રહ્યો હતો.

'જમવાનું શું બનાવું?'

'તને જે યોગ્ય લાગે તે...'

'નહિ, તમે જ કહોને, રોજ તો મારી પસન્દગીની જ રસોઇ બનાવું છું ને?'

'મને આ બધામાં ખબર નથી પડતી.'

'આજે પાડો.' છણકો કરતાં આરતીએ કહ્યું.

'જૂલ્મ કરીશ?'

'તમે જે સમજો તે.'

'ખીમો બનાવી દે.'

'મને ખબર જ હતી. તમે એ સિવાય કઇ બોલશો નહીં.'

'તો શું કામ પૂછે છે?'

'શીખી લો આ બધું.'

'તું છું તો ખરી...'

'હું પિયર જઇશ ત્યારે શું કરશો?'

'તું પિયર જાય ત્યારની વાત છે ને?'

એકાએક આરતીના ચહેરા પર ઉદાસી ઊડી આવી અને આંખોમાં ઝળહળિયાં...

'શું થયું?'

'કંઇ નહીં.' કહેતાં આરતી સ્વસ્થતા પ્હેરી બોલી – 'શું મને મમ્મી પપ્પા ક્યારેય માફ નહીં કરે?'

આશુતોષ અનુત્તર રહ્યો.

'હું સમજું કે, મારા આ પગલાથી તેમના દિલને ઠેસ લાગી છે,પણ-' આરતી આગળ બોલી શકી નહીં. આશુતોષે ઊભા થઇ, માટલામાંથી પાણી કાઢીને ગ્લાસ આરતી સામે ધરતા કહ્યું :

'ભૂલીશ તો જીવીશ.'

આરતી આશુતોષને ભેટી પડી.

સાંજનું ફુલ ખીલી ગયું હતું.

ઠંડો પવન ઉડતો હતો.

આશુતોષના હાથમાં અમૃતા પ્રીતમની આત્મકથા 'રેવન્યુ સ્ટેમ્પ'ના ગુજરાતી અનુવાદનું પુસ્તક હતું. પાનું ઉથલાવે ત્યાં જ ડોરબેલ રણક્યો. મામા આવ્યા હતા.

ખુરશીમાં ગોઠવાતા મામાએ પૂછ્યું :

'તમે જ આશુતોષ?'

'હા,' આશુતોષે ઉત્તર આપ્યો.

આરતી પાણીનો ગ્લાસ લઇ આવી. પાણી પીધા પછી મામાએ પૂછ્યું:

'કેમ છો મજામાં?'

'હા.'

'હું બપોરના આવ્યો હતો.'

'હા, મને આરતીએ વાત કરી.' કહેતાં આશુતોષ મામાની લમ્બાઇ માપવા મથી રહ્યો.

'હું તો તમને ફક્ત મળવા જ આવ્યો હતો.' મામાએ આશુતોષ સામું જોતાં કહ્યું. જવાબમાં આશુતોષ કેવળ હસ્યો. મામાના હાસ્ય પાછળ ઉતરેલી



વાસ્તવિક્તા ઝીણી આંખ કરવા છતાં દેખાઇ નહીં, સમજાઇ નહીં. અને મામા આરતી સાથે વાતોમાં ખોવાઇ ગયા. ત્યારે આશુતોષને દીવાલ તોડી કોઇ બીજી દુનિયામાં પ્રવેશ કરી જવાનું મન થયું કે જ્યાં ભાષા ન હોય, ભાષાની રમત ન હોય, કેમ કે મામા આરતીને ભાષાના પ્રપંચ દ્વારા ઓગાળી રહ્યા હતા. અને આરતી ગરમીના દિવસોમાં આઇસ્ક્રિમની જેમ પ્રત્યેક ક્ષણે ઓગળી રહી હતી. આશુતોષને સ્પષ્ટ કહેવાની ઇચ્છા થઇ આવી કે, તમે પણછ ખેંચ્યા પછી તીરને પાછું મેળવવાની વ્યર્થ કોશિષ કરો છો, પણ તે કશું બોલ્યા વિના પલંગમાં પીગળતો રહ્યો. મામા કહી રહ્યા હતાઃ

'મમ્મી તારી તને ખુબ યાદ કરે છે. એક વખત તું ઘરે આવી જા.'

'પણ મામા' આરતી અસ્પષ્ટ હતી.

'હમણા તારે એકલીને જ ઘરે આવવું પડશે. પછી બીજી વખત આશુતોષ ભાઇને ઘરે લઇ જશે.' કહેતાં ઉમેર્યું – 'અમે તમને સ્વીકારી જ લીધા છે.' કહેતાં મામાએ આશુતોષને પૂછ્યું – 'આરતી એકલી ઘરે આવે તો તમને કોઇ વાંધો?'

'ના,ના. મને શું વાંધો હોય?' આશુતોષે જણાવ્યું.

'એ પહેલા હું મમ્મી સાથે ટેલિફોન પર વાત કરવા માંગું છું.' આરતીએ સ્પષ્ટતા કરી.

'કશો વાંધો નહીં.' કહ્યું 'આજે જ ફોન કરજે.'

આશુતોષ આરતી સામે ક્ષણ જોઇ રહ્યો. એની મુગ્ધતા પર દયા ઊપજતી હતી. કેમ કે પારધીએ શિકાર કરી જ લીધો હતો. અને આરતી સાથે થોડી ઔપચારિક વાતો કરી મામાએ આશુતોષ પર સવાલો ઝીંકવા માંડ્યા. આશુતોષે સ્હેજ પણ હકીકત છુપાવવાનો પ્રયત્ન કર્યો નહીં. મામા પૂછી રહ્યા હતા :

'તમારું પોતાનું મકાન છે?'

'ના.' કહેતાં આશુતોષે મિત્રનું છે સૂચવ્યું.

'ગામડેથી તમને બોલાવે છે?'

ના.

‘બોલાવશે ખરા?’

‘કશું કહી ના શકાય!’

‘તમે હજી ભણો છો?’

‘એમ.એની પરીક્ષા આપવાની છે.’

‘ઇંગ્લીશ હશે!’

‘ના. ગુજરાતી સાહિત્ય.’

‘રેગ્યુલર કોલેજ જાવ છો?’

‘પહેલા વર્ષે જતો હતો.’

‘હવે જવાબદારી આવી નહીં!’ કહેતાં મામા હસ્યા. ખાંસ્યા. તેમનો સૂકલકડી દેહ ખુરશીમાં હાલી ઊઠ્યો.

થોડા સમય પછી મામા ચાલ્યા ગયા.

આરતી આશુતોષના ગળે વિંટળાઇ બોલી :

‘આપણને બહુ જલદી સ્વીકારી લેશે.’

આશુતોષ હસ્યો. કંઇ બોલ્યો નહીં. ખિસ્સામાંથી પાન કાઢ્યું, પણ આરતીએ મોંમાં મૂકવા દીધું નહીં. કહ્યું :

‘જમી લેવું જોઇએ.’

‘હા, એક ઉત્તમ કામ .’ કહેતાં આશુતોષ હસ્યો.

બંન્ને રસોડામાં ઓગળી ગયા.



## પ્રકરણ : ૭

એક સપ્તાહ પછી—

આશુતોષ ટેબલ પર પગ લમ્બાવી બેઠો હતો. લખવામાં તેનો મૂડ હતો નહીં. તે વિચારી રહ્યો હતો, માણસ શા માટે લાચારી ભોગવી રહ્યો છે? શા માટે લાચારી ભોગવવી પડે? કૃષ્ણ પણ મહાભારતનું યુદ્ધ અટકાવી ના શક્યા, તોશું તે પોતે લાચાર હશે! જો તે જ લાચાર હોય તો પછી મનુષ્ય માટે શું કહેવું? આ કૃષ્ણ કોણ હતા? ભગવાન? કૃષ્ણ ભગવાન હોય તો પણ હું તેને કેવી રીતે સ્વીકારું? મારી સભાનતા મને કેમ તેમ કરતા રોકી રહી છે? કૃષ્ણ ભગવાન હોય તો પછી હું કોણ છું? આરતી કોણ છે? આ મિ.પટેલ, મિ.ત્રિમૂર્તિ કોણ છે? ક્યાંથી આવ્યાં છે અમે બધાં? અરે, આ પૃથ્વી પરના સમસ્ત જીવ ક્યાંથી આવ્યા? તેમના જીવનનું શુ પ્રયોજન? અને પ્રત્યેક જીવ લાચાર કેમ, વિવશ કેમ? અને છતાં કોઇને જીવન પ્રત્યે ફરિયાદ નથી, બધા ભ્રમમાં જીવે છે, ખાય છે. મરે છે, મને આ બળબળતી સભાનતા વરદાનમાં કેમ મળી? હું કેવી રીતે સામનો કરું? તેનો સામનો થઇ શકે ખરો?હું શૂન્યતા ઓઢી શકતો નથી, મને ઓગાળી શકતો નથી, હું કવચ કુંડળ વગરનો કર્ણ છું જે દેખાતા વાસ્તવ જગતમાં ઊભો છે, શ્વસે છે છતાં દેખાતું વાસ્તવ જગત પણ તેનું નથી.

‘શું વિચારે છે આશુતોષ?’ મિ.પટેલ પૂછી રહ્યા.

‘કશું જ નહીં...’આશુતોષે કહ્યું.

'કંઇક તો છે જ...'

'મને પોતાને પણ કશું સમજાતું નથી.'

'કહે તો ખરો...'

'તારા હાથ છે?' આશુતોષ પૂછી રહ્યો.

'છે, બે હાથ છે.' કહેતાં મિ.પટેલે તેમના બંન્ને હાથ ઉંચક્યા.

'શું એ તારા પોતાના હાથ છે?'

'તો બીજા કોના હોય?'

'તું સ્વીકારે છે ને કે તારા હાથ તારા પોતાના છે?'

'હજાર વખત.'

'પણ તું જે કર્મ કરે છે તે તારું પોતાની પસંદગીનું નથી હોતું.' આશુતોષે જણાવ્યું.

'એ કેવી રીતે બને?' કહેતાં મી.પટેલે કાગળ ફાડી કહ્યું. —'જો મેં મારા હાથે મારી પસંદગીનું કામ કર્યું કે નહીં?'

'તકલિફ મોટામાં મોટી ત્યાં છે.'

'એટલે?'

'આપણી પસંદગી હોય છતાં આપણી પસંદગીને કશો જ અવકાશ નથી.'

'તું કેવી રીતે કહી શકે?' મિ.ત્રિમુર્તિએ મૌન તોડ્યું.

'તું એ જ કાર્ય કરીશ કે જે નિયતિએ તારા માટે પસંદ કર્યું હશે. કહેતાં ઉમેર્યું. 'પણ મને એ નથી સમજાતું કે આ નિયતિ શું છે?' નિયતિ માણસને હાથ તો જરૂર આપે છે પણ કર્મ તો એના પસંદગીના કરાવી રહી છે, પણ તે આવું શા માટે કરી રહી છે? શા માટે માણસનો ઉપયોગ કરી રહી છે? અને શા માટે માણસનો ઉપયોગ થઇ રહ્યો છે? શું આનો ક્યારેય અંત જ નહીં આવે? કહેતાં આશુતોષ અટક્યો. મિ. પટેલ સામે જોતા કહ્યું :



'તું શું લખી રહ્યો છે?'

'અકસ્માતના સમાચાર.'

'ટાઇટલ શું આપ્યું?'

'એક ભયાનક કાર અકસ્માતમાં દુલ્હનનું પાનેતર જ બન્યું કફન.'

'તેં આવું કેમ ટાઇટલ આપ્યું?'

'નથી સારું લાગતું!'

'આ અકસ્માત તારા ઘરમાં થયો હોત તો તો તું આવું જ ટાઇટલ આપત?'

મિ. પટેલ હચમચી ઊઠ્યા. તેમની આંખો ઝૂકી ગઇ.

'આમાં તું દોષિત નથી પટેલ. કહેતાં કહ્યું 'આ કામ તારા હાથે નિયતિ કરાવી રહી છે.'

'આશુતોષ તું સાચો છે.' મિ. ત્રિમૂર્તિ કહી રહ્યા.

'ના, હું ખોટો પણ હોઇ શકું...' કહેતાં આશુતોષે પાન મોંમા મૂક્યું.

'આશુતોષ તું મૃત્યુ વિશે શું માને છે?' મિ.ત્રિમૂર્તિએ સવાલ કર્યો.

'મને પૂછવાનો આગ્રહ શા માટે?'

'બસ એમ જ...'

'અનિશ્ચિત રીતે જ નિશ્ચિત છે તે મૃત્યું એવું કહેવાય છે.'

'એવું કહેવાય છે એટલે કે તું નથી માનતો?'

'ના.'

'કેમ?'

'કેમ કે હું જીવું છું. સભાનતાપૂર્વક જીવું છું; હજી મને મૃત્યુ મળેલું નથી.'

'પણ તું મરવાનો એ તો સત્ય જ છે ને?'

'એ વિશે હું કેમ કહી શકું?' આજે દેખાતા સૂર્ય, ચન્દ્ર તારા એ આજનું સત્ય છે. આવતીકાલે ન પણ દેખાય!

'તો તું મૃત્યુને નથી સ્વીકારતો બરાબરને?' મિ.ત્રિમૂર્તિ કહી રહ્યા.

'મેં એવું ક્યાં કહ્યું? હું મૃત્યુને સ્વીકારું છુ.પણ એ આવતીકાલે મારા જીવનમાં મારી મૃત્યુ થશે કે કેમ એ આજે કેવી રીતે કહી શકું? આજનું સત્ય તો એટલું જ છે કે, હું તમારી સાથે વાત કરું છું. આવતીકાલે આવનારા મારા મૃત્યુ વિશે હું ચોક્કસ નથી, કેમ કે આવતી કાલ આજે નથી, એ આપણા મનમાં પડેલી છે.'આશુતોષે સ્પષ્ટતા કરી.

'તું ગોળ ગોળ વાત કરે છે. મને ફક્ત એટલું જ કહે કે તું તારા પોતાના મૃત્યુને સ્વીકારે છે કે કેમ?'

આશુતોષે મૌન ઓઢી લીધું. તેના હાથમાં કલમ થીજી ગઇ. શા માટે મિ.ત્રિમૂર્તિ વ્યર્થ સવાલોના પોપડા ઉખેડે છે? જ્યાં જેના કોઇ નિશ્ચિત જવાબ નથી હોતા...હું કેવી રીતે મૃત્યુ વિશે સત્ય કહી શકવાનો હતો. જ્યાં કદી મને મોત આવ્યું નથી. એ સત્ય છે કે જે જન્મે છે, જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ પણ થાય છે, પરન્તુ આ તો કેવળ આજનું સત્ય નથી? કદાચ આવતીકાલે સત્ય અસત્યમાં પણ પરિણમે! અને આવતીકાલનો માનવી મૃત્યુને પાછું મોકલશે એવા દિવસો ઝાઝા દૂર નથી લાગતા.આજની વૈજ્ઞાનિક ક્રાન્તિ નરને માદા અને માદાને નર બનાવવામાં સફળ થઇ છે તો મૃત્યુ વિશે પરિણામો બદલાશે. પણ આ ક્ષણે હું કશું જ સ્પષ્ટ કહી શકતો નથી. વિચારી શકતો નથી. એવું કહેવાય છે જરૂર કે જે અનિશ્ચિત રીતે નિશ્ચિત છે તે મૃત્યું. પણ એ કેવળ અનુભવીક ધારણા સિવાય કંઇ નથી. હું જીવું છું. સભાનતાપૂર્વક જીવું છું. જીવવું પડે છે, પાન ખાવું પડે છે. એ આ ક્ષણનું સત્ય છે. અને એ સિવાય કોઇ અન્ય સત્ય મારી સામે નથી.

'હું સ્પષ્ટ નથી.' કહેતાં આશુતોષે મૌન તોડ્યું.

'શું મૃત્યુ પછી કશું જ નથી હોતું?' મિ. ત્રિમૂર્તિ.

'કદાચ મૃત્યુ પછી જ કશુંક હોય..'

'મને તારી કોઇ વાત સમજાતી નથી.'



'સારું છે.' કહેતાં ઉમેર્યું 'તને કશું સમજાતું નથી તેથી તારે કોઇ પ્રશ્નો જ નથી. તેથી તું ચેનથી જીવી શકે છે. અમને આ સમજાય છે. તેથી ચેનથી જીવી શકતા નથી. પ્રશ્નો વચ્ચે ગૂંગળામણ છે.'

'મારે આ બધું સમજવું છે આશુતોષ' મિ.ત્રિમુર્તિએ સ્પષ્ટતા કરી.

'શા માટે આત્મહત્યા કરે છે?'

'આત્મહત્યા?'

'તો બીજું શું?' કહેતાં આશુતોષે કહ્યું – 'એકવેરિયમની માછલીને ત્યાં સુધી શાન્તિનો શ્વાસ છે જ્યાં સુધી એણે દરિયામાં હોવાનો ભ્રમ છે. પણ જ્યારે એ ભ્રમ તૂટે છે અને એકવેરિયમની વાસ્તવિક્તા સમજાય છે કે તેની આ સભાનતા અનેક પ્રશ્નો સર્જે છે. જેના કોઇ જવાબ જ નથી હોતા દોસ્ત!' કહેતાં આશુતોષ ઊભો થયો. બારી પરનો પડદો હટાવી પિચકારી મારી. પછી ખુરશીમાં આવી ગોઠવાયો. માથા પર પંખો ફરતો હતો. છતાં તે ગરમીનો અનુભવ કરતો હતો. તેણે રૂમાલથી મોં લૂછ્યું.

'આશુતોષ, તારી વાત સમજાતી નથી છતાં સાંભળવી ગમે છે દોસ્ત.' મિ.પટેલે કહ્યું.

'આભાર.'

'આશુતોષ, દેસાઇનું શું થયું હશે?' મિ.ત્રિમૂર્તિએ વાત બદલતા પૂછ્યું.

'કોઇ સમાચાર નથી એના.' આશુતોષે કહ્યું.

'મને ગઇકાલે જ મળ્યો હતો.' મિ. પટેલે વાત કરી.

'ક્યાં છે અત્યારે?' મિ.ત્રિમૂર્તિ પૂછી રહ્યા.

'પ્રભાત સાથે મેગેઝિનમાં જોડાવાનું કહેતા હતો.'

'હજી જોડાયો નથી?'

'ના.'

'આ મોંઘવારીમાં–'મિ.ત્રિમૂર્તિના ચહેરા પર ચિંતાના ભાવ ઊમટ્યા.

'આશુતોષ, સાંભળ્યું છે કે, દેસાઇના સ્થાને કોઇ છોકરી આવવાની

છે?' મિ.પટેલે પૂછ્યું.

'મને જાણ નથી.'

'તને ક્યાંથી ખબર પડી?'મિ. ત્રિમૂર્તિ.

'આ તો બિનસત્તવાર માહિતી છે.' કહેતાં તેમણે ઉમેર્યું. 'પટાવાળા પાસેથી જાણવા મળ્યું છે.'

'તો પ્રુફનું કામ છોકરી કરશે એમ?' મિ.ત્રિમૂર્તિ મિ.પટેલને પૂછી રહ્યા.

'પ્રુફનું કામ છોકરી કરી શકશે?'

'કેમ નહીં?' મિ.પટેલ.

'આ પહેલા બે છોકરીઓ આવી અને ગઇ.'

'આપણે શું આપણે આપણા કામથી મતલબ રાખવાનો.' મિ.પટેલ સલાહરૂપે બોલ્યા.

'જિલ્લામાં ફોન થઇ ગયા?' આશુતોષે મિ.પટેલને સવાલ કર્યો. તેથી મિ.પટેલે જણાવ્યું –

'થોડા બાકી છે.'

'પતાવી દો. પછી ચા પીશું.'

'ઓ.કે...'કહેતાં મિ. પટેલે હાથમાં રિસીવર પકડ્યું.

'મિ.ત્રિમૂર્તિ તમારે?'

'અત્યાર સુધીમાં બે આર્ટિકલ લખી મોકલ્યા છે. આ ત્રીજો પૂરો થવામાં છે.'

'પૂરો થઇ જાય એટલે આ પ્રુફ જોઇ લે, હું થોડાં સમાચાર લખી કાઢું...'

'સારું.'

તંત્રીવિભાગ કાર્યમાં પલોટાઇ ગયું.



## પ્રકરણ : ૮

'ત્રિમૂર્તિ તે દિવસ પછી શું થયું હતું?' ટેબલ પર પડેલો કચરો સાફ કરતા મિ.પટેલે પૃચ્છા કરી.

'શાની વાત કરે છે?' મિ.ત્રિમૂર્તિએ મૂંઝવણના ઉકેલરૂપ પૂછ્યું.

'તું ઘરે ગયો હતો દીકરા માટે...'

'તે હજી હમણાં પૂછે છે?'

'બીજા દિવસે હું ક્યાં હતો? મારી વીકલી ઓફ નહોતી?' મિ.પટેલે સ્પષ્ટતા કરી, ઉમેર્યું, – 'પછી પૂછવાનું જ ભૂલી ગયો.'

'શા માટે તંત્રીએ આશુતોષને પૂછેલું.'

'મિ.ત્રિમૂર્તી ઘરે ગયા તેની ખબર છે?'

'હા.'

'આ માટે જવાબદાર કોણ?'

'એની પરિસ્થિતિ.'

'તમે જઇ શકો છો....' તંત્રીએ કહ્યું હતું. મને આ વાત આશુતોષે કરી હતી.

'પણ તે હજી સુધી આવ્યો કેમ નથી?' અગિયાર વાગી ગયા. મિ.પટેલે ચિંતા વ્યક્ત કરી.

'કંઇક કામે રોકાઇ ગયો હશે.' મિ.ત્રિમૂર્તિએ જણાવ્યું.

'શું હવે દેસાઇ ક્યારેય પાછો નહીં ફરે?'

'લાગતું તો નથી એવું.'

'એ સાચું કહેતો હતો, આપણે આપણા અધિકારો માટે સભાન નથી.'

'આપણે કરી પણ શું શકવાના હતા? દરેક પ્રેસમાં આવી જ પરિસ્થિતિ હોય છે. આશુતોષનો જ દાખલો લો...એ મોટાભાગના છાપાંઓમાં કામ કરી ચૂક્યો છે. તમે સ્હેજ પણ તંત્રીની વિરૂદ્ધ જાવ એટલે ઘરભેગા.'

'સાચી વાત છે. દિવસે દિવસે બેકારી જ એટલી વધતી જાય છે તેથી લોકો પાંચસો રૂપિયામાં પણ રાજી રાજી થઇ જાય છે. મને ટ્રેની પત્રકાર તરીકે શરુમાં હજાર આપવામાં આવતા હતા. બબ્બે પ્રેસનો અનુભવ છતાં હું ટ્રેની પત્રકાર!' કહેતાં મિ.પટેલ હસી રહ્યા.

'એક આશુતોષ છે મનનો રાજા!' કોઇ ટેન્શન નહીં, બિન્દાસ્ત જીવન....મિ. ત્રિમૂર્તિએ લેખના કાગળિયા ઉલટાવતાં કહ્યું.

'ભાઇ એના લગ્ન થવા દે. ગાડી આપોઆપ પાટા પર ચઢી જશે.' મિ.પટેલે વ્યવહારું બનતા જણાવ્યું.

'તંત્રી વિભાગ આજ છે ને?' દરવાજામાં ઊભા ઊભા જ યુવકે સવાલ કર્યો. તેથી બંન્ને પત્રકારોની નજર દરવાજામાં આવી ઊભી. અને બંન્ને એ એકી સાથે 'હા' કહ્યું.

'આશુતોષ નથી?'

'આવવો જ જોઇએ, આવો બેસો....'મિ.પટેલે વિનય દાખવ્યો.

'આપનું શુભ નામ?' યુવક ખુરશીમાં ગોઠવાયો એટલે મિ.ત્રિમૂર્તિએ સવાલ કર્યો.

'વિજય...' સસ્મિત જવાબ.

'વિજય ચાવડા....!' મિ.ત્રિમૂર્તિ બોલ્યા.

'હા, પણ—'

'અમને તમારા દોસ્ત પાસેથી જાણવા મળ્યું હતું.' મિ.પટેલની વાતથી



વિસ્મયનો અંત આવ્યો.

'ચા પીશોને?' મિ.ત્રિમૂર્તિનો સવાલ.

'નહીં, ખોટી તકલીફ ના લેશો...' વિજયે કહ્યું.

'એમાં તકલિફ શાની?' કહેતાં મિ. ત્રિમૂર્તિએ ત્રણ ચાનો ઓર્ડર આપ્યો.

થોડીક જ ક્ષણોમાં ચા આવી.

'તમારે વિજયભાઇ, મારી ચાના બદલે એક કામ કરવું પડશે.' મિ. ત્રિમૂર્તિ હસ્યા.

'બોલો....' ચાનો ઘૂંટડો ભરતા વિજયનો સવાલ.

'સત્યાગ્રહ વિશે અમને કહેવું પડશે.'

'એ વિશે છાપાઓમાં ઘણું આવ્યું હતું.'

'છાપાઓની હકીકત અમે જાણીએ છીએ. તમારી પાસેથી અમને નવું સાંભળવા મળશે.'

'જોકે, મોટાભાગની વાત અમને આશુતોષે કરી હતી.' મિ.પટેલે સ્પષ્ટતા કરતાં કહ્યું.

'તો પછી—'

'એનો એન્ડ બાકી રાખ્યો.'

'કેમ?'

'એની ઇચ્છા ના થઇ.'

'એની આ ઇચ્છાઓથી તો ભગવાન બચાવે.' વિજયની વાતથી તંત્રી વિભાગમાં હાસ્ય ફેલાયું.

'મિત્રો તમે સાચું માનશો, એ લવમેરેજ પછી મને મળવા પણ આવ્યો નથી.' વિજયે કહ્યું.

'લવમેરેજ?' આશ્ચર્ય સાથે પ્રશ્નાર્થ થયેલા બન્ને પત્રકારો.

'તમને ખબર નથી?'

'ખરેખર અમને ખબર જ નથી, તમે કહ્યું ત્યારે જ અમે આ રહસ્ય જાણ્યું.' મિ.ત્રિમૂર્તિએ સ્પષ્ટતા કરી.

'ક્યારે મેરેજ થયા?' મિ.પટેલે જિજ્ઞાસા વ્યક્ત કરી.

'દોઢ બે માસ થવા આવ્યા.'

'હા, તેની સર્વીસને પણ તેટલો જ સમય થયો છે.' મિ. ત્રિમૂર્તિએ કહ્યું. અને પછી કંઇક યાદ આવતા ઉમેર્યું – 'તેથી જ તેણે નોકરી જોઇન્ટ કરી એમને?'

'યૂ આર, રાઇટ ત્રિમૂર્તિ.' મિ.પટેલે પોતાનો અભિપ્રાય ઉત્સાહથી આપ્યો.

'તો શું એના ઘરવાળા માની ગયા?' મિ.ત્રિમૂર્તિ.

'ના.'

'તો?'

'આશુતોષને ઘર છોડવું પડ્યું.'

'તો એ રહે છે ક્યાં?'

'એ તો મને પણ ખબર નથી. પણ એટલી તો ખબર છે કે તે અહીં જ રહે છે.'

'વિજયભાઇ, તમે તો એક પછી એક આફ્ટરશોક આપી રહ્યા છો.' કહેતાં મિ.પટેલે કહ્યું – 'અમને તો એમ કે તે ગામડેથી અપડાઉન કરે છે.'

'અને છોકરીવાળા સ્વીકારે છે?'

'એ તો કહીને ગયા હતા કે એમની દીકરી એમના માટે મરી ગઇ.' વિજયે શ્વાસ લેતાં જણાવ્યું.

મિ.પટેલ અને મિ.ત્રિમૂર્તિના ચહેરા પર ઉદાસી પ્રગટી.

થોડો સમય વીત્યો પછી વિજયે કહ્યું :

'તમારે સત્યાગ્રહની વાતો સાંભળવી હતી ને?'

'હવે તો આ સાંભળ્યા પછી ઇચ્છા જ મરી ગઇ છે. છતાં કહો,



સાંભળવું ગમશે.' મિ.ત્રિમૂર્તિએ નિરાશા ખંખેરતા કહ્યું.

'ક્યાંથી બાકી પડે છે?' વિજયે પૂછ્યું.

'બીજા દિવસની'મિ. પટેલે સ્પષ્ટતા કરી.

વિજયે ખોંખારો ખાતા કહેવાનું શરૂ કર્યું :-

'અમે મુખ્ય બજાર એટલે કે ટાવરની નીચે, જ્યાં શહીદની ખાંભી હતી ત્યાં જઇ બેઠા. આ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. ડાકોર યાત્રાધામ હોવાથી ટ્રાફિક જામ ન થાય તેમજ કોઇ અઘટિત ઘટના ન બને તે હેતુસર સત્યાગ્રહીઓની આસપાસ પણ પોલીસ મૂકવામાં આવી.'

અંકલ અનશન ઉપવાસ પર હતા. જ્યારે અમે પ્રતિક ઉપવાસ પર. ટાવર પર એક પડદો ચીતરી લગાવ્યો, જેમાં કેટલીક સ્પષ્ટતા માંગી હતી જેમ કે–

- ઈન્દિરા નગરીમાં દારૂબંધી.
- આદિવાસીઓ પર થતા અત્યાચારો રોકવા.
- નગરી સ્થિત બાલવાડી અને શાળાને પૂરતી સુવિધાઓનો લાભ આપવો.
- નગરીના શોભાના ગાંઠિયા સમા બોરકૂવાનું રીપેરિંગ.

આદિવાસીઓની આવી અનેક સમસ્યાઓ હતી. આ વિશે એક પત્રકારે આશુતોષને પૂછ્યું પણ હતું :-

'તમને વિશ્વાસ છે સત્યાગ્રહ કરવાથી તમારી વાત સત્તાવાળા સુધી પહોંચશે'

'પહોંચી ગઇ, કેવળ અમલ નથી થયો.'

'તો શું તેનો અમલ થશે.'

'એ વિશે મને ખબર નથી.'

'તમે પારકા ગામમાં આવી પારકા લોકોની સમસ્યાઓના નિવારણ માટે સત્યાગ્રહ કરો છો તો ડર નથી લાગતો?'

'કેવો ડર?'

'તમને કોઇ કશું કરે કંઇ ઇજા...કંઇ...'

'હજી કશું થયું નથી.'

'કદાચ—'

'ત્યારે જણાવીશ.'

અમે જ્યાં બેઠા હતા, ત્યાં રોજ રેંકડી પડી રહેતી હતી. રેંકડીઓ અદ્રશ્ય થઇ ગઇ હતી. આસપાસની સ્વિટ્સની દુકાનો પણ શટર ઊંચા નહોતી કરી શકી. કોઇ શોપીસની જેમ આસપાસના લોકો અમને જોતા હતા. હસતા હતા, ત્યાંથી પસાર થતા ભાત ભાતનું બોલતા હતા. અમે સાંભળતા હતા.

અમને માંડ ત્રણેક કલાક થયા હતા ત્યાં કાગળમાં ધમકીઓ આવવા લાગી. અંકલે એ તમામ કાગળ પોલીસને સોંપી દીધા. પોલીસની હાજરી છતાં અમે પથ્થરમારો સહ્યો. ધીમેધીમે વાત આખા ગામમાં આગની જેમ ફેલાઇ. લોકોનાં ટોળેટોળા ઊભરાતાં રહ્યા, વિખરાતાં રહ્યાં.

મારા એક સંબંધીએ તો કહ્યું – 'ભાઇ આપણાથી આવા લફરામાં ન પડાય.'

'કેમ?'

'પકડીને જેલમાં મૂકી દેશે તો?'

'જેલમાં પડી રહીશું.'

'આ બધા ધંધા માટે તારી ઉંમર બહુ નાની છે.'

આ સમયે મારા મનમાં મહાશ્વેતા દેવી વર્માનો વ્રતી ફૂટી નીકળ્યો. એક ક્રન્તિકારી માનસિકતા ધરાવતો યુવાન...કેટલીય વાસ્તવિક્તાઓ સ્વીકારી મૂલ્યો પર પ્રહાર કરતો યુવાન...શહાદત પણ હસતા મોંઢે સહી લેનાર યુવાન...વ્રતી લાગણીના પ્રવાહોમાં તણાયા વિના, મોજશોખ ત્યજી, વાસ્તવજીવન, વાસ્તવસમાજ વિશે વિચારી વિચારમુલ્યોને પણ આચરણમાં મૂકે છે. જેના પરિણામે તેણે પોતાના જીવનનો ભોગ આપવો પડે છે. અંતે એક જીવતો જાગતો જોશીલો યુવાન ૧૦૮૪ નંબરની લાશમાં પરિણમે છે.



થોડા સમય પછી આશુતોષ ઊભો થયો એટલે મેં પૂછ્યું—

'ક્યાં જાય છે?'

'આવવું છે તારે?'

'ક્યાં?'

'મંદિરમાં...'

'કેમ?'

'ભૂખ લાગી છે.'

'પણ આપણે તો ઉપવાસ કર્યો છે.'

'મને ખબર છે.'

'તો પછી?'

'મને ભૂખ લાગી છે.'

અને આશુતોષ અડધા કલાકમાં જમીને પાછો ફર્યો.

સાંજ થતામાં તો પી.એસ.આઇ, પી.આઇ, ડી.એસ.પી નગર પાલિકા પ્રમુખ એક સાથે આવી પહોંચ્યા. અમારા પ્રશ્નો સ્વીકારાયા. અમે લીંબુ શરબતથી ઉપવાસ છોડ્યો. નગરીના લાકોએ અમારો વરઘોડો કાઢ્યો. અમને ખૂબજ સન્માનીત કર્યા. કહેતાં વિજયે જણાવ્યું, દારૂપીને ખોખરા હાંડપિંજર થયેલા આદિવાસીઓને હું આજે પણ નથી ભૂલી શક્યો. ગરીબ અવસ્થામાં જીવતા તે લોકોને બે ટંક ખાવાના પણ ફાંફા પડતા હતા. તેમના ઘરનો ચુલો ક્યારે સળગતો હશે, તે તો તેમના સિવાય કોણ જાણે? તમને ખબર હોય તો ફ્રેંચ નવલકથા ગરીબ બિચારાં નો નાયક દેવુશ્કિન જેવી એના કરતાય બદત્તર હાલતમાં જીવતાં હતાં આ લોકો. દેવુશ્કિન વારેન્કાને તેના એક પત્રમાં લખે છે.— નેક ઇન્સાનોને ગરીબી અને અવગણનાની હાલતમાં કેમ સબડવું પડે છે? અને બધું સુખ બીજા લોકોને ભાગે કેમ જાય છે? વહાલાં, મને ખબર છે કે, મારે આવી વાત ન કરવી જોઇએ. કારણ કે તેમાં મુક્ત ચિંતનની વાસ છે.

પરંતુ ઈન્સાફી સવાલ પૂછાવો જ જોઈએ કે એક માણસ હજી ગર્ભમાં હોય ત્યારથી જ તેના મલકતા નસીબનો ઢોલ કેમ પિટાતો હોય છે. અને બીજો માણસ નિરાધાર લોકોના આશ્રમમાં અનાથ દશામાં કેમ જન્મે છે. પરિકથાની જેમ ઘણીવાર એમ બને છે કે, મુરખ ઈવાનુશ્કોને સુખમાં મહાલવાનું મળે છે ત્યારે તે વારસાના ખજાનાઓમાંથી ખોબો ભરે છે, ખાય છે. પીએ છે. અમનચમન કરે છે. અને બીજો બિચારો કંગાલ માણસ તેને તાકીને હોઠ ચાટતો રહે છે. તેનામાં બસ એટલી જ લાયકાત હોય છે તે જાણે ખાલી એમ કરવામાં જ જન્મેલો હોય છે! કહેતાં વિજયે વાત પૂરી કરી,

મિ.પટેલ કે મિ.ત્રિમૂર્તિ ક્ષણ બોલ્યા નહીં. મિ.પટેલ વિજયને જોઈ રહ્યા. કેવળ પાંચ ફૂટ...શારીરિક રીતે અશક્ત લાગતો અંદરથી સક્ત માણસ...ઘઉંવર્ણી દેહાકૃતિ...ચહેરા પર ઓજસ્વિતા...આંખો ઠંડી લાલાશ પડતી...ભ્રમરો જાડી...હોઠ જાડા...નાક અણિયાળું...

'લો, આવ્યો આશુતોષ' મિ.ત્રિમૂર્તિ બોલ્યા.

'અરે, વિજય તું?' વિજયને જોતા આશુતોષ બોલ્યો.

આશુતોષ ખુરશીમાં ગોઠવાયો.

'તું તો રહસ્યમય માણસ છે.'મિ.પટેલે કહ્યું.

'કેમ?

'તેં લગ્ન વિશે કદી જણાવ્યું જ નહીં.'

'તેં પૂછ્યું પણ ક્યાં હતું?'

'તારે ના જણાવવું જોઈએ?'

'જરૂર ના લાગી.'

આશુતોષે પાન મોંમાં મૂક્યું.

વિજય છાપાં વાંચી રહ્યો.

સૌ પોતાના કામમાં ઓગળી ગયા.



## પ્રકરણ : ૯

સાંજના આશુતોષ અને વિજય ઘરે પહોંચ્યા ત્યારે આરતી રસોઈ બનાવવામાં મગ્ન હતી. આ પહેલા રસોઈ કદી બનાવી ન હોવાથી તેણે ખૂબ સમય લાગી જતો હતો, કેમ કે તેના માબાપને ત્યાં હતી ત્યારે તે ખાટલે થી પાટલે અને પાટલેથી ખાટલે જ સીમિત હતી. અહિ વિસ્તરવાનું હતું અને એવી સીમાઓને સ્પર્શવાનું હતું જે કદી એની કલ્પનામાં પણ આવી નહોતી.

'કેમ છો ભાભી!' વિજયે સવાલ કર્યો. આરતીએ એકદમ જવાબ આપ્યો નહીં. પછી અવાજ ઓળખતા તેણે સસ્મિત કહ્યું :

'અરે, વિજયભાઈ.'

'હા.'

'બહુ દિવસે!' આરતીએ સવાલ કર્યો.

'તમને મળવા જ આવ્યો છું. બાકી મારું અહીં શું કામ હોય?' વિજયે સ્પષ્ટતા કરી.

'તમે તો મને ખરા ટાઈમે જ છેતરી ગયા વિજયભાઈ.' વિજયના હાથમાં પાણીનો ગ્લાસ મૂકતાં આરતીએ કહ્યું. પાણી પી લીધા પછી પલંગમાં ગોઠવાતા વિજયે પોતાનો બચાવ કર્યો.

'એવું તે હોય? હું તો તમને શું કામ છેતરું? પણ જ્યારે તમે મારા ઘરે ફોન કર્યો ત્યારે હું બહાર ગયો હતો.'

'રહેવા દો હવે બહાના બનાવવાના.' દિવાલને અઢેલીને ઊભેલી આરતીએ આંખો ઝૂકાવતા કહ્યું.

'ખરેખર ભાભી, મારી બહેન બીમાર પડી ગઇ હતી. તેથી હોસ્પિટલ લઇને ગયો હતો.' વિજયે આશુતોષ સામું જોતાં કહ્યું.

'ચા પીશને?' આશુતોષે પૂછ્યું અને વિજય 'હા' કહે તે પહેલા જ આરતી રસોડામાં દોડી ગઇ. વિજયે એ નોંધ લીધી કે, આરતી પરિણિત હોવા છતાં તેની પર સુહાગનનાં કોઇ ચિહ્નો દેખાયા નહીં. તેથી વિજયે આશુતોષને આ વિશે પૂછ્યું. એટલે એણે સ્પષ્ટતા કરી :

'મને સ્ત્રી-પત્નીને બાંધી રાખવામાં કોઇ રસ નથી. ચોવિસે કલાક એણે મારી જાહેરાત કરવાની કોઇ જ જરૂર નથી.'

'પણ મંગળસૂત્ર તો—'

'શું જરૂર છે? એ તો કેવળ એક ભાવનાનું પ્રતિક છે. એના ગળામાં એ હશે કે નહીં હોય તેમ છતાં મને શો ફર્ક પડવાનો હતો?'

ચા આવી.

વિજયે સવાલ કર્યો નહીં. અને ચા પીવામાં ખોવાઇ ગયો. ચા પીતા પીતા એણે મકાનું બંધારણ તપાસ્યું. એક રૂમ અને રસોડું હતું. આગળની રૂમને બેઠક વ્યવસ્થામાં ફેરવવામાં આવ્યો હતો. સાંજ પડ્યે તે બેડરૂમ શયનખંડનું કામ આપતો હોવાનું વિજયે અનુમાન કર્યું, બહુ ખાસ કશો સામાન દેખાતો નહોતો.

વિજયે પલંગમાં પગ લમ્બાવ્યા.

આશુતોષ પણ પલંગમાં બેઠો હતો.

આરતી પલંગ પાસે પડેલી ખુરશીમાં ગોઠવાઇ.

'કેટલું ભાડું ભરે છે!' વિજયે નજરને સંકોચતા પૂછ્યું.

'આનો મકાન માલિક ભાડું લેતો જ નથી.' આરતી.

'બહુ સારો મકાનમાલિક કહેવાય...'



'દેવાંશુનું મકાન છે.' આશુતોષે સ્પષ્ટતા કરી.

'દેવાંશુને પણ મળવું છે મારે, ઘણા દિવસો થઇ ગયા. કોલેજ છોડ્યા પછી હું એને મળ્યો જ નથી.' વિજય કહી રહ્યો.

'અમે પણ ઘણા સમયથી મળ્યા નથી. પ્રેસમાં ક્યારેક ફોન કરે છે ખરો.' કહેતાં આશુતોષે ઉમેર્યું 'પણ તું એને નહીં મળી શકે, એ ક્યાંક બહાર ગયો છે. કહેતાં કંઇક યાદ આવતા ઉમેર્યું — 'તું પ્રભાતને મળી શકીશ.'

'પ્રભાતને સવારમાં જ મળ્યો હતો. એની પાસેથી જ તારી પ્રેસનું સરનામું મળ્યું.

આરતી ઊભી થઇ. એણે ધીમા અવાજે ટેપરેકોર્ડ વગાડી.' મનહર ઉદાસના સ્વરમાં ગઝલો વાગવી શરૂ થઇ.

'તમને પણ મારી જેમ ગઝલોનો શોખ છે?'

'ના. મને મારી જેમ શોખ છે.' કહેતાં આરતી હસી.

થોડી પળો ગઝલમાં વીતી.

'આશુતોષ તમે બધા જ મિત્રો અહીં સેટ થઇ ગયા છો, ગામમાં હું એકલો જ ભૂત જેવો ફર્યા કરું છું.' વિજયે દુઃખ વ્યક્ત કર્યું.

'તો તમે પણ આવી જાવ.' આરતીની સલાહ.

'ઇચ્છા તો છે પણ—'

'પણ—'

'આવી શકાય તેમજ નથી.' કહેતાં વિજયે સ્પષ્ટતા કરી. ગામમાં ઘણી જમીન છે અમારી. ખેતીનો વ્યવસાય છે, ઢોર ઢાંખર કેવી રીતે છોડી શકાય? કહેતાં વાત બદલતા વિજયે આરતી સામું જોતાં કહ્યું :

'ખબર છે ભાભી, તમે ઘર છોડીને આવ્યા ત્યારે તમારા ઘરવાળા તમને શોધતા આવ્યા હતાં. આશ્ચર્યની વાત તો એ હતી કે, તેઓ મારા એક મિત્રના ઘરે રોકાયા હતાં.'

'ખરેખર!' આરતીએ આશ્ચર્ય અનુભવ્યું.

'અને આશ્ચર્યની વાત તો એ હતી કે, હું પણ ત્યાં જ હતો.' વિજયે આશુતોષ સામું જોતા કહ્યું —'આશુતોષ કોઇ પણ પ્રકારના પ્રતિભાવ વિના સાંભળી રહ્યો. વિજય કહી રહ્યો હતો.

'ભાભી, તમે ઘર છોડીને અહીં ગામમાં તો આવ્યાં નહોતા તો ગયા હતાં ક્યાં? વિજયે મુંઝવણ વ્યક્ત કરી.

આરતીએ આશુતોષ સામું જોયું, હસી, પછી કહ્યું :

'દેવાંશુભાઇનો નંબર પણ મારી પાસે હતો. મેં તમને એ દિવસે સતત ફોન જોડ્યો. પણ તમારી સાથે કોઇ વાતચીત શક્ય જ બની નહીં, તેથી દેવાંશુભાઇના મોબાઇલ પર ફોન જોડી કહ્યું :

'મારે હવે ઘર છોડવું પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે. અને આશુતોષ કે વિજય બેમાંથી કોઇ પણ ફોન પર મળ્યા નથી. તો હવે મારે શું કરવું?'

'પણ એકદમ જ? એવું તો શું થયું? સામેથી દેવાંશુભાઇએ પૂછ્યું, તેથી મેં જણાવ્યું.'

'મહિના પછી મારા એંગેજમેન્ટ ગોઠવાયા છે અને હું નથી ઇચ્છતી કે—'

'તો તું ઘરમાં સ્પષ્ટ વાત કરી દેને?'

'કશો જ ફાયદો નથી. ઘરમાં વાત કરી એટલે તો મહિનામાં એંગેજમેન્ટ ગોઠવાયા છે. અને બીજા જ દિવસે લગ્ન. હવે તમે જ કહો?'

'તારી શું ઇચ્છા છે?'

'મારી શી ઇચ્છા હોય?'

'સાહસ કરી શકીશ?'

'હવે પૂછવાનું હોય!'

'નહીં. પૂછવું સારુ, તું આવતા આવી જાય, અને પછી કોઇ દબાણવશ નિર્ણય બદલે તો અમારે મિત્ર ગુમાવવાનો થાય.'

'એવું કશું જ નહીં થાય.'



'તો આવી જા.'

'ક્યાં?'

'મારા ઘરે.'

'પણ આશુતોષ—'

'એ કોલેજ ગયો હશે. હું એને શોધી કાઢું છું.'

'પણ મેં તમને કદી જોયા નથી. ઘર પણ—'

અને દેવાંશુભાઇએ મને બસસ્ટોપ પર ઊભા રહેવા જાણાવ્યું. ત્યાં આશુતોષ અને દેવાંશુભાઇ મને લેવા આવ્યા હતા.

ભૂતકાળ ભીંજાયેલી ઉડતીક્ષણો—

બારીમાં માથું અફાળતો પવન—

આંગણામાં રોપાતી સંધ્યા—

'કેવું, ભાઇ પાસે ફાવે છે ને?' વિજયે મૌન તોડ્યું.

'એ તો તમારે તમારા ભાઇને પૂછવાનું.' કહેતાં આરતી હોઠના ખૂણામાં આલાપની જેમ હસી ઊઠી.

'ભાભી, તમે સુખી સમ્પન્ન ઘરના, એક શ્રીમંત માબાપના દીકરી,જ્યારે અહીં—'

'સુખ છે નર્યું સુખ.' આરતીએ વિશ્વાસથી કહ્યું. એના શબ્દોમાં રણકતી શ્રદ્ધા આશુતોષને સ્હેજ સ્પર્શી. ત્યાં જ વિજયે પૂછ્યું — 'આ વિશે તારું શું માનવું છે?'

'સુખ એ વિભાવના છે'. કહેતાં આશુતોષે મૌન તોડ્યું. તે જાણતો હતો, સુખ એક વિભાવના હોવા છતાં આરતીનું સુખ સામાન્ય કહી શકાય તેવી જીવનની રોજિન્દી ઘટમાળામાં હતું. અને આ વિશે એનું ધ્યાન દોરવું જરૂરી લાગ્યું નહોતું, કેમ કે એ ઇચ્છતો હતો કે પ્રત્યેક વ્યક્તિ પોતાની વિભાવના મુજબ જીવતો હોવાથી તે રીતે જીવવાનો આરતીને પણ અધિકાર હતો. અને પોતે કોઇના જીવનમાં હસ્તક્ષેપ કરવા તૈયાર નહોતો. એનું એવું માનવું હતું કે

નિયતિને ક્યારેય બદલી શકાતી નથી. પોતે સામાન્ય કક્ષા પર આવી ઊભવા માગતો હતો અને તે ક્યારેય શક્ય નહોતું કેમકે તેની તે નિયતિ હતી કદાચ.

વિજયે આશુતોષના ગામડાના ઘરના માણસોની સ્થિતિનું બયાન કર્યું. આરતીએ દુઃખ સાથે આઘાત અનુભવ્યો. આશુતોષના ચહેરા પર કોઇ જ ભાવ ઊગ્યો નહોતો. તે ભીતરના બિન્દુએ સ્થિર ઊભો હતો. આ ક્ષણે શો ફર્ક પડવાનો હતો મારા ઘરે, મને નહીં સ્વીકારી? હું ક્યાં એવી અપેક્ષા રાખું છું કે મારો સ્વીકાર કરે. હકીકત તો એ છે કે આ લોકો તેમની સામાન્ય કક્ષાએથી ઉપર ઊભી સ્હેજ પણ વિચારી શકતા નથી. તેમના મન હૃદયમાં સંકુચિતતા પગ લમ્બાવી ઊભી છે. અને આખી જિન્દગી આમ જ વેડફી દેશે.

વિજય આરતીને આ વિશે શબ્દશઃ કહી રહ્યો હતો.

'આજે તો મોટાભાગના લવમેરેજ કરે છે.' મેં કહ્યું હતું.

'તે બધા રખડું માણસો.'

'તો શું—'

'તારો મિત્ર પણ રખડું.'

'પણ છોકરી તો ખૂબ જ સંસ્કારી છે.'

'તેની જ્ઞાતિ જુદી છે.'

'હું કાલે એને મળવા શહેર જઇ રહ્યો છું. કોઇ મેસેજ હોય તો કહો, પહોંચાડી દઇશ.'

'કહે જે મારા મર્યા પછી જ આ ઘરમાં પગ મૂકે.' કહેતાં વિજયે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. 'મને નથી લાગતું કે તમને સ્વીકારે,' કહેતાં ઉમેર્યું – 'પણ મારા ઘરે વેલકમ!'

આશુતોષ અનુત્તર હતો. તેના ચહેરા પર કોઇ જ ભાવછાયા દેખાતી નહોતી જ્યારે આરતીના ચહેરા પર સંધ્યા ઊતરી આવેલી સ્પષ્ટ જોઇ શકાતી હતી.

ક્ષણો મૌન પ્હેરી ફરફરી રહી.



બારી બ્હાર ડૂબતો સૂરજ—

આછા અન્ધારાનો પ્રગટતો સૂરજ—

વાતાશમાં બાઝેલું ગંભીરતાનું આવરણ—

બે ગલુડિયાં દરવાજે આવી ઊભાં હતાં. કૂતરીથી વિખુટાં પડયાં હોઇ માર્ગ ભૂલ્યા ઊભાં હતાં. આરતી ઊભી થઇ. ગલુડિયાં પાસે જઇ ઊભી. બેયને પકડી, બાહોમાં હળવાશથી દબાવતી તેની મા પાસે જઇ મૂકી આવી.

આશુતોષે લાઇટ ઓન કરી.

રૂમમાં દૂધિયો પ્રકાશ ઊભરાયો.

આરતી આવીને ખુરશીમાં ગોઠવાઇ.

'ભાભી, મારા એક પ્રશ્નનો ઉત્તર આપશો?' વિજયે કહ્યું.

'કેવો પ્રશ્ન?' આરતીએ પૂછ્યું.

'તમારે પ્રેમ કેવી રીતે થયો હતો?'

'આખી રામાયણ પતી ગઇ ત્યારે તમે—'

'મને નહીં ખબર.' કહેતાં વિજયે કહ્યું— 'મેં આશુતોષને એક વખત પૂછેલું, ત્યારે તેણે ફરી કહીશ એમ કહેલું પણ પછી' કહેતાં ક્હ્યું. 'મારા માટે મોટામાં મોટો પ્રશ્ન તો એ છે કે પ્રેમ અને આશુતોષ? એ કેવી રીતે શક્ય બને?'

'તો આ શું છે?'

'આ જ રહસ્ય જાણવું છે મારે.'

'તમને ખબર છે ને કે તમારા ભાઇ લખે છે તે?'

'હેં?' વિજયે આંચકો અનુભવ્યો.

'તમારા ભાઇ લેખક છે.'

'મને તો તમે કહ્યું, ત્યારે ખબર પડી.' કહેતાં વિજયે આશુતોષને કહ્યું – 'તું તો કશું કહેતોં પણ નથી.'

'મને જરૂરી ના લાગ્યું.' આશુતોષનો જવાબ.

'એમણે લખેલી એક નવલકથા મેં અમારા ગામની લાયબ્રેરીમાંથી મેળવી લીધી. વાંચી, વાંચ્યા પછી મેં એમને કેટલાક પત્રો લખ્યા, હું પ્રેમમાં પડી ગઇ.'

'તો આ તાળી તમે એક હાથે પાડી એમને?'

'એવું તો હોતું હશે, તમારા ભાઇ પણ મને પ્રેમ કરે છે. નહિતો બસસ્ટેન્ડ લેવા આવતા ખરા?' આરતી કહી રહી.

'શું આશુતોષ સાચી વાત?' વિજયે પૂછ્યું.

'પ્રેમ પણ એક વિભાવના છે.' આશુતોષે કહ્યું.

'તમે નસીબદાર છો, ભાભી!'

'હા, એ તો છું જ...'

'વર્ષા નામની એક છોકરી તો..' કહેતાં કહ્યું 'જવા દો એ વાત જ...'

'શું કહ્યું?'

'કેમ તમને ખબર નથી.'

'ના.'

'કહું આશુતોષ?'

'મને વાંધો નથી!'

'ભાભી, કાલે કહીશ.' કહેતાં વિજયે કહ્યું. 'અત્યારે ભૂખ લાગી છે.'

'કાલે ચોક્કસ?'

'હા.'

અને ત્રણેયનાં પગલાં રસોડામાં ટોળે વળ્યાં.



## પ્રકરણ : ૧૦

રાત્રે જમી લીધા પછી આરતીએ સ્ત્રી હઠ પકડી. વિજયને સૂવા દીધો નહીં. વર્ષાની વાત કરવા ફરજ પાડી. વિજયે વાત શરૂ કરી ત્યારે આશુતોષ ઊંઘમાં હતો.

વિજય રાત્રિને ઓઢી પલંગમાં બેસી કહી રહ્યો હતો—

કોલેજમાં કમ્પાઉન્ડમાં એક સુન્દર બગીચો હતો. જેમાં ગુલાબ, ચંપો, મોગરો અને જાસુદ મુખ્ય હતાં. જ્યારે લેક્ચર ફ્રી હોય અથવા લેક્ચર ભરવાની અનિચ્છા હોય ત્યાર સૌ કોઇ આ બગીચામાં ખોવાઇ જતાં, ટપકા થઇ ઓગળી જતાં. બગીચો પણ ખાસ્સો વિશાળ હતો. કોઇને શોધ્યા જડે પણ નહીં. પણ વર્ષા હંમેશાં જાસુદ નીચે જ બેઠી હોય.

'હાય, વર્ષા! હાઉ આર યુ?' વર્ષા પાસે બેસતા જ વિજયે સવાલ કર્યો.

'આઇમ ફાઇન!'

'યૂ?'

'ફાઇન.' કહેતાં વિજયે પૂછ્યું – 'કેમ લેક્ચર નથી?'

'છેને!' કહેતાં વર્ષાએ ઉમેર્યું – 'પણ ઇચ્છા ના થઇ.'

'આશુતોષ લેક્ચરમાં છે?'

'એણે કોઇ દિવસ લેક્ચર ડ્રોપ કર્યા છે?' કહેતાં વર્ષાએ કહ્યું — 'હું એની જ રાહ જોતી બેઠી છું.'

વિજય હસ્યો.

'કેમ હસે છે?'

'મારી રાહ તો ક્યારેય કોઇ જોતું નથી.'

'કોઇને કરું વાત?'

'તું છે તો ખરી?'

'સોરી, હું એન્ગેજ છું.'

'હું ક્યાં નથી જાણતો કે તું એન્ગેજ છું, પણ એ તને ઘાસય નથી નાખતો અને તું—'

'મને ખબર છે તે ઘાસ નથી નાખતો તે, પણ મને કેટલીક વસ્તુઓ પર વિશ્વાસ છે, જેમ કે આવતીકાલ.'

'ભગવાનને હું પ્રાર્થના કરીશ કે તારી આવતીકાલ સફળ બને.' કહેતાં ઉમેર્યું — 'પણ મને દુઃખ એ વાતનું થાય છે કે એક સુંદર છોકરી કે જેની પાછળ બધાએ કેરોસિનની જેમ લાઇન લગાવી છે તે છોકરી એવા છોકરા પાછળ દોડે છે કે જેનાથી બધા દૂર ભાગે છે.'

'મને એની એ જ અદા ગમે છે.'

'મારી કોઇ અદા?'

લેક્ચર છૂટ્યું.

આશુતોષને જોતા જ વર્ષા દોડી.

વિજય વર્ષાને જોઇ રહ્યો, ગોરી ત્વચા...આકર્ષક ચહેરાની આકર્ષક ભ્રમરો...દોરી જેવા પાતાળા હોઠ...સોટી જેવી બોડી...લચકાતી કમર...

'આ શું—' આશુતોષે અવાજની દિશામાં જોયું. વર્ષા ઊભી હતી. પીળા ડ્રેસમાં શોભતી હતી.

'બીજી બસ છે ને?'



'હા.'

'તો ગાર્ડનમાં બેસીએ?' વર્ષાએ પૂછ્યું — આશુતોષ અનુત્તર હતો તેથી તેણે પૂછ્યું — 'ઉતાવળ છે?'

'ના.'

'અને બન્ને' ગાર્ડનમાં જાસુદ નીચે જઇ બેઠાં.

વિજય દૂર બેઠો હતો. ઘણો દૂર.

સૂરજે વાદળો ઓઢ્યા હતાં.

ઝરમર ઝરમર વરસાદ પણ વરસતો હતો.

વર્ષાની આંખો પણ વરસી.

આશુતોષ બોલ્યો — 'સૌ કોઇ પોતાનામાં થોડું થોડું રહસ્ય ઘુંટતું હોય છે. એની એંધાણી મળે છે કોઇની આંખોમાં તો કોઇના સ્પર્શમાં.'

વર્ષાએ આશુતોષનો પકડેલો હાથ છોડી દીધો.

'કોઇએ કંઇ કહ્યું?' આશુતોષે પૂછ્યું.

'ના.'

'તો કેમ રડે છે?'

'રડી પડાયું.' સ્વસ્થ થતાં તેણે કહ્યું — 'મારે એક પ્રશ્નનો જવાબ જોઇએ છે.'

'બોલ.'

'તું મને પ્રેમ કરે છે?'

'હા.'

વર્ષાની ભીની આંખો ઉંચકાઇ. સુરજનું આછું તેજ ચમક્યું આંખોમાં.

'ખરેખર તું મને પ્રેમ કરે છે?'

'હા.' આશુતોષે વર્ષાની આંખ લૂછી.

'તો લગ્ન ક્યારે કરીશું?'

'લગ્ન શા માટે કરવાના?'

'તો પછી તું મને પ્રેમ કરે છે એ વાત જ ખોટી છે.'

ઠંડો પવન વર્ષાના વસ્ત્રોમાં આવી તેના પગલાં શોધતો રહી જતો હતો. આશુતોષના શ્વાસમાં હુંફાળો પવન અટવાતો હતો.

'તું એવું સમજે છે?'

'ના, હું બરાબર સમજું છું.' કહેતાં વર્ષાએ પૂછ્યું — 'શું તું આજીવન કુંવારો રહીશ?'

અનુત્તર આશુતોષ...

વર્ષાની આંખ પાછળ છૂપાયેલો કોઇ અવાવરું વાવનો સન્નાટો જેને વાંચી ન શકાય તેવો ગૂઢ બનતો જતો હતો. આશુતોષનાં આંગણમાં રોપાઇને મ્હોરી ઉઠવાની એષણા વર્ષાનાં શ્વાસ ગુંગળાઇ રહી હતી. કોઇક અદ્રશ્ય ચિતારો તેનું ઉત્તમ ચિત્ર ચીતર્યા પછી કાળા કલરમાં એની પીંછી ઝબોળી પૃથ્વીની આંખ કાળી કરી રહ્યો હતો. વર્ષાને થતું હતું. આ કાળું કાળું અન્ધારું એના અસ્તિત્વને ઓગાળી તો નહીં દેને? અને વર્ષા અન્ધારાની લિપીને ઉકેલવા મથી રહી પણ લિપી હતી લામ્બી! અને આંખોએ એની પહેર્યા હતાં લેન્સ સમયના! અન્ધારું એને ટુકડાઓમાં વિભાજીત કરી ખાઇ રહ્યું હતું. વર્ષા ખવાઇ રહી હતી!

'સાંજ પડતાં પહેલાં અન્ધારું?' વર્ષા પ્રશ્નાર્થ બની.

'વાદળ છાયાં છે.' આશુતોષે કહ્યું. ખિસ્સામાંથી પાન કાઢ્યું. અન્ધારામાં ઝબોળેલું પાન-કાળું પાન-પાન! બટક બટક તે અન્ધારાને ચાવી રહ્યો.

વર્ષા! પથ્થરની શૂન્યતા પહેરેલી વર્ષા!

'ક્યાં ખોવાઇ?' આશુતોષનો સવાલ.

કોઇ વૃક્ષ તેનાં તમામ પાન ખેરવી દે તેમ વર્ષાનાં મનનાં તમામ વિચારપાન જ્યાં ત્યાં ખરી પડ્યાં હતાં. પવનની થાપટે વિચારપાન ઊડીને એને ચોંટી પડતાં હતાં. તેથી તેણે કહ્યું :



'ઘરે જઇશું?'

'હા,' કહેતાં આશુતોષ ઊભો થયો.

વર્ષા મનોમન બબડી રહી હતી 'મારી તકદિરમાં જ નથી આ માણસ. નહીતો —' એકાએક એની નજર જાસુદ પર બેઠેલા કાગડા પર પડી. તે એક પગે ઊભો હતો. બીજો પગ કપાઇ ગયો હતો. કદાચ એક પગે જ જન્મ્યો હશે...કદાચ તેના આ એક જ પગ પર તેના આખા વિશ્વનો ભાર લઇ તે ઊડતો હશે... અને એકાએક કા..કા..કરતા ઊડ્યો. તેના વિશ્વમાં જઇ ભળી ગયો. વર્ષાને થયું, ભળવું એ જીવમાત્રનો સ્વભાવ છે, ગુણધર્મ છે. જે પોતાના વિશ્વ સાથે ભળી નથી શકતા તેને વિશ્વ ભૂંસી નાખતું હોય છે.

વિજયે બગાસું ખાધું.

'વાત પૂરી નહીં કરો ત્યાં સુધી ઊંઘવા નહી દઉં.' કહેતાં આરતી હસી રહી.

ઘડિયાળમાં અગિયારનાં ટકોરા પડ્યાં.

'ત્યાર પછી આશુતોષને મેં આ વિશે વાત કરી ત્યારે તેણે મને જણાવ્યું-'

'હું આમાં કશું જ કરી શકું તેમ નથી.'

'તું ઇચ્છે તો ઘણું બધું કરી શકે, તું એની સાથે લગ્ન કરી શકે.'

'હું શા માટે લગ્ન કરું? મને લગ્ન જેવી બાબતમાં કોઇ રૂચિ નથી અને તેમ છતાં—'

'કેમ કે તે છોકરી તને પ્રેમ કરે છે.'

'તે તેનો નિર્ણય છે.'

'તો તારી એના પ્રત્યે કોઇ જવાબદારી જ નથી?'

'ના.'

'એણે પોતે કહેલું કે તું પણ એને—'

'ઘરમાં ફરતા ઉંદરને પણ હું પ્રેમ કરું છું'. કહેતાં આશુતોષે ઉમેર્યું — 'પ્રેમ હૃદયમાં જન્મે છે કે બુદ્ધિમાં તેની જ મને કશી ગતાગમ પડતી નથી. અને

એક છોકરી મને પ્રેમ કરે તે હેતુસર હું મારું જીવન’ આશુતોષ આગળ બોલે તે પહેલા જ વિજયે કહ્યું.’

‘બોલીને ફરી જવાનું તો કોઇ તારી પાસેથી જ શીખી શકે.’ કહેતાં ઉમેર્યું – ‘તું ફક્ત તારો જ વિચાર કરે છે.’

‘તો એમાં ખોટું છે?’

‘તારે વર્ષાનો પણ વિચાર કરવો જોઇએ.’

‘શું કામ હું મારા મગજ પર બોજો લઇને ફરું?’

‘એ તને હૃદયથી ચાહે છે.’

‘એ મને ચાહી શકે. તેમ કરવાનો તેને અધિકાર છે. તે તેની સ્વતંત્રતાનો સવાલ છે.’

‘અને તારે તારી પલાયતાનો સવાલ છે.’

‘આમાં પલાયન ક્યાંથી આવ્યું? હું સામે ચાલીને કોઇ પરિસ્થિતિને બાગ બનવા નથી માંગતો. હું મારી નિયતિના હાથમાં સપડાવા નથી માંગતો તેથી–’

‘તેથી તું કોઇને દુઃખી પણ કરી શકે.’ મારા આ સવાલનો જવાબ આશુતોષે મને આપ્યો નહોતો. કહેતાં વિજયે વાત પૂરી કરી. તેના મનમાં વસવશો જરૂર રહી ગયો હતો કે આશુતોષને તે પૂરેપૂરો ઉકેલી નહોતો શક્યો. આશુતોષે ત્યારે ચૂપકિદી પ્હેરી લીધી હતી, કેમ કે તે પોતાના સ્વભાવથી પરિચિત હતો. અને એ જાણતો હતો કે પોતાના વર્તનથી કોઇને દુઃખ પહોચ્યું હશે તો તે માટે કશું જ કરી શકે તેમ નહોતો તે. અથવા કશું જ એ માટે કરવાની તેની તૈયારી નહોતી. તે માનતો હતો, હું મારા સ્વભાવ પ્રકૃતિ પ્રમાણે જીવું છું અને એ રીતે જીવવાનો મને પૂરતો અધિકાર છે. સ્વતંત્રતા છે. અને કોઇ જાતે કૂવો ખોદીને પડવા તૈયાર થાય તો હું શું કરી શકું? એ માટે એને પણ પૂરતો અધિકાર છે. સ્વતંત્રતા છે.

આશુતોષ માટે આવા કોઇ જ પ્રશ્નો અગત્યતા ધરાવતા નહોતા. કેમ



કે તેના મને જીવન એ જ એક મોટો અને મહત્વનો પ્રશ્ન હતો. જેનો ઉકેલ, સમાધાન મેળવવા તે જ્યા ત્યાં ઝાવા નાખતો હતો. પણ ક્યાંયથી કશું લાધતું નહોતું.

આ સમયે આરતી વિજય સામે પ્રશ્ન પ્હેરી ઊભી હતી.

‘ક્યાં રહે છે વર્ષા?’

‘અમારા જ ગામમાં.’

‘અમારાં લગ્ન વિશે તે–’

‘જાણે છે.’ વિજયે સ્પષ્ટતા કરી.

‘તો એ વિશે–’ કહેતાં આરતી અટકી.

‘એ વિશે એનો કોઇ જ પ્રતિભાવ નથી.’ કહેતાં લાંબુ બગાસું ખાધું. આરતી સામું જોતાં કહ્યું :

‘શું હવે હું સૂઇ શકું?’

‘મેં ક્યારે ના પાડી?’ આરતીના જવાબથી વિજય હસી ઊઠ્યો. તેણે હસતાં હસતાં કહ્યું – ‘સંગ તેવો રંગ.’

અને બન્નેના હાસ્યથી અન્ધારું ચિરાઇ ગયું. પણ આરતીના મનમાં કશુંક અન્ધારાતું હતું. જેને એ જોઇ શકતી હતી પણ સમજી શકતી નહોતી. અને જેમ જેમ સમજવાની કોશિશ કરતી હતી તેમ તેમ તે કોઇ અન્ધારામાં એકલતા મહેસૂસતી હતી.

## પ્રકરણ : ૧૧

પ્રેસમાં મિ.દેસાઇના સ્થાને સોનું આર્યન આવી હતી. તંત્રીએ એ પહેલા આશુતોષને બોલાવી કહ્યું હતું :

'સોનું આર્યન દેસાઇનો ચાર્જ સંભાળશે.'

'જી.હા.'

'તમે એને જરૂરી માર્ગદર્શન કરજો.'

'ભલે.'

'ગુજરાતીમાં બી.એ. થયેલ છે એટલે તમને તકલિફ નહીં પડે.' કહેતાં કહેલું – 'સ્પેશ્યલ સમાચાર પણ લખાવજો.'

અને તંત્રીની સૂચના પ્રમાણે સોનું આર્યનનું ટેબલ આશુતોષ પાસે મૂકી આપવામાં આવ્યું હતું. જેથી આશુતોષ જરૂરી સૂચન કરી શકે. તેનો આજે પહેલો દિવસ હતો. તેથી તંત્રી વિભાગમાંથી મિ.પટેલ અને મિ.ત્રિમૂર્તિએ અભિનંદન આપ્યા. બંન્નેએ સોનું આર્યનને પોતાનો પ્રાથમિક પરિચય આપ્યો.

'આ છે આશુતોષ.' તંત્રી વિભાગનો લિડર. આશુતોષને આવેલો જોઇ મિ.પટેલે તેનો પરિચય આપ્યો.

'કેમ છો સર?' કોયલ ટહુકો કરે તેમ સોનું આર્યન ટહુકી.

આશુતોષ કંઇ બોલ્યો નહીં, આંખોથી જવાબ આપ્યો. તેથી સોનું આર્યનના ગોરા ચહેરા પર મૂંઝવણના ડાઘ કળી જઇ મિ.ત્રિમૂર્તિએ હસતાં



જણાવ્યું.

'આશુતોષ બોલશે બહુ ઓછું, પણ બોલશે મહત્વનું-ક્યારે કોઇને ન સમજાય તેવું.'

આશુતોષના ટેબલ પર ત્રણેક ફાઇલો પડી હતી. તેણે ફાઇલો ખોલી. પ્રથમ ફાઇલમાં કેટલીક સ્પેશ્યલ ટપાલો હતી. જે સોનું આર્યનના ટેબલ પર મૂકતાં કહ્યું :

'સમાચાર લખી શકશો?'

'કદી લખ્યા નથી.'

'લખી શકશો?'

'તમે મદદ કરશો?'

'મને વાંધો નથી.'

બીજી ફાઇલમાં કેટલાક ક્રાઇમ સમાચારના ટાઇટલ હતા, જે અન્ય અખબારમાંથી કટિંગ્સ કરી લેવામાં આવ્યા હતા. એક ઊંડી દ્રષ્ટિ કરી લઇ આશુતોષે કહ્યું :

'મિ.પટેલ, આજકાલ તમારું ધ્યાન ક્યાં છે?'

'કેમ શું થયું?' મિ. પટેલે પૂછ્યું.

'ગઇ કાલે તમે મહત્વના પાંચેક સમાચાર ચૂકી ગયા. એ પહેલા આત્મહત્યાનો બનાવ એક આપણા અખબારને છોડી તમામ અખબારોમાં વિસ્તારથી સાતેક કોલમનો છપાયો હતો.' કહેતાં કહ્યું – 'જો કે આ કોઇ મોટી ઘટના નથી. મારા કે તમારા જીવનમાં કોઇ ઝંઝાવાત નહીં ફૂંકાય જેનો મને વિશ્વાસ છે, પણ જરા ધ્યાન રાખો.'

'ગઇકાલે ઘરે વહેલા જવાની ઉતાવળમાં જ આ ચમાચાર રહી ગયા.' મિ.પટેલે સ્પષ્ટતા કરી.

અને ત્રીજી ફાઇલ જોયા વિના જ આશુતોષે મિ.ત્રિમૂર્તિને આપી દીધી.

'એમાં શું હતું?' સોનું આર્યને પૂછ્યું.

'આમાં આજના લખવાના લેખના ટાઇટલ અને જરૂરી મૂદ્દા હોય છે.' મિ.ત્રિમૂર્તિએ જણાવ્યું.

'આ ફાઈલો કોણ મોકલે?'

'તંત્રીશ્રી...'મિ.પટેલે કહ્યું.

'હું શું લખું?' સોનું આર્યને આશુતોષને પૂછ્યું.

આશુતોષ કંઇ બોલે તે પહેલા જ મિ.ત્રિમૂર્તિએ તેને પૂછ્યું :

'ચા લેશો કે કોફી?'

'હું તમને ખોટી તક–' સોનું આર્યન વાક્ય પૂર્ણ કરે તે પહેલા મિ.ત્રિમૂર્તિએ કહ્યું.

'દરરોજ સવાર અને બપોર પ્રેસ તરફથી ચા હોય છે, હું તમને મારી પોતાની નથી પિવડાવતો, અધિકાર છે હવે તમારો.'

'કોફી...'

અને મિ.ત્રિમૂર્તિએ ત્રણ ચા, એક કોફીનો ઈશારો કર્યો.

'આશુતોષ, સાંભળવામાં આવ્યું છે કે કોમ્પ્યુટરવાળાના પગાર વધારી દેવામાં આવ્યા છે?' મિ.પટેલે રોજની રામાયણ શરૂ કરી.

'મારી પાસે એવી કોઇ માહિતી નથી.'

'સાચી વાત છે આશુતોષ' મિ.ત્રિમૂર્તિએ કહ્યું.

'સારી વાત છે.'

'તું આને સારી વાત કહે છે? હજી આપણા પગાર વધ્યા હોય તો તું –'

ચા-કોફી બોલતો છોકરો પ્રવેશ્યો.

મિ.ત્રિમૂર્તિએ છોકરાને કોફીનો કપ સોનું આર્યનના ટેબલ પર મૂકવા જણાવ્યું. છોકરો ચાલ્યો ગયો.

'તમે આ પહેલા કોઇ પ્રેસમાં કામ નથી કર્યું?' મિ.પટેલ પૂછી રહ્યા.

કોફીનો કપ હાથમાં પકડતાં સોનું આર્યને કહ્યું :



'આ પહેલો જ અનુભવ છે.'

'કોઇ ઓળખાણ હતી તમારી!'

'ના.'

'તો?'

'મેં કેવળ એક એપ્લિકેશન કરેલી હતી, મને પ્રેસમાં કામ કરવાનો અભરખો હતો તેથી.'

ચા પીધા પછી આશુતોષે મોંમાં પાન મૂક્યું કે સોનું આર્યન બોલી –

'તમે પાન ખાઓ છો?'

'કેમ ન ખવાય?'

'પાન ખાવું થોડું વિચિત્ર લાગે...' સોનું આર્યનની વાત સાંભળી મિ.પટેલ અને મિ.ત્રિમૂર્તિ હસ્યા. તેથી ઝંખવાતા તેણે ઉમેર્યું – 'કેમ હું કંઇ ખોટું બોલી?'

'ના, માણસ જ આખો વિચિત્ર છે.' મિ.ત્રિમૂર્તિ હસતા હસતા બોલ્યા.

અને બીજા દિવસમાં સોનું આર્યન તેના નિખાલસ સ્વભાવને લીધે તંત્રી વિભાગમાં ભળી ગઈ. સ્પેશ્યલ સમાચાર પણ લખવા લાગી હતી, પરંતુ પ્રાથમિક કક્ષાના. તેથી આશુતોષે જણાવ્યું :

'તું સમાચાર લખે ત્યારે પહેલા જ પેરેગ્રાફમાં સમગ્ર ઘટનાનો સારાંશ સ્થળ, સમય, બીના, લખવાનો આગ્રહ રાખ. કેમ કે પ્રત્યેક વ્યક્તિ આ સમાચાર વાચશે તેવું માની નહીં લેવાનું. તેથી તેને એક જ પેરેગ્રાફમાં ખબર પડી જવી જોઇએ. જો રસ હશે તો તે વધુ ડિટેઇલમાં વાચવા બીજા પેરેગ્રાફનો ઉપયોગ કરવાનો જ છે.'

'સોરી.'

'આમાં સોરી ક્યાંથી આવી?'

'હું ભૂલો કરુ છું તેથી.'

'ભૂલો તો હું પણ કરું છું, પણ એકની એક ભૂલ વારંવાર નથી કરતો.'

સોનું આર્યન કશું જ બોલ્યા વિના તેની માંજરી આંખોમાં આશુતોષને સમાવી રહી.

આશુતોષની આંખ ખુલી ત્યારે ઘડિયાળના કાંટા સાતના આંકડા પર કોઇ યોગીની મુદ્રાથી એકત્વ પામી ઊભા હતા. શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રની જેમ એક વર્તૂળ રચી સુરજ ફરી પાછો આકાશના કપાળ વચ્ચે આત્માની પેઠે ચમકતો ઊભો હતો. પરમતત્વની ખોજમાં નીકળ્યા હોય તેમ પંખીઓ તેમના માળા ત્યજી સૂર્યની પણ પેલે પાર જવા થનગની રહ્યાં હતાં. સવારનું પવિત્ર વાતાવરણ 'ૐ'કાર નાદનું શ્રવણ કરી ધીમેધીમે તેના ફેફસામાં ધુમાડાના કાળા ગોટાઓ, ધુળની ડમરીઓ અને મશીનો ને માણસોના મિશ્રિત અવાજોને ઠસોઠસ ભરી રહ્યું હતું.

સૂરજનો તડકો આશુતોષની રજાઇ પર ઢગલો થઇને પડ્યો હતો. કઇ સમય સુધી તેણે બારીમાંથી સુરજના પિંડને તાક્યા કર્યું. આવા હજારો સૂરજને તેની ખરબચડી હથેળીમાં મસળી તેની રાખને કપાળ પર લગાવી નટરાજની જેમ એક પગ પૃથ્વી પર ટેકવી સમયાતીત ઊભા રહેવાની પ્રબળ ઇચ્છા તેના મનમાં ઊગી. તેના ચહેરા પર કોઇ સિદ્ધપુરુષની જેમ ઓજસ્વિતા ઠલવાઇ રહી હતી. પૃથ્વી નામના ગ્રહથી કપાઈ જાણે કોઇ અન્ય ગ્રહનું માનવશિલ્પ હોય તેવી અદમ્ય જીજ્ઞાસાથી સૂરજ સન્મુખ તાકી રહ્યો. એ દિશામાં પગ મૂકતા પહેલા અસ્તિત્વ નામના પહેલા જ પગથિયે ઓગળી જવું પડે છે. અને એજ રાખમાંથી બેઠા થવું પડે છે. આશુતોષ પોતાને સમજી શક્યો નહીં. પોતાને આજે અધ્યાત્મ વિચારો કેમ આવ્યા? અને કશું જ વિચાર્યા વિના તે ઊભો થયો. બ્રશ લઇ અગાશીમાં જઇ ઊભો.

નાકમાં એના મોગરાની સુવાસ આવી બેઠી. આરતી ક્યાંકથી મોગરો લઇ આવ્યાનું સ્મરણ થયું. એકાએક એની નજર સામેના બંધ મકાન પર પડી. ચટ્ટાપટ્ટાવાળી એક બિલાડીના બે પગ વચ્ચે ઉંદર હતો. જીવવા સંઘર્ષ કરતો ઉંદર...પણ કાળસમા બે પંજા વચ્ચે તેના શ્વાસ ખૂટતા હતા. જીવવાના તેના



તમામ પ્રયત્નો વ્યર્થ હતા. તેનું મૃત્યુ નિશ્ચિત હતું. નિશ્ચિત નહોતી કેવળ ક્ષણ. સવાલ હતો તેના સંઘર્ષનો. એ ક્યાં સુધી સંઘર્ષ કરશે? એ ક્યાં સુધી સંઘર્ષ કરી શકશે? કાળની ઉપરાઉપરી થપાટો તેને પડતી હતી. એક જીવ આ પૃથ્વી પરથી ભૂંસાઇ જશે...અને હું બ્રશ કરતો હોઇશ. ચા પીશ, પાન ખાઇશ એક જીવનું અસ્તિત્વ ખલાસ થઇ જશે, હું પ્રેસમાં હોઇશ.

એની બ્રશ પરની ટ્યૂબ સૂકાઇ ગઇ હતી.

એની નજરમાં એક વૃદ્ધ વડિલ સમાયા. પંખીઓને ચણ નાખી રહ્યા હતા. આ કદાચ તેમનો નિત્યક્રમ હતો. વર્ષો પહેલાં ગામના રતનભાઇને આશુતોષે પૂછેલું :

'કોઇ દિવસ તમે પંખીઓને ચણ નાખવાનું ભૂલી જાવ તો?'

'પંખીઓ આવીને પાછા ચાલ્યા જાય.' સહજતાથી રતનભાઇ બોલેલા.

'પંખીઓ આવીને પાછા ચાલ્યા જાય તેટલું જ નહીં, તે ભૂખે પણ મરે.'

'એ કેવી રીતે?'

'ઘઉંથી ટેવાઇ ગયા હોય ને?'

રતનભાઇ હસી પડેલા, પછી બોલ્યા હતા :

'જે હોય તે દીકરા, હું તો પુણ્ય કમાઉં છું.'

શું આ માણસ કેવળ પુણ્ય કમાવા પંખીઓને ચણ નાખતો હશે! શું આ પુણ્ય કમાવવાનો રસ્તો હશે? પણ શું છે આ પુણ્ય? શું એના વિના આ જીવન શક્ય નથી? તો હું કેવી રીતે જીવી રહ્યો છું?

કોયલના ઝૂંડ કુહું....કુહું....કરતા એક જગાએ ઊડી રહ્યાં હતાં. આશુતોષે ધ્યાનથી જોવાનો પ્રયત્ન કર્યો. વીજળીના જીવતા વાયરથી કોઇ કોયલનું પ્રાણ પંખેરું હવામાં ભળી ગયું હતું. તેના લટકતા દેહની આસપાસ કોયલનાં ઝુંડ ઊડતાં હતાં. આશુતોષને ગામના એક સાધુની વાણી યાદ આવી—

'મૃત્યુ માટે માણસે ક્યારેય શોક કરવો જોઇએ નહીં કેમ કે માણસનો

દેહ પંચમહાભૂતમાં ભળી જવા, છતાં તેનો આત્મા અમર રહે છે. એક દેહ ત્યજી તે બીજો દેહ ધારણ કરે છે.' કહેતાં તેમણે કહેલું – 'ન જાયતે મ્રિયતે વા બ્દ્માચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ । અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરરે ॥(આ આત્મા કદી જન્મતો કે મરતો નથી.અથવા પૂર્વે નહીં હોઇ, ફરી નહીં હોય, એમ પણ નથી. આ અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. તેથી શરીર મરાયા છતાં મરાતો નથી.)

આશુતોષે સામે પૂછ્યું હતું – 'દરેક માણસને મૃત્યુ આવે?'

'હા, પ્રત્યેક માણસે મરવું પડે.'

'અને ફરી પાછો જન્મ લેવો પડે?'

'હા, વત્સ.'

'શું કામ?'

'આ જ ભગવાનની લીલા છે, જેને કોઇ કળી નથી શકતું.'

'એ ભગવાન આવી લીલા શું કામ કરતો હશે?'

'એ કંઇક સિદ્ધ કરવા માગતો હશે.'

'શું સિદ્ધ કરશે?'

'દીકરા એની માયાને કેમ પમાય?'

'શું સાચે જ કોઇ ભગવાન છે?'

'છે.'

'તમને એના હોવા વિશે વિશ્વાસ છે?'

'છે.' કહેતાં ઉમેર્યું – 'આ વિશ્વાસની વસ્તુ છે. માને તેના માટે છે. ના માને તેના માટે નથી.' સાધુએ સ્પષ્ટતા કરી પછી કહ્યુ :-

'માણસે તેનામાં વિશ્વાસ રાખવો જોઇએ.'

'કેમ એનામાં વિશ્વાસ કરવો જોઇએ?'

'કેમ કે એ સર્વસ્વ છે.'

'કેમ એ સર્વસ્વ છે?'



'કેમ કે એ ભગવાન છે.'

'ભગવાન હોવું એટલે સર્વસ્વ હોવું?' આશુતોષની વાત નહીં સમજાતા સાધુએ પૂછ્યું :-

'તું શું કહેવા માગે છે?'

'તમારો ભગવાન કેમ સર્વસ્વ છે?'

'કેમ કે એ–' સાધુ મહારાજ અટકી ગયા.

માણસને પોતાની રીતે જીવવા કે મરવાનો પણ અધિકાર નહીં? શા માટે માણસના હાથ ખાલી? માણસને છેતરવામાં આવી રહ્યો છે, તે છેતરાઇ રહ્યો છે. કીડી મકોડા જેટલોય તે સ્વતંત્ર નથી. કેમ? તેની પાસે આવી રમત શા માટે રમવામાં આવે છે? અને તેની સાથે આવી ભયંકર રમત કોણ રમી રહ્યું છે? ભગવાન? એ પણ એક રમત નથી?

'આશુ...' આરતીના શબ્દો : 'ચા ઠંડી થઇ જશે.'

બ્રશ પરની ટ્યૂબ સૂકાઇ ગઇ હતી. છતાં દાંત પર ઘસવા લાગ્યો આશુતોષ.

આશુતોષના હાથમા ચાનો કપ આપતા આરતીએ પૂછ્યું :-

'કપડાંને ઇસ્ત્રી કરવાની છે?'

'ના, ચાલશે.' આશુતોષે કહ્યું.

'એકાદ બે પેન્ટ ખરીદી લેવાના છે.'

'હજી જૂનાં પડ્યાં છે.'

'ઘસાઇ ગયાં છે.'

'પહેરી શકાય તેવા છે.' કહેતાં કહ્યું – 'તારે એકાદ બે ડ્રેસ લેવા હોય તો સાંજે જઇએ.'

'ના, કપડાં તો મારી પાસે પૂરતા છે.' ઉમેર્યું – 'પણ થોડી બે ત્રણ ખુરશી લેવાની છે. દેવાંશુભાઇનો સામાન પાછો નથી આપવાનો?'

'સાચું...'

થોડી પળો વીતી. આખરે આરતીએ વાત છેડી :-

'વિજયભાઇ કહેતાં હતા કે વર્ષાએ હજી મેરેજ કર્યા નથી.'

'તે તેનો નિર્ણય છે.' સેવિંગ કરતા આશુતોષે જણાવ્યું.

'તે નિર્ણય માટે તમે જવાબદાર નથી?'

'ના.'

'કેમ?'

'કેમકે મેં તેને રોકી હતી.'

'બસ એટલી જ હતી તમારી ફરજ?'

'તો શું હતું?'

'કશું જ નહીં.' મોં ધોતા આશુતોષે કહ્યું.

'મને એક વખત તેની મુલાકાત કરાવશો?'

'એ મારા હાથની વાત નથી.'

'તો તમારા હાથમાં શું છે?'

'દાઢી કરવાનું બ્રસ.' આશુતોષે વાસ્તવિક્તા જણાવી.

આરતીએ ચૂપકીદી ઓઢી.

સમય વીતતો રહ્યો. આશુતોષે પ્રેસ જવા માટે સ્કુટરને કિક મારી.



## પ્રકરણ : ૧૨

મંદિરના શંખમાંથી સંધ્યા ફૂટી રહી હતી. આકાશમાંથી અન્ધકારના પુષ્પોની વર્ષા પૃથ્વી પર થઇ રહી હતી. આશુતોષ અને આરતી મંદિરના બનાવેલાં એક નાનકડાં બગીચામાં બેઠા હતાં. ભમરાની ગુંજન આરતીના કાનમાં સળવળતી હતી. તેણે દૂર લંબાવેલી દ્રષ્ટિ સંકોચતાં આશુતોષને પૂછ્યું:-

'આજે આપણે પહેલી વખત સાથે મંદિરમાં આવ્યા છીએ. છતાં તમે અંદર કેમ આવ્યા નહીં?'

'તારી અંદર હું છું એવું તું કહે છે ને?' બોગનવેલ તોડતા આશુતોષે કહ્યું.

'હજાર વખત.'

'તો પછી હું ક્યાં બહાર હતો?' આશુતોષે સ્પષ્ટતા કરી.

મંદિરમાં ગુંજતો શંખ—

ઢોલ નગારાંનાં અવાજમાં ઓગળતા ભક્તોના અવાજ—

આરતીની ઉચ્છવાસમાં મોગરાની સુવાસ—

આશુતોષના મોંમાં ઓગળતું પાન—

'આશુ, તમને પૂછવાની ઇચ્છા થતી નથી કે મારે મમ્મી સાથે શું વાત થઇ?' આરતી આશુતોષના ચહેરા સામે જોતા બોલી.

'ઇચ્છા તો થઇ હતી, પણ પછી ના પૂછ્યું. હું જાણીને પણ શું કરીશ?'

'તમે કેવા માણસ છો?'

'કેમ?'

'શું બોલું એ જ નથી સમજાતું મને.' કહેતાં આરતીએ સાડી વ્યવસ્થિત કરી. પછી કહ્યું – 'સવારે ઘરે જતાં પહેલા વિજયભાઇએ મને કહેલું કે તમે એક વિચિત્ર માણસને પરણ્યા છો. જરા સાચવીને રહેજો.' કહેતાં ખાંસી ખાતાં ઉમેર્યું – 'વિજયભાઇ સાચા છે.'

આશુતોષની નજર હતી આરતીની થરકતી જ્યોતમાં.

'હું કહું તે સાંભળશો તો ખરાને!'

'ચોક્કસ.'

એકાએક એક બાળક ઘૂંટણીયાભેર ચાલતું આરતી પાસે આવી ઊભું. તેની સાડી ખેંચી રહ્યું. આરતીએ બાળકને હાથમાં લેતાં આશુતોષ સામું જોયું. આશુતોષને જોતાં જ બાળક રડી પડ્યું. તેના રડવાનો અવાજ સાંભળી એક બેન ત્વરાથી આવ્યા. બોલ્યા :

'મસ્તીખોર છે.' કહેતાં બાળકને લઇ અદ્રશ્ય થઇ ગયા.

આરતી આશુતોષ સામું તાકી રહી. એની આંખમાં સપના આવી બાઝયાં હતાં.

'મમ્મીને ફોન કર્યો ત્યારે તે એક જ વાતની જીદ કરે છે કે તું એક વખત ઘરે આવી જા.' આરતીએ કહેવાનું શરૂ કર્યું. 'તમે મારા ઘરે નહીં આવો? મેં પૂછ્યું ત્યારે તેમણે મને જણાવ્યું –'

'આવીશ, પણ તું પહેલા ઘરે આવી જા.'

'હું એકલી નહીં આવું.'

'એક વખત તો તારે એકલીને ઘરે આવવું જ પડશે.'

'પણ તમે એનો સ્વીકાર કેમ નથી કરતા?'

'બેટા, સ્વીકારનો સવાલ જ ક્યાં છે? અમે તમને હવે સ્વીકારી જ લીધા છે.'



'તો પછી–'

'તારા પપ્પા તને મળવા માગે છે.'

'પણ–'

'તું અહીં એક વખત ઘરે આવી જાય અને તને જૂએ તો તેમને શાન્તિ થાય.'

'પણ પછી મને–'

'તને કશું જ નહીં થાય. એ જવાબદારી મારી,' કહેતાં તેમણે કહ્યું – 'તારે એસ.વાય.ની પરીક્ષા આપવા તો અહીં આવવું જ પડશે ને? પરીક્ષા આપવાની છે ને?'

'હા.'

'તો ક્યાં રહીશ?'

'ગેસ્ટ હાઉસમાં.'

'અહીં આપણું ઘર હોવા છતાં તું ગેસ્ટહાઉસમાં રહી પરીક્ષા આપે તે કેવું લાગે? તને કોઇ જુએ અને તારા પપ્પાને કહે તો વધારે દુઃખ થાય બેટા!'

'મને ડર લાગે છે તેમનો.'

'તો તેં કામ જ એવુ કર્યું છે તો...' કહેતાં કહ્યું – 'પણ, તને કશું જ નહીં કહે, તારી જવાબદારી હું લઉં છું ને?' મમ્મી મને વિશ્વાસ આપવાના પ્રયત્નો કરી રહ્યાં હતાં પછી એમણે પૂછ્યું :-

'આશુતોષ પ્રેસમાં જાય છે?'

'હા.'

'પ્રેસમાં જ જીવન વીતાવવાનું છે?'

'ના.' કહેતાં કહ્યું – 'કદાચ શિક્ષક થશે.'

'બી.એડ્. કરેલું છે?'

'ના.' કહેતાં મેં કહ્યું – 'એમ.ફિલ. કરવાનું કહે છે.' પછી બી.એડ્ કરશે.

'બે પાંચ માણસોમાં ઓળખાણ છે?'

'ખબર નથી.'

'બેંક બેલેન્સ?'

'હમણાં તો નથી.'

'જીવનમાં મારી એક વાત યાદ રાખજે.' કહેતાં ઉમેર્યું – 'સાહિત્યથી મન હૃદય ભરાય, પેટના ભરાય.'

સંધ્યાના તૂટતા તોરણ–

બોગનવેલ જેવો વધતો અન્ધકાર–

'તમારું શું માનવું છે?' આશુતોષના હાથને દાબતા આરતી પ્રશ્નાર્થ થઇ.

'શાના માટે?'

'મારે જવું જોઇએ ઘરે!'

'તું શું માને છે?'

'મને કંઇ સમજાતું નથી.'

'એક દિવસ તો તારે ઘરે જવું જ પડશે ને?'

'પણ એ દિવસે હું એકલી નહીં હોઉં, તમે પણ મારી સાથે જ હશો.' આરતીએ સ્પષ્ટતા કરી.

'અત્યારની પરિસ્થિતિ જુદી છે. તારા માબાપ તને ફક્ત, તને મળવા માગે છે. મને નહીં.'

'હું નહીં જઉં...'

'એ તારી મરજીની વાત છે.'

'હું ક્યારેય તમને છોડીને નહીં જાઉં...'

બન્ને ઊભા થયાં. તેમના ખોળામાંથી ખોબો સન્ધ્યા છલકાઇ. તેના પર પગ મૂકતો આશુતોષ બહાર નીકળ્યો. સંધ્યા કણસતી અન્ધકારમાં ભળી ગઇ.



બન્ને ઘરની દિશામાં દોરાયા.

સ્ટ્રીટ લાઇટો કૃત્રિમ અજવાળું ઢોળતી મોં નમાવી ઊભી હતી.

અંધાકારના ટુકડા અજવાળામાં ઓગળતા હતા.

એક દેડકો રોડ ક્રોસ કરી રહ્યો હતો. તેની ગતિ અત્યંત મંદ હતી. તેની પાસેથી મોટા તોતિંગ વાહનો પસાર થતાં હતાં અને એક ટ્રકના પૈંડા નીચે તેના શ્વાસ ચોંટી ગયાં. કશું જ થયું નથી. તેવી રીતે ટ્રક તેની એકધારી ગતિથી અન્ધારામાં અન્ધારું થઇ ભળી ગઇ.

એકાએક તોતિંગ વાહનની બ્રેકનો અવાજ આશુતોષના કાને અથડાયો. તેણે પાછું ફરી જોયું. એક સાયકિલસ્ટ ટ્રકના વ્હિલ નીચે આવી પટકાયો હતો. સ્હેજ તેના પગમાં બ્રેક વાગી. પણ બીજી જ પળે એણે ચાલવા માંડ્યું.

'તમારે જવું નથી?' આશુતોષના પગલા પૂરવા મથતી આરતી પૂછવા લાગી.

'ક્યાં?'

'અકસ્માત–'

'નથી જવું.'

'કેમ?'

'બસ, નથી જવું.'

'તમે તો પત્રકાર છો.!'

'મને માણસની લાશ જોવી નથી ગમતી.'

'પણ રિપોર્ટિંગ.'

'મરેલા માણસનું કરું?' આરતીની સામું જોતો આશુતોષ.

'બીજા છાપાવાળા આપણાથી આગળ નહીં નીકળી જાય?'

'નીકળી જાવા દે.'

'તો આપણું અખબાર. કોણ ખરીદશે? અને અખબાર નહીં ખરીદાય તો–' આરતી આગળ બોલી શકી નહીં. આઇસ્ક્રિમની દૂકાન જોતા બોલી.

'આઈસ્ક્રિમ ખાશું?'

'હા.'

બન્નેના પગ આઈસ્ક્રિમના સ્ટોલ તરફ ફંટાયા.

બે આઈસ્ક્રિમ આવ્યા.

હું આઈસ્ક્રિમ ખાઉં છું. ખાઇ રહ્યો છું અને સામે પડી છે એક માણસની લાશ...છતાં હું આઈસ્ક્રિમ ખાઇ રહ્યો છું....આઈસ્ક્રિમ ખાવો ગમે છે...અને હું ખાઉં છું. જે જગતને આપણે જોઇએ છે તે જગત આપણને માફક આવતું નથી. માફક આવી શકે તેમ નથી. તો શું માણસે તેનું અલગ જગત રચી લેવાનું હશે?

કદાચ હા...

તો હું આઈસ્ક્રિમ ખાઇ રહ્યો છું...

મારી પત્ની પણ ટેસથી—

એમ્બ્યુલન્સ આવી છે...

લાશ જઇ રહી છે...

આઈસ્ક્રિમ ઓગળી રહ્યો છે...



## પ્રકરણ : ૧૩

તંત્રી વિભાગમાં સૌ પોતપોતાના કામમાં ખૂંપેલાં હતાં. મિ.પટેલ પાસેથી ક્રાઈમ વિભાગ લઇ મિ. જાદવને સોંપવામાં આવ્યો હતો. જ્યારે મિ.પટેલ હવે સોશ્યલ ડિપાર્ટમેન્ટ સંભાળતા હતા. અને સોનું આર્યન પ્રેસ કોન્ફરન્સ સંભાળતી થઇ હતી. આશુતોષ અને મિ.જાદવ આ પહેલાં જિલ્લાના એક અખબારમાં સાથે કામ કરી ચૂક્યા હતા.

ટેલિફોનની રીંગ રણકી.

'હલો, રિસીવર ઉઠાવતા મિ.જાદવ.'

'—'

'હા, લખાવો.' કહેતાં મિ.જાદવે લખવા માંડ્યું. લખી લીધા પછી આશુતોષ સામે જોતા કહ્યું:

'ગમખ્વાર અકસ્માત...'

'કેટલા મર્યા!' મિ.પટેલથી પૂછાઇ ગયું.

'હતા એટલા બધા જ.'

આશુતોષે ઊભા થઇ બારીમાંથી પાનની પિચકારી મારી.

'આજ કોલમનો પટ્ટો જ બનાવી દઉં.' કહેતાં મિ.જાદવે ઉમેર્યું — 'સારા સમાચાર મળી ગયા, આપણું તો કામ પૂરું થઇ ગયું.' કહેતાં મિ. જાદવે સનગ્લાસ આંખો પર ચઢાવ્યા પછી આશુતોષને પૂછ્યું :-

'આપણી પ્રેસમાં ફોટોગ્રાફર કોણ છે?'

'કોઇ જ નહીં...' કહેતાં મિ.પટેલે સ્પષ્ટતા કરી.

'નીચે ઓફિસમાંથી તને કેમેરો મળી જશે...'આશુતોષે કહ્યું.

મિ.પટેલે હસતા હસતા ઘટનાસ્થળે પહોંચવા પગ ઉપાડ્યા.

'સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજરોજ તંત્રીશ્રી એક અગત્યની મિટિંગ બોલાવવાના છે.' મિ.જાદવના ગયા પછી મિ.પટેલે પોતાની વાત મૂકી.

'કેમ કોઇ કારણ?' મિ.ત્રિમૂર્તિની જિજ્ઞાસા.

'કહેવાય છે કે જિલ્લામાં જે એક મોટું અખબાર શરૂ થઇ રહ્યું છે તેના અનુસન્ધાનમાં.'મિ.પટેલે રહસ્ય ખોલ્યું.

'હવે રેલો આવ્યોને એટલે!' હસતાં હસતાં મિ.ત્રિમૂર્તિ બોલ્યા.

'નવું અખબાર શરૂ થવાનું છે?' સોનું આર્યન.

'કેમ તારી ઇચ્છા છે?' મિ.પટેલે પૂછ્યું. તેઓ 'તમે' થી 'તું' સુધી પહોંચ્યા હતા.

'તક મળે તો જતી પણ રહું!'

'હજી અહીંયા તો મહિનો પૂરો કર...' કહેતાં મિ.ત્રિમૂર્તિ હસ્યા.

આશુતોષ પાન ચાવી રહ્યો હતો.

અને બપોર દરમિયાન પટાવાળો નોટિસ લઇ આવ્યો. આશુતોષે સહી કરી. અને સમય થતાં સૌ ભેગા મળી તંત્રીની કેબિનમાં પ્રવેશ્યા. તંત્રીએ સ્મિત સાથે આવકાર આપ્યો. જેનું આશ્ચર્ય મિ.પટેલને થયું.

સૌ ખુરશીમાં ગોઠવાઇ ગયા.

પટાવાળો પાણીના ગ્લાસ લઇ આવ્યો.

'તમને જણાવી દઉં કે આ મિટિંગ ફક્ત તંત્રી વિભાગ સાથે છે અને તે પણ અંગત.' તંત્રીએ વાત કહેવાની શરૂ કરી.

સૌ ધ્યાનસ્થ થયા.



'આપણે આપણા અખબારને જિલ્લામાં અત્યાર સુધી પ્રથમ નંબર પર રાખવામાં સફળ થયા છે. અને હજી પણ આપણે અખબારને પ્રથમ નંબર પર ટકાવી રાખવાનું છે.' કહેતાં તંત્રીએ ઉમેર્યું — 'એ માટે આપણે કેટલાક જરૂરી ફેરફાર કરવાના છે, કેમ કે દિવસે દિવસે આ ક્ષેત્રમાં સ્પર્ધકો વધતા જાય છે તેથી હરિફાઇમાં ટકવા માટે મારે તમારી પાસેથી કેટલાંક સૂચનો જોઇએ છે, જે તમને આપણા અખબારના હિતમાં જરૂરી લાગતાં હોય.' કહેતાં તંત્રી અટક્યા.

ચા આવી.

'તમારું શું માનવું છે શર્મા?' તંત્રીએ આશુતોષને પૂછ્યું.

'કદાચ તમે સાચું કહેતાં હો.' આશુતોષે મ્હોં ખોલ્યું.

'એટલે?'

'તંત્રી વિભાગના ઘણા પ્રશ્નો છે. જે ઉકેલાય નહીં ત્યાં સુધી સૌ લાચાર છે.' અન્ય પત્રકારો વતી આશુતોષે સ્પષ્ટતા કરી. કેમ કે પત્રકારો મિ. પટેલ અને મિ.ત્રિમૂર્તિએ આશુતોષને વિનંતી કરતા કહ્યું હતું કે જો તંત્રી મિટિંગ બોલાવે તો તે તંત્રી વિભાગના પ્રશ્નો તરફ તેમનું ધ્યાન દોરે, ત્યારે આશુતોષે મિ. પટેલને કહ્યું પણ હતું :-

'પોતાના પ્રશ્નો પોતે જ ઉકેલવા જોઇએ.'

'પણ તું તંત્રી વિભાગનો બોસ છે.'

'એવું તમે માનો છે.'

'પણ તંત્રી અમારી વાતને ગમ્ભીરતાથી નહીં લે.'

''એ તમારી માન્યતા છે.''

'આ પહેલાં અમારી કોઇ વાતનો સ્વીકાર થયો છે? મને ઘરે વહેલા જવાની પણ રજા આપી છે?'

'ક્યાં સુધી તમે આ રીતે જીવશો? મને તો એ જ નથી સમજાતું કે તમે આમ કેવી રીતે જીવી શકતા હશો?'

'એટલે તું શું કહેવા માંગે છે?'

'કશું જ નહીં.' કહેતાં આશુતોષે પાણીના કોગળા કરી પાનવાળું મોં સાફ કર્યું.

'કહો મિ.પટેલ'

મિ.પટેલને કલ્પના પણ નહોતી કે આશુતોષ ફરી જશે. પોતાના ખભા પર તંત્રીવિભાગનો ભાર આવી પડતા તેઓ ઝૂકી ગયા. થોથવાતી જીભે બોલ્યા.

'ના, ના, મારે કોઇ જ પ્રશ્નો નથી.'

'મિ. ત્રિમૂર્તિ તમારે?' તંત્રીએ પૂછ્યું.

'ના.'

'જાદવભાઇ?'

'ના.'

'સોનું બહેન તમારે?'

'નો સર...'

'શર્મા, તમે ક્યા પ્રશ્નોની વાત કરો છો? પ્લીઝ, જરા મને સમજાય તેવું કહેશો?' તંત્રીએ પૂછ્યું.

ચાનો ખાલી કપ ટેબલ પર મૂકતાં આશુતોષે સ્પષ્ટતા કરી.

તંત્રી વિભાગને ઘણા પ્રશ્નો છે જેમકે –

પત્રકારોની સલામતિ.

પત્રકારોને અનિયમિત ચૂકવાતો પગાર.

વીકલી ઓફ ફરિજ્યાત મળવી જોઇએ.

તંત્રી વિભાગનો અપૂરતો સ્ટાફ.

પત્રકારને તમામ કરારમાંથી મુક્તિ.

તંત્રીવિભાગના સન્માન અને અંગતતાની જાળવણી.

પ્રેસ ફોટોગ્રાફરની ભરતી કરવી.

તંત્રી આશ્ચર્યથી આશુતોષને તાકી રહ્યા. હોઠના ખૂણામાં હસી લેતા



કહ્યું :-

'આ માટે મને થોડો સમય જોઇએ.' તંત્રી ઢીલા પડ્યા.

સર્વે છૂટા પડ્યાં.

તંત્રી વિભાગમાં પ્રવેશતા જ મિ.પટેલ આશુતોષને ભેટી પડ્યા. બોલ્યાઃ-

'આટલા બધા પ્રશ્નોની તો મેં કલ્પના પણ નહોતી કરી.' કહેતાં મિ.પટેલે ઉમેર્યું – 'મારા તો બે જ પ્રશ્નો હતા.'

'બીજાના પણ પ્રશ્નો હોય ને?' આશુતોષે કહ્યું સૌ તેને આશ્ચર્યથી જોઇ રહ્યા.

'આશુતોષ, થેન્ક્સ!' મિ.જાદવે કહ્યું.

'ઇટ્સ ઓકે.' કહેતાં આશુતોષ પોતાની ખુરશીમાં ગોઠવાયો.

'હું અને સોનું તો નવા છાપામાં જ ચાલ્યા જઇશું.' મિ.ત્રિમૂર્તિ બોલ્યા.

'કેમ અહીં શું ખોટ છે?' મિ.જાદવે પૂછ્યું.

'તમે થોડો સમય રહેશો એટલે સમજાઇ જશે.'

'તો શું તું એમ માને છે કે બીજાં છાપાંમાં પ્રશ્નો નહીં હોય?' કહેતાં મિ.જાદવે ઉમેર્યું. – 'તું જે સૂરજ અહીં જોઇ રહ્યો છે એ જ તને કાશ્મિરમાં મળશે, ત્યાં કોઇ નવો સૂરજ નથી.' કહેતાં ટેબલ પર પગ લમ્બાવતાં મિ.જાદવે કહ્યું:-

'આ માટે વધારે આશુતોષને પૂછી જો.'

'એ ક્યારે મ્હોં ખોલે છે?' મિ.પટેલ.

'મ્હોં ખોલે છે ત્યારે પાન મૂકે છે.' મિ.ત્રિમૂર્તિ.

તંત્રી વિભાગમાં હાસ્યનો પડઘો...પડઘો શમ્યો કે મિ.જાદવે કહ્યું:-

'સૂરતના પ્રતિષ્ઠિત અખબારમાં એ કામ કરતો હતો. ત્યારે શું થયું હતું તે પૂછી જૂઓ...'

'શું થયું હતું?'

સૌનું ધ્યાન આશુતોષ તરફ.

આશુતોષે પાન મોંમાં મૂક્યું પછી કહ્યું:

'જેલ થઇ હતી.'

'જેલ?' એકી સાથે મિ.પટેલ અને મિ.ત્રિમૂર્તિના ઉદ્‌ગાર

'આશુતોષના સમાચાર મેં પેપરમાં વાંચ્યા ત્યારે મને જાણ થયેલી.' મિ.જાદવે કહ્યું.

'અમને તો કહે...'મિ.પટેલ.

'સાંભળીને શું કરશો?' આશુતોષે પૂછ્યું.

'પ્લીસ સર...' આશુતોષનો હાથ પકડતી સોનું આર્યન.

સૌની નજર ફરી એક વખત આશુતોષના ચહેરા પર એકઠી થઇ.

આશુતોષ ઊભો થયો.

પાનની પિચકારી મારી.

સ્હેજ હસ્યો.



## પ્રકરણ : ૧૪

'એ દિવસો હતા કોમી તોફાનોના...

ગોધરાકાંડને લઇ આખું ગુજરાત સળગ્યું હતું. માણસ માણસ તરીકેનું તેનું સરનામું ખોઇ ભટકી ગયો હતો, ભટકાવી દેવામાં આવ્યો હતો. તેના ક્રૂર પગલાંની છાપ જ્યાં પડતી ત્યાં લોહીના ફુવારા છૂટતાં. માણસ લોહી તરસ્યો બન્યો હતો. તેના હાથ લોહીથી ખરડાયા હતા. એ લોહી હતું, અસંખ્ય નિર્દોષ માણસોનું. એમનો અપરાધ એ હતો કે તે રામના ભક્ત હતા, રહીમના બંદા હતા. અને એમાં રાજકારણ ઓગળ્યું હોવાની એક સળગતી શંકા સોયની જેમ ભોંકાતી હતી.'

'આ સમય દરમિયાન હું મારા મિત્રો સાથે હતો. કોઇ મિટિંગનું આયોજન હતું, તેથી મને સાથે લઇ ગયા હતા. દરમિયાન એકાએક કરફ્યું ઊતરી આવ્યું. આખું ગામ ભેંકાર થઇ ગયું. સમય સાંજનો હતો. સૂરજ પણ આથમવાની ઉતાવળમાં હતો. ગામ આખું કરફ્યું ઓઢી સળગતી શાંતિની ગોદમાં ખૂણે ખાંચરે બિલાડીની જેમ લપાઇ ગયું હતું. આ સળગી રહેલી શાંતિ ક્યારે રોડ પર દોડી આવી, વિકરાળ જ્વાળાઓમાં ક્યારે શું લપેટમાં લેશે એના વિશે ખુદ બી.એસ.એફ, એસ.આર.પી. કે સ્થાનિક પોલિસ પણ અજાણ હતી.

સળગતાં મકાનો અને દુકાનોમાંથી ઉડતા ધૂમાડા લોહીની ગંધ લઇ

ઊડતી હવામાં ભળી રહ્યા હતા. અને લાલ થયેલી હવા શ્વાસોમાં ઉતરી ફેફસાંને બાળતી હતી.

ક્યાંય કશું નહોતું ઓલવાયેલું કે ક્યાંય કશું નહોતું ઓલવાતું.

દિશાઓ સળગતી હતી ભડભડ....

પોલિસની કઇ ગોળી પર કોનું નામ લખાયેલું હશે. એ પણ પોલિસ પ્રજા વચ્ચે અધ્ધર હવામાં લટકી રહેલો જવાબ વિનાનો સવાલ હતો, પરન્તુ જે નિશ્ચિત હતું તે તો એ હતું કે એક ગોળી એક મોત!

બી.એસ.એફ, એસ.આર.પી. અને સ્થાનિક પોલિસના બૂટનો ઠબ્...ઠબ્...થતો અવાજ અને ભેંકાર શેરીઓમાં રડતા કુતરાઓના અવાજ હવામાં ભળી જઇ ધ્વનિઓનું વર્તુળ રચતા હતા.જેના પડઘાથી કેટલાય હૃદયની ગતિ અટકી ગઇ હતી.

સ્થાનિક પોલિસની ગાડીઓ પેટ્રોલિંગ માટે ભૂલા પડેલા મુસાફરની જેમ જ્યાં ત્યાં દોડ્યા કરતી હતી, છતાં સ્થાનિક પ્રજાને પોલિસ પર વિશ્વાસ રહ્યો ન હોતો. આ સ્થિતિથી કોઇ એક જ ગામ નહીં સમગ્ર ગુજરાતની આંખ પલડી હતી. ત્યારે આવી સ્થિતિમાં સવાલ એ હતો કે અમારી ભૂમિકા કઇ? ઘરે જવું? રિપોર્ટિંગ માટે જવું? પ્રેસમાં જવું?

'હવે શું કરવું જોઇએ?' જિજ્ઞેસ નામના મિત્રનો સવાલ.

'થોડા ફોટા પાડી લઇએ.' અજય ભરવાડનું મંતવ્ય.

'આપણી પાસે કરફર્યુ પાસ હોવો જરૂરી છે.' મેં સ્પષ્ટતા કરી.

'તો આપણે પી.એસ.આઇને મળીએ' જિજ્ઞેસે પી.એસ.આઇને મળવાનું સૂચન કર્યું. એટલે મેં ફરીથી ભારપૂર્વક જણાવ્યું—

'એ માટે પણ કરફર્યુ પાસ જોઇએ.'

'પણ પી.એસ.આઇ મને સારી રીતે ઓળખે છે.'

'તો પછી આપણે ડરવાની ક્યાં જરૂર છે?' અજયે નિડરતાપૂર્વક જણાવ્યું.

અને અમે અમારી રૂમ છોડી.



અમારી પાછળ એક પોલિસવાન આવી ઊભી.

અમે જોઇ રહ્યા.

પોલિસવાનમાંથી પી.એસ.આઇ બહાર આવ્યા. તેમનો લાંબો અને પાતળી કાઠીનો દેહ...વાન શ્યામ...મૂછો મોટી ભરાવદાર...હું જોતો રહ્યો.

પટ્ટાના બક્કલ પાસે ખોસેલી બંદૂક પર હાથ મૂકતા તેમણે પૂછ્યું—

'કોણ છો તમે લોકો?' અવાજમાં હતી સખ્તાઇ.

'અમે સર, પ્રેસના માણસો છીએ.' કહેતાં જિજ્ઞેસે ઉમેર્યું – 'સર, આ પહેલાં હું તમને બે ત્રણ વખત મળી ચૂક્યો છું. અને અત્યારે પણ તમને મળવા આવ્યો છું.'

'વરઘોડો લઇને?' પી.એસ.આઇએ અમારી સામે ઘૂરક્યા કરતાં પૂછ્યું હતું.

'આ પણ પ્રેસના જ માણસો છે.'

'ક્યાંના છે?'

'ઉમરેઠના.'

'તો અહીં શું કરે છે?'

'મિટિંગમાં આવ્યા હતા.'

અજયના હાથમાં કેમેરો જોતા જ તેમણે પૂછ્યું.

'ફોટા પાડ્યા છે?'

'એકાદ બે' અજયનો જવાબ.

'કરફર્યુ પાસ છે?'

'નથી.' સ્થાયી પત્રકાર મિત્ર જિજ્ઞેસે સ્પષ્ટતા કરી. પછી ઉમેર્યું – 'અમે પારકી રૂમમાં હતા. તેથી રૂમ છોડવી જ પડે તેવી સ્થિતિમાં હતા. તમને આ માટે મળવાનું વિચારી પોલિસ સ્ટેશન જ મળવા આવતા હતા.'

'તમને કરફર્યુની ખબર નહોતી?' પી.એસ.આઇએ કડકાઇથી પૂછ્યું એટલે જિજ્ઞેસે જણાવ્યું.

'હતી ખબર.'

'તો પછી?'

'પણ અમે તો તમને મળવા આવતા હતા.'

'શું કામ?'

'મિત્રોને તેમના ગામ પહોંચતા કરવા.'

'કોઇ દલીલ ના જોઇએ.' કહેતાં પી.એસ.આઇએ હૂકમ કર્યો – 'બેસી જાવ વાનમાં...' અને પછી રોડ પર થુંકતાં અમારી સામું જોતાં કહ્યું – 'હવાલાતની હવા ખાશો એટલે સમજાશે કે કેમનું ફરાય છે. અને ત્રણ ચાર ગાળ મફતમાં મળી.'

'અમારો ગુનો શું છે?' અજયે સવાલ કર્યો.

'જાહેર શાંતિનો ભંગ,' કહેતાં ઉમેર્યું – 'તમે પત્રકાર હો કે બત્રકાર, મારે અહીં (ગાળ)'–

'આ તમારી દાદાગીરી છે.'જિજ્ઞેસે કહ્યું.

'અમે તમારી વિરૂદ્ધ પેપરમાં છાપીશું.' અજયે ગુસ્સાથી કહ્યું.

'જે છાપવું હોય તે છાપજો, આખું પેપર મારે નામ ચીતરજો.' કહેતાં ઉમેર્યું – 'મને આવી કોઇ વાતોથી ફર્ક નથી પડવાનો.'–અને અમે વાનમાં.

પોલિસ સ્ટેશનમાં મહાત્મા ગાંધીનો લટકતો ફોટો મને બતાવતાં અજયે કંઇક બબડાટ કરી. રાઇટરે એફ.આઇ.આર. તૈયાર કરી, દરમિયાન મેં ફોટા તરફ જોયું, ભીંતપત્ર પર લખ્યું હતું –'સત્ય અને અહિંસા પરમો ધર્મ.'

થોડા સમય પછી અમે કસ્ટડીમાં બેઠાં હતાં.

જિજ્ઞેસ પાસે મોબાઇલ હતો. તેણે રિંગટોન ઓફ કરી એક પછી એક પ્રેસના અધિકારીઓને કોન્ટેક્ટ કરવા માંડ્યા. સામેથી 'તમે ગભરાશો નહીં, તમને કશું જ નહીં થાય. નહીં થવા દઇએ.' જેવા દિલાસા આવતા હતા. હું આંખો બંધ કરી સૂતો હતો, પણ ઊંઘ નહોતી.

'પી.એસ.આઇને ફોન આપો.' અધિકારીએ જિજ્ઞેસની વાત સાંભળી



પ્રેસમાંથી ફોન જોડ્યો ત્યારે રાઇટરે જણાવ્યું :-

'સાહેબ હમણાં જ બહાર ગયા.'

'સ્ટેશન ડાયરીમાં જોઇને અમને કહો કે, અમારા પત્રકાર વિરુદ્ધ કઇ કલમો લાગું પાડી છે?'

'સાહેબ, સ્ટેશન ડાયરી નથી.' રાઇટરે જણાવ્યું.

'તો ક્યાં ગઇ?'

'સાહેબ જોડે લઇ ગયા છે.'

'એવું તો હોતું હશે?'

'હા, સાહેબ.' રાઇટરે લાચારી બતાવી.

'તમે લોકો અમને હેરાન કરી રહ્યા છો.' કહેતાં ઉમેર્યું – 'ભારે પડશે તમને લોકોને.'

'હું સાહેબ સમજું છું પણ શું કરી શકું?' રાઇટરનો સ્પષ્ટ અવાજ સંભળાઇ રહ્યો હતો.

'તમારા સાહેબનો મો.નં. આપો.'

અને રાઇટરે નંબર લખાવ્યો.

થોડા સમય પછી રાઇટર પર ફરી ફોન આવ્યો.

'મોબાઇલ તો બંધ છે.'

'બીજો કોઇ જ નંબર નથી સાહેબ,' રાઇટરે અગાઉથી જણાવી દીધું. તેથી પ્રેસના અધિકારીએ પોતાનો નંબર લખાવી જણાવ્યું – 'આવે એટલે મને ફોન કરાવજો.'

રાતનો દોઢ વાગ્યો હતો.

પી.એસ.આઇ પોલિસ સ્ટેશન આવ્યા.

રાઇટર બદલાઇ ચૂક્યા હતા.

અમારી કોટડીમાં અમારા ત્રણ સિવાય પણ બીજા ચાર વ્યક્તિ પહેલેથી કેદ હતા. અજયે તેમને પૂછ્યું – ત્યારે તેમાંના એક વડિલે નિઃસાસો નાખતાં

જણાવ્યું –

'અમારા ઘર પર પથ્થર પડતા હતા, તેની કમ્પ્લેઇન કરવા આવ્યો હતો. તો મને જ અંદર કરી દીધો.'

બીજા ત્રણ છોકરાઓનો એક જ સૂર હતો.

'અમારી શેરીમાં સશસ્ત્ર ટોળું હુમલા કરતું હતું. તેથી અમે દોડ્યા અને પોલિસના હાથમાં સપડાયા. અમે વીગતે વાત કરી તો સામે અમને જ દોષિત ગણ્યા.'

'હું સાંભળી રહ્યો હતો.'

'ભૂખ કડકાઇથી લાગી હતી.'

'જિજ્ઞેસે તેના ઘરે ફોન કરી નાસ્તો તૈયાર કરાવ્યો.'

એક અમલદાર પચાસ રૂપિયાની રિશ્વત લઇ નાસ્તો અમારા સુધી લઇ આવ્યો.

જમ્યા પછી અમે સૂતા.

અજયના મનમાંથી મહાત્મા ગાંધી ભૂંસાયા નહોતા તે ઊંઘમાં બબડી રહ્યો હતો –

'મારે દુનિયાને નવું કશું જ શીખવવાનું નથી. સત્ય અને અહિંસા આદિકાળથી ચાલ્યા આવે છે, પણ ક્યાં છે સત્ય અને અહિંસા? આ તો છે હિંસાનું સામ્રાજ્ય. અહીં વસતા લોકો પોતાની સંસ્કૃતિ ભૂલ્યા, માનવ મૂલ્યો ભૂલ્યા, પરિણામે તે એકબીજાના પડછાયા પણ નથી ચાહી શકતા. નથી સહી શકાતા ! ને એકબીજાના પડછાયા કપાય છે, મરાય છે. ક્યાંકથી રાવણ ફૂટે છે અને નિઃસહાય રામ વિંધાય છે. માણસ કશું ભૂલવા નથી માંગતો. કશું છોડવા નથી માંગતો કે નથી બેધારી તલવાર મ્યાન કરવા માગતો.

આજે ક્યાં છે મહાત્માં ગાંધી!

અને બીજા દિવસે બપોરના અમને જામીન પર છોડવામાં આવ્યા. જામીન માટેની સર્વ વ્યવસ્થા જીજ્ઞેસે કરી હતી પણ આશ્ચર્ય એ હતું કે, પ્રેસના



એક પણ અધિકારી પોલિસ સ્ટેશનમાં ફરક્યા નહોતા. તેમના ફોન સિવાય.' કહી આશુતોષે વાત પૂરી કરી.

'તેં તો સત્યાગ્રહ અને જેલનો પણ અનુભવ લઇ લીધો!' કહેતાં મિ.ત્રિમૂર્તિ હસ્યા.

'એ તો કહે, તું રહ્યો એ કોટડી કેવી હતી?' મિ.પટેલે પૂછ્યું એટલે મિ.ત્રિમૂર્તિએ કહ્યું–

'કેમ તારે ઇચ્છા છે?'

'એ કોટડી બંધિયાર હતી. અન્ધારું ધોળા દિવસે પણ છલકાતું. પીવાના પાણી માટે એક માટલાની વ્યવસ્થા હતી. એક નાની ચોકડી હતી. જેનો ઉપયોગ પેશાબખાના તરીકે કરવામાં આવતો હતો. માથું ફાટી જાય તેવી દુર્ગંધ અન્ધારામાં ઓગળેલી હતી.' કહેતાં આશુતોષ ઊભો થયો.

બારી પાસે આવી ઊભો.

## પ્રકરણ : ૧૫

સમય આરતીના શ્વાસોમાં ગૂંચળું વળી ખૂણામાં કણસતો પડ્યો હતો. આશુતોષના ગળે હાથ વીંટાળી આરતી અપલક આંખે તેને નિહાળી રહી હતી. તેના માટે જગત, જગતના વાસ્તવ સ્વપ્નો આ સમયે શૂન્યતામાં ભળી ગયા હતાં. ખાસ્સો સમય આ રીતે વીત્યો હશે પછી કંઇક યાદ આવતાં આરતીએ પૂછ્યું –

'ન હન્યતે વંચાઇ ગઇ, હવે કઇ નોવેલ આપશો?'

'અઠવાડિયામાં ડિપાર્ટમેન્ટ જવાની ઇચ્છા છે.' આશુતોષે મ્હોં ખોલ્યું.

'ખુબ જ સારી લાગી મને.' કહેતાં આરતીએ હાથ ઉંચક્યો કે રૂમમાં કંગનનો ખણખણ કરતો અવાજ ખીચોખીચ ભરાઇ ગયો. ક્યાંય સુધી તેના પડઘા આશુતોષના કાનમાં ઓગળતા રહ્યા.

'મૈત્રિયી દેવીની આવી બીજી કોઇ નવલકથા હોય તો ચોક્કસ લાવજો, મને બંગાળી સાહિત્યમાં રસ પડ્યો છે.'

આશુતોષ સાંભળી રહ્યો હતો.

'તમે વાંચી છે નવલકથા?'

'ના.

'કેમ?'

'એકાદ વખત લાયબ્રેરીમાં શોધી હતી, પણ મળી નહીં. પછી મેં



પ્રયત્નો જ કર્યા નહિ.'

આરતી કંઇ બોલી નહીં. રૂમમાં ઢોળાયેલા દૂધિયા પ્રકાશને આંખોમાં ભરી રહી. થોડી દૂધિયા પળો વીતી.

આશુતોષે ઊંડો શ્વાસ લીધો.

આરતી થોડી ક્ષણો પલંગમાં શૂન્યવત્ પડી રહી.

'બારી બહાર ચન્દ્ર હતો. તારા હતા પણ–' તે આગળ કશું વિચારી શકી નહીં. અને બારીમાંથી પ્રવેશેલું ઠંડા પવનનું મોજું તેનાં અંગોમાં ફરી વળ્યું. એણે બારી બંધ કરી, સૂવાનો પ્રયત્ન કર્યો.

સૂરજના પગલાં ક્ષિતિજોની આંખમાં ધીમે ધીમે ઓગળી રહ્યા હતા. સૂરજ તેના ઓગળતા પગલાંને ખળખળ વહેતી નર્મદાના નીરમાં જોવાને મથામણ કરતો હતો. અને નર્મદા એના પગલાંને દૂર દૂર સુધી ઢસળી લઇ જતી હતી. વૃક્ષોની ડાળખીઓ પર ઊંધા માંથે આખા દિવસનો લટકેલો પવન શીતળતા પ્હેરી આંધળા માણસોની જેમ જ્યાં ત્યાં અથડાતો હતો. લોકોના પગ તળે કચડાતો હતો, છૂન્દાતો હતો. અને ફરી પાછો યોદ્ધાની જેમ બાથ ભીડતો ઊભો થઇ દોડતો હતો. આકાશમાં છૂટાં છવાયાં વાદળ તરતાં હતાં. અથડાતાં હતાં. તેમાં પક્ષીઓનો આકાર ઓગળતો હતો. કેટલાક પક્ષીઓ પાંખો પ્રસરાવી સૂરજને ઢાંકવાના પ્રયત્નમાં જાણે ઊંચે ને ઊંચે ઊડી રહ્યા હતાં. પછી ઊંડા ઊંડા શ્વાસોને પ્હેરતાં નદીની ભીની રેતમાં આળોટી તેમનાં નાનકડાં દેહને સંતાડવાની મથામણ કરતાં હતાં. ને તેમની તીક્ષ્ણ ચાંચથી રેતમાં કોઇ અજાણ્યો ઇતિહાસ ચીતરતા હતાં, ત્યાં પાણીની એકજ છાલકે નાનકડા દેહો અદ્રશ્ય થઇ જતા હતા. ને ઇતિહાસ વણઉકલ્યો જ ભૂંસાઇ જતો હતો. આવા આંધળા ઇતિહાસોને મૂંગી દંતકથાઓ રેતમાં ઘરબાઇ પડી હતી. જેના અવાજો ઊઠતા હતા પણ એ અવાજોને ક્યારેય કોઇ સાંભળી નહોતા શકવાના! કેમ કે અવાજોને સાંભળવા માટે કાન જોઇએ, જ્યારે નદીએ ઉડતા માણસો હતા, કાન વિનાના! કાન લઇને નદીની ગોદમાં બેસી વિવિધ અવાજોને

સાંભળતા હરમન હેસે તેમની નવલકથા 'સિદ્ધાર્થ'માં લખ્યું હતું– 'વર્ષા ઋતુમાં બન્ને કાંઠે વહેતી નદીના અવાજમાંથી સિદ્ધાર્થને બીજા કેટલાય અવાજો સંભળાય છે. નદીના અવાજમાં દરેક સજીવન પ્રાણીઓના અવાજો સાંભળી શકાય છે. એ અવાજો સમ્રાટના હોય છે, યોદ્ધાઓના હોય છે, આખલાના હોય છે. રાતના પંખીના હોય છે. ગર્ભવતી સ્ત્રીનો અને આપણા નિઃશ્વાસોનો અવાજ પણ નદીના અવાજમાંથી સાંભળી શકાય છે. એવા હજારો અવાજોને જ્યારે એક સાથે સાંભળી શકાય છે, ત્યારે તેનો સમ્મિલિત નાદ ૐ કારરૂપે ચિન્તમાં ગૂંજવા લાગે છે.'

નદીની આસપાસ અન્ધકારમાં પતંગિયા પાંખો પ્રસરાવતાં ઊડી રહ્યાં હતાં. આ પ્રસરેલી પાંખોમાં આખેઆખી નદી એક કાળું ટપકું થઇ ઓગળી રહી હતી, છતાં ક્યાક ક્યાંક છુટો છવાયો અજવાસ પગ સંકોરી બેઠો હતો. નદીનો પ્રવાહ પૂર ઝડપે દોડી રહ્યો હતો. માર્ગમાં ઊભેલા મોટામોટા ખડકોને ટકરાતો હતો. બે ભાગમાં વહેંચાતો હતો અને ફરી પાછો શિવ અને જીવની જેમ એકત્વ સાધી ગતિ પકડી હાંફતો હંફાવતો દોડી રહ્યો હતો.

આશુતોષ અને આરતી બન્ને નદી થઇ વહી રહ્યા હતાં.

નદીના સામેના કાંઠે વહી ગયેલા તેના પગને આશુતોષ જોઇ રહ્યો હતો. એકાએક કોઇક એક જંગલી પ્રાણી પાણીમાં પડ્યું. પાણીમાં તરતા તેના પગને બે દાંતો વચ્ચે દબાવી, કિનારે લાવી જંગલી પ્રાણી કટ્ક...કટ્ક...ચાવી રહ્યું. તે તેના પગને ચવાતા જોઇ રહ્યો.

તે અપાહિજ બની ગયો હતો. તેણે હાથ લંબાવ્યો. પણ હાથ પણ નહોતા. મોં પણ નહોતું. તેની પાસે કશું જ નહોતું. મધુરાયની વાર્તા 'સરલ અને શમ્પા'ની સ્થિતિમાં પોતાને અનુભવી રહ્યો.

'ક્યાં ખોવાયા?' આરતી પૂછી રહી.

'અહીં જ છું.' સ્વસ્થ થતાં આશુતોષે કહ્યુ.

'આજે આપણે પહેલી વખત ઘર-ગામ છોડીને ફરવા નીકળ્યાં છે.'



કહેતાં આશુતોષનો હાથ પકડ્યો – 'ઇચ્છા થાય છે, અહીં નદીએ જ બેસી રહું, ઘરે જવું જ નથી.'

આશુતોષ કંઇ બોલ્યો નહીં.

'કેમ કંઇ બોલતા નથી?'

આશુતોષે આરતી સામું જોયું.

'તમે પહેલેથી જ આવા છો?'

'કેમ કેવો છું?' આશુતોષે મોં ખોલ્યું.

'તમે કામ સિવાય કશું બોલતા જ નથી.' કહેતાં કહ્યું – 'તમે તમારી અંદર ઊંડા ઉતરી ગયા છો.'

'તને એવું લાગે છે?'

'હા,' કહેતાં ઉમેર્યું – 'વિજયભાઇ કહેતાં હતા તમે પહેલા આવા નહોતા. ખૂબ જ મસ્તી મજાક કરતા હતા.'

'વિજયની વાત સાચી છે.'

'તો એવું તો શું થયું તમારા જીવનમાં કે,તમે મજાક મસ્તી બધું જ છોડીને ગમ્ભીર થઇને જીવ્યા કરો છો,' કહેતાં આશુતોષ સામું જોઇ કહ્યું – 'તમે હળવાશને પણ ગમ્ભીરતામાં પલટાવી કાઢો છો.'

આશુતોષ અનુત્તર રહ્યો.

'મને તો કહો, એવું શું બન્યું કે–'

'તું ધારે છે એવું કશું જ મારા જીવનમાં થયું નથી.' કહેતાં આશુતોષે આરતીનો હાથ દબાવ્યો – 'હું પોતે મારા સ્વભાવને સમજી શકતો નથી. કંઇ કેટલીય વખત મેં મને પોતાને જોવા પામવાનો સમજવાનો પ્રયત્ન કર્યો છે, પણ કશું જ હાથમાં આવ્યું નહીં ઉલટાનો વધુ સભાન થતો ગયો જિંદગી પ્રત્યે.' કહેતાં કહ્યું – 'અહીં સ્થિર કશું જ નથી. બધું જ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે, એમ જ હું પણ મને ક્ષણે ક્ષણે બદલોતો નવાજ રૂપમાં જોઇ રહ્યો છું.'

'પણ તમે હળવા થઇ જીવને નથી જીવી શકતા?'

'એ રીતે જીવવાનો મેં ઘણી વખત પ્રયત્ન કર્યો છે.'

'તો–'

'નથી જીવી શકાતું.'

'પણ કેમ?' આરતી પૂછી રહી.

'કેમ કે મારા મગજમાં હજારો જાતના વિચારો, પ્રશ્નો થઈ સળવળી રહ્યા છે જેના કોઇ છેડા નથી.'

'કેવા છે એ પ્રશ્નો?'

'એ પણ મને નથી સમજાતા.'

'તો પછી મારે તમારું મગજ કાઢીને જોવું પડશે.' કહેતાં આરતી હસી.

'એમ કરીશ તો અહીં ઊભી પણ નહી રહે.' કહેતાં આશુતોષે હસવાનો પ્રયત્ન કર્યો.

'મને એક પ્રશ્નનો જવાબ આપશો તમે?' નદીમાંથી પગ બહાર કાઢતાં આરતી પૂછી રહી.

'તમે તમારી મરજીથી મારી સાથે લગ્ન કર્યા હતા?'

'હવે આ સવાલ પૂછવાનો શો અર્થ?'

'નહીં તેમ છતાં–'

'હા.'

'તો પછી મને એવું કેમ લાગ્યા કરે છે કે તમે દબાણમાં આવી લગ્ન કર્યા હોય?'

'કેવું દબાણ?'

'તમને પૂછ્યા વિના હું આવી ગઇ અને તમને ના પાડવાનો કોઇ અવકાશ રહ્યો ના હોય, દેવાંશુભાઇના દબાણમાં–'

'એવું કશું જ નથી.'

'તો?'



'તારે સત્ય સાંભળવું છે?'

'હા.'

'સાંભળી શકીશ?'

'હા.'

'મારે લગ્નમાં બન્ધાવાની કોઇ ઇચ્છા હતી જ નહીં.' આશુતોષે રહસ્યનો ઘટસ્ફોટ કર્યો.

'તો હું સાચી છું.'

'લગ્ન માટે હું મારી જાતને લાયક નથી સમજતો અને મને બંધન કોઇ ગમતું નથી.'

'તમે લાયક જ છો.'

'હું લાયક હોત તો તને પ્રશ્ન થાત?' કહેતાં ઉમેર્યુ – 'હું જીવનના વાસ્તવ, તેની નિરર્થકતા વિશે સભાન થયો કે બધું જ મને નિરર્થક લાગવા માંડ્યું. અને ત્યારે જ મને સમજાઇ ગયું કે હું ક્યારેય કોઇને સુખી નહીં કરી શકું.'

'પણ મને કોઇ દુઃખ નથી.'

'એ તારી મહાનતા છે.'

'તમે તે વખતે મને ના પાડી શક્યા હોત.'

'હું કશું નક્કી નહોતો કરી શકતો અને તું આવી ગઇ હતી.' આશુતોષે જણાવ્યું.

'તમને મારાથી કોઇ પ્રશ્નો–'

'ના, મને તારી સામે કોઇ જ પ્રશ્નો નથી! અને શા માટે હોય?'

'તમારા માટે હું એક નવી જવાબદારી–'

'આ બધા પ્રશ્નોનો હવે કશો જ અર્થ નથી.' કહેતાં આશુતોષે ઉમેર્યુ – 'આપણે કેવળ હવે બાકીનું જીવન જીવવાનું છે.'

'તો શું તમે જીવન જીવો છો?'

'ખબર નથી.'

'તમારે કોઇ મનોચિકિત્સક પાસે—'

'કશો જ અર્થ નથી.'

રાત્રિનો વિસ્તરતો છેડો—

ભીની રેતીમાં ખૂંપતો આશુતોષ—

હવામાં ઓગળેલી રેતીની રજકણો



## પ્રકરણ : ૧૬

આશુતોષને સત્તાવાર નિવાસી તંત્રી પદ સોંપવામાં આવ્યું હતું પણ તેણે કોઇ ઉમળકો દાખવ્યો નહોતો. તેમ છતાં તંત્રી વિભાગમાં આઇસ્ક્રિમ મંગાવી 'પાર્ટી' જેવું ઉજવ્યું હતું. આઇસ્ક્રિમ ખાઇ લીધા પછી સૌ પોતપોતાના ટેબલ પર ગોઠવાઇ ગયા હતા. બે કાગળ ફાડતાં મિ.ત્રિમૂર્તિએ આશુતોષને પૂછ્યું :-

'મને મદદ કરીશ?'

'શું થયું?'

'સમાજ વિશે એક લેખ લખી રહ્યો છું પણ મારી ચાંચ ડૂબતી નથી.'

'તો હું તને શું મદદ કરી શકું?'

'કેટલાક પ્રશ્નો પૂછું, તેના જવાબ આપીશ?'

'પૂછ...'

'માણસની સમાજ પ્રત્યે કોઇ ફરજ હોવી જોઇએ?' મિ.ત્રિમૂર્તિએ સવાલ કર્યો.

'હા.' કહેતાં આશુતોષે જણાવ્યું – 'એવી કેટલીક સામાજિક પરમ્પરાઓ, જીવનમૂલ્યો, માનદંડો, નીતિનિયમો માણસના લોહીમાં ઓગળેલાં છે. જેના લીધે મનુષ્ય અનેક ઝંઝાવાતો સામે ટકી રહે છે, ટકી શકે છે. તેથી માણસની સૌથી મોટી ફરજ એ હોવી જોઇએ કે, તેને તૂટતા સમાજને

બચાવવો જોઇએ.'

'આ તું માને છે?' મિ.ત્રિમૂર્તિ શંકાથી પૂછી રહ્યા.

'મેં તને લેખ માટે જણાવ્યું છે.'

'મારે તારું પોતાનું અંગત મંતવ્ય જોઇએ છે.'

'જ્યારથી હું સભાન થયો છું ત્યારથી મેં સમાજની કોઇ કમી મહેસૂસ કરી નથી. એ વિના પણ મારું જીવન હોઇ શકે અને હું જીવું છું. હું સમાજના કોઇ બન્ધન સ્વીકારતો નથી. હું સ્વતંત્ર છું. સ્વતંત્ર રહીશ. મારે સમાજ પ્રત્યે કોઇ કર્તવ્યો કે ફરજો નિભાવવાની હોય એવું હું માનતો નથી.' કહેતાં ઉમેર્યું — 'પણ મારા આ વિચાર એ આવતીકાલનું સત્ય હશે કે કેમ એ વિશે હું કશું કહી શકું નહીં.'

થોડો સમય વીત્યો.

'જાદવ, તારે પોલિસ સ્ટેશન જવાનું છે ને?' આશુતોષ પૂછી રહ્યો.

'હા,' મિ.જાદવે ટેબલમાંથી માથું બહાર કાઢ્યું.

'તો હું સ્કુટર રહેવા દઉં છું.'

'કેમ?'

'હું યુનિવર્સિટી જવાનું વિચારી રહ્યો છું. અને પછી ઘરે જ ચાલ્યો જઇશ.'

'સ્કુટર લઇ જા તું —'

'ના, હું બસમાં ચાલ્યો જઇશ.'

અને આશુતોષે તંત્રીની રજા મેળવી ત્યારે રજા આપતા તેમણે કહ્યું—

'યુનિવર્સિટી જઇ રહ્યા છો તો એક કામ કરજો.' કહેતાં કહ્યું — 'સાહિત્ય પરિષદનું ૨૩મું અધિવેશન બે દિવસ માટે નવા વિદ્યાનગરમાં ભરાવાનું છે. તો તેની વ્યવસ્થા જોતા આવશો.'

અને આશુતોષ બસસ્ટોપ પર જઇ ઊભો.

બસ આવી.



આશુતોષ બસમાં ચઢ્યો. બેસવા માટે જગ્યા શોધી, પણ ક્યાંય જગ્યા હતી નહીં. પગ પણ મહામૂસીબતે મૂકી શક્યો હતો. એક વૃદ્ધ આશુતોષને પકડી ઊભા રહ્યા.

આશુતોષે એ તરફ નજર ફેરવી. આટલા બધા લોકો ક્યાંથી આવ્યા હશે? કે પછી ક્યાંક જતા હશે? પોતે ક્યાંથી આવ્યો છે? ક્યાં જઇ રહ્યો છે? પ્રેસમાંથી આવી યુનિવર્સિટી જઇ રહ્યો છે? પણ આ તો છે અર્ધસત્ય, તો સત્ય શું?

'ભાઇ, જમાનો બદલાઇ ગીયો, કોઇને કશી લાજશરમ ની રઇ.' આશુતોષના કાનમાં ખૂંપતા વૃદ્ધના શબ્દો.

'આગળ જગા થઇ જશે દાદા' કોઇએ વૃદ્ધને સહાનુભૂતિ આપી.

'દર બે મહિને પાંચસો રૂપિયા જનરલ બીલ ભરીએ છીએ, તોય પાણી એક જ ટાઇમ મળે. કમ્પલેઇન કરી ત્યારે નગરપાલિકા દ્વારા જ પાણીનો કાપ છે તેમ કહી તે તો ઊભા રહ્યા, પણ પાણી વિના થોડું ચાલે? એના પપ્પા સવાર સાંજ તેમની ઓફિસોથી પાણીના કારબા ભરી લાવે છે.' એક વયસ્ક સ્ત્રીનો ગણગણાટ...

બસ અટકી.

બસ પુનઃ દોડવા લાગી.

'તારો ગુરુ નબળો છે તેથી તું ભણવામાં પાછો પડે છે.' એક જ્યોતિષની ભવિષ્યવાણી...

'સાચી વાત, મારે તો ભણવું જ નથી, પણ ઘરવાળા.... છોકરાનો બબડાટ...'

'તારો ચન્દ્ર પ્રભાવશાળી છે.'

'એટલે?'

'પ્રણય કિસ્સાઓમાં સફળતાનું સૂચન.'

'ખરેખર!'

'હા,હા...'

'મારે લવમેરેજ કરવા છે, થશે?'

'થશે.' કહેતાં ઉમેર્યું –'પણ થોડી વીધી કરવી પડશે.'

'હું તૈયાર છું.'

આશુતોષ ડિપાર્ટમેન્ટ-યુનિવર્સિટી પહોંચ્યો. ડિપાર્ટમેન્ટના ગાર્ડનમાં વિદ્યાર્થીઓ તડકો ઓઢી બેઠાં હતાં.

આશુતોષને જોતાં જ એક મિત્રએ બૂમ પાડી. તે ત્યાં પહોંચ્યો કે તુરંત તેણે કહ્યું :-

'આટલા બધા દિવસ ક્યાં હતો?'

'અમને એમ કે તું પણ સુનામીમાં –' બીજા મિત્રનો ઉદ્ગાર.

'કોઇ છોકરીના લફરામાં તો નથી ને?' ત્રીજો મિત્ર.

'ડિપાર્ટમેન્ટથી કંટાળી ગયા?' અવનિ નામની મિત્રનો સવાલ.

'કોના પ્રશ્નનો જવાબ આપું?' આશુતોષ હસ્યો.

'મોઢામાં પાન છે ને?' અવનિ.

'હા કેમ?' આશુતોષ.

'મને નથી ગમતું.'

'એ તો હું શું કરી શકવાનો હતો? આ પ્રશ્ન તારો છે.' આશુતોષે સ્પષ્ટતા કરી.

'કોનું લેક્ચર છે?'

'તને અહીં લેક્ચર લેવાય છે એવું યાદ છે એમ!' તેનો નજીકનો મિત્ર હસ્યો. પછી ઉમેર્યુ – 'ડૉ. મણિલાલ પટેલ સાહેબનું લેક્ચર છે.'

'પણ લેક્ચર નહીં લે...'

'કેમ?'

'મુંબઇથી નીતિન મહેતા આવ્યા છે.' કહેતાં કહ્યું – 'અસ્તિત્વ પર વ્યાખ્યાન છે.'



'તો તમે વ્યાખ્યાનમાં જાવ.' આશુતોષે કહ્યું.

'મારે પરિષદનું થોડું કામ છે.'

'અવનિ, તું વ્યાખ્યાન સાંભળ, અમે બહાર બેઠાં છીએ.'

એક મિત્રના સૂચનથી અવનિ વ્યાખ્યાનમાં ગઇ. અને તેઓ ટોળું થઇ બેસી રહ્યા.

'મારે થોડાં પુસ્તકો પણ જોઇએ છે.' આશુતોષ સ્પષ્ટ થયો.

'તો લઇજાને, લાયબ્રેરી છે કોની?'

'પણ ટિકિટ–'

'મારી ટિકિટ પર લઇ જજે...'

વાતોમાં ઉડતી ક્ષણો...

ઠંડી અને તડકાનું સોનેરી મિશ્રણ...

વાતાશમાં ઓગળતો ઘોંઘાટ–

આશુતોષના મોંમાં ફરતુ પાન–

## પ્રકરણ : ૧૭

આશુતોષ વિચારતો હતો, શું ખરેખર હું જીવન નામના પ્રદેશથી કપાઇ તેના સામા છેડે આવી ઊભો છું? ના...એવું તો નથી જ. તો શું છે? હું મારામાં સ્થિર થવાના પ્રયત્નો કરું છુ. પણ શા માટે? કેમ કે મારે જાણવું છે આ જગત વિશે, જગતના લોકો વિશે...પણ મારે શું જાણવું છે? અને હું કશું જાણીને પણ શું કરીશ? શું કરી શકવાનો હતો? આ દેખાતું વાસ્તવ જગત શા માટે છે? લોકો શા માટે જીવી રહ્યા છે? ખાઇ પીને છોકરા ઉછેરવા...નામના ગ્રહ પર જીવન ક્યાંથી આવ્યું? વિજ્ઞાન કહે છે, પાણી...પણ પાણી—

'સર...'સોનું આર્યને કહ્યું – 'આ સમાચાર ચેક કરી લોને...સોનું આર્યને લખેલા સમાચાર આશુતોષના ટેબલ પર મૂક્યા. આશુતોષના વિચારો પવનની જેમ થંભી ગયા.'

આશુતોષે સમાચાર વાંચવા શરૂ કર્યા.

સોનું આર્યન આશુતોષની સામું જોઇ રહી.

તંત્રી વિભાગમાં કેટલાક ફેરફારો થયા હતા, ફેરફારો થયા કરતા હતા. તેમ કરવું તંત્રી જરૂરી માનતા હતા. આશુતોષ સિવાય કોઇનું કશું જ કામ સમય સ્થળ સ્થિર નહોતું. નહોતું રાખવામાં આવતું. મિ.ત્રિમૂર્તિના સમય અને વિકલી ઓફમાં ફેરફાર થયો હતો. આજે તેમની વિકલી ઓફ હતી. જ્યારે મિ.પટેલ કોઇ સામાજિક કારણોસર આવ્યા નહોતા. મિ.જાદવનો



સમય બપોરનો કરી દેવામાં આવ્યો હતો. જ્યારે સોનું આર્યનનો સમય સાંજનો...

આ સમયે તંત્રી વિભાગમાં આશુતોષ અને સોનું આર્યન હતાં.

'સમાચાર ક્રોસ ચેક કર્યા?' આશુતોષનો સવાલ.

'નથી કર્યા.' આંખો પટપટાવતા સોનું આર્યને કહ્યું.

'જી.ઇ.બી.માં ફોન કરી જે તે અધિકારીને આ સમાચારની વિશ્વસનિયતા વિશે પૂછો, અને તેમનું મંતવ્ય નોંધી લઇ ઘટના સ્થળ પર જે તે સોર્શિસને ફોન કરી તેમનું મંતવ્ય પૂછો.'

'કેમ સર આપણે—'

'આપણને આ સમાચારની વિશ્વસનિયતા વિશે ખબર નથી. કોઇ આપણી પાસે મજાક પણ કરી શકે છે. તપાસ કરી સમાચાર લખતા તને કોઇ તકલિફ ખરી?'

'પણ સર, આ સમાચાર તો આપણા માનદ્ પત્રકારે જ—'

'તેથી આ સમાચાર સત્ય જ હોઇ શકે એની શું ખાત્રી!'

સોનું આર્યન સાંભળી રહી. થોડી પળો પછી વાતનો વિષય બદલતા કહ્યું :-

'સર, આવતીકાલથી મારે સાંજે આવવું પડશે?'

'આવતીકાલે તો તારે વિકલી ઓફ છે ને?'

'પરમ દિવસથી—'

'હા.'

'મને નહીં ફાવે...'

'તો?'

'મારે સર્વિસ છોડી દેવી છે.'

'એવું કશું કરવાની કોઇ જરૂર નથી.' કહેતાં આશુતોષે કહ્યું – 'તું તંત્રીને વાત કરજે...'

'સારું...'

આશુતોષ પાન ચાવી રહ્યો. એણે આંખો બંધ કરી. હું દુઃખી છું! મારો સ્વભાવ-પ્રકૃતિ દુઃખી છે? ના, એવું નથી જ. તો શું છે? નિયતિ સામે લડતો માણસ હંમેશાં દુઃખી થાય છે....પણ હું ક્યાં નિયતિ સામે લડી રહ્યો છું? હું તો તેને ઓળખવાની મથામણ કરું છું કોણ છે આ નિયતિ?

'સર...' સોનું આર્યન.

આશુતોષની બન્ધ આંખો ખૂલી.

'હં...' કહેતાં એણે જીભથી દાંત ખોતર્યા.

'એક સમસ્યા છે.'

'બોલ...'

'અંગત છે.'

'મને કહેવાય તેવી નથી?'

સોનું આર્યન એકદમ બોલી નહીં. સ્હેજ વિચારી રહી. પછી તેણે આશુતોષની આંખોમાં જોતાં કહ્યું :-

'તમારે કોઇને કશું કહેવાનું નહીં....'

'હં...'

'એક છોકરા સાથે મને પ્રેમ છે.' સોનું આર્યને પ્રેમ શબ્દને ભારપૂર્વક મૂક્યો. આશુતોષની પ્રતિક્રિયા જોવા તે અટકી. પણ તે કશું જ બોલ્યો નહીં તેથી તેણે આગળ ચલાવ્યું –

'હું તેને ખૂબ જ ચાહું છું. લગ્ન પણ તેની સાથે કરવાની છું. પણ એ લગ્ન પહેલાં–' કહેતાં તે અટકી.

આશુતોષ અનુત્તર હતો.

'લગ્ન પહેલાં શરીર માગે છે.' સોનું આર્યને વાત પૂરી કરી.

'તારું શું માનવું છે?' આશુતોષે પ્રશ્ન કર્યો.

'હું કોઇ નિર્ણય નથી લઇ શકતી.'



'મને પૂછવાનું કારણ?'

'કેમ કે મને વિશ્વાસ છે કે તમે જે કંઇ કહેશો તે સત્ય હશે.'

'કેટલાક સત્યો સીમિત હોય છે, અમુક માણસો પૂરતા સીમિત.' કહેતાં કહ્યું – 'પ્રત્યેક વ્યક્તિને પોતાના સત્યો હોય છે. મારું સત્ય તને શું કામ લાગવાનું હતું?' આશુતોષે પેન ટેબલ પર મૂકી. હાથ લંબાવ્યા.

'છતાં પણ મને તમારો અભિપ્રાય ગમશે.' સોનું આર્યન સ્પષ્ટતા કરી રહી.

'કાપડનો આખો તાકો હોય તો તેમાંથી થોડું કાપડ ફાડી લેવાથી તાકાને કોઇ નુકશાન થતું નથી. એ માન્યતા આપણી હોય છે કે કાપડ ખરાબ થઇ જાય.' કહેતાં સોનું આર્યન સામું જોયું – 'નદીમાંનું વહેતું પાણી ખોબો પી લેવાથી નદીનું પાણી થોડું ખલાસ થઇ જાય છે?' કહેતાં ઉમેર્યું – 'સામાન્ય બાબતો વિશે વિચાર વિચાર કરી મગજને શું કામ ત્રાસ આપે છે?'

બપોર ઊગી હતી.

ચા આવી.

ચા કોફીના કપ ટેબલ પર મૂકી છોકરો ચાલ્યો ગયો.

સોનું આર્યનની નજર ઝુકેલી હતી.

આશુતોષ કહી રહ્યો હતો :-

'જ્યારે આપણે કોઇ પ્રવૃત્તિ કરીએ ત્યારે દિમાગ મનને વચ્ચે લાવવાનું નહીં. દિમાગનું કામ છે કેવળ વિચારો કરવાનું, જ્યારે શરીરનું કામ છે કાર્ય કરવાનું અને ચેતનાનું કામ છે અનુભવ કરવાનું....' કહેતાં કહ્યું –'આપણે વિચારીએ છે કંઇ, કામ કરીએ છીએ કંઇ અને અનુભવ તો કંઇક ત્રીજો જ. તેથી જ આપણા મનસા, વાચા, કર્મણામાં એકતા હોવાનું કહેવાયું છે.' કહેતાં ચાનો કપ હાથમાં લેતા ઉમેર્યું – 'આપણું કામ છે જીવનને પૂર્ણ રીતે જીવવાનું, પણ આપણું જીવન તો વિચારો કરવામાં જ વહી જાય છે.' આશુતોષે ચાનો ઘુંટડો ભર્યો. સોનું આર્યને કોફીનો કપ હાથમાં ઉંચક્યો.

'આપણો એક પગ ભૂતકાળમાં હોય છે. બીજો ભવિષ્યમાં અને વર્તમાનને સ્પર્શતા સુદ્ધા નથી. ને કિનારે બેસી કેવળ છબછબિયા કરીએ છીએ.' કહેતાં કહ્યું –'છબછબિયા કરવાથી દરિયાઈની ગહેરાઈની ખબર ના પડે, એ માટે દરિયામાં વચ્ચોવચ્ચ જઈ ઊભું રહેવું પડે....'

સોનું આર્યને ગરમ કોફીનો ઘુંટ ભર્યો.

'સૂરજ, ચન્દ્ર, નક્ષત્રો તારા તારા જન્મ પહેલાં હતા કે નહીં?' આશુતોષ પૂછી રહ્યો.

'હતા.' સોનું આર્યનનો જવાબ.

'તારા જન્મ પછી નહીં હોય તેવું તું માને છે?'

'ના.'

'તો એક વાત નક્કી છે કે, આપણા જીવવા મરવાથી આ પૃથ્વી પર કે પૃથ્વીના અન્ય જીવોમાં ક્યારેય કોઈ ફર્ક પડ્યો નથી, પડશે પણ નહીં. તેમ છતાં આપણે પાણીના પરપોટા જેવા જીવનને માણવાને બદલે જીવન વિશે વિચાર જ કર્યા કરીએ છીએ.'

'પણ સર, એક સ્ત્રી માટે સમાજ–' સોનું આર્યન પોતાની વાત પૂરી કરે એ પહેલા જ આશુતોષે કહ્યું :-

'તારી જે દશા છે એ જ દશા બીજા લોકોની પણ છે.' કહેતાં કહ્યું – 'તારા વિશેની લોકોની ધારણાઓને તારે ધારી લેવાની કોઈક જરૂર નથી. લોકો આપણા વિશે શું ધારશે, એવી હવાઈ કલ્પનાઓ કર્યા કરતાં મને વાસ્તવ જીવનમાં રસ છે.'

સોનું આર્યનને આશુતોષની વાતોમાં રસ પડ્યો તેથી તે ધ્યાનથી સાંભળી રહી. આશુતોષ કહેતાં અટક્યો કે તેણે સામે પૂછ્યું–

'સર જીવન એક અકસ્માત છે?'

'હા.'

'મને સમજાવશો?'



'જ્યારે મારા માતાપિતા સંભોગનો આનંદ માણી રહ્યાં હતાં ત્યારે મારા બાપના વીર્યમાંથી મારો આકસ્મિત જન્મ થયો. મને અહીં લાવવામાં આવ્યો નથી. હું આવી ગયેલો છું અકસ્માતે. મને એ વિશે પૂછવામાં પણ આવ્યું નથી.' આશુતોષની વાત સાંભળી સોનું આર્યન ખડખડાટ હસી ઊઠી.

'તો શું સર, તમે એવી અપેક્ષા રાખતા હતા કે તમને પૂછવામાં આવે?'

'હા, ભારપૂર્વક કહેતાં કહ્યું – 'મને કશું જ પૂછવામાં આવ્યું નથી. મારા જન્મની વાત પણ મારા હાથમાં નહીં?' કહેતાં આશુતોષ અટક્યો.

'સર, તમારી વાતોથી મગજ હાલી જાય છે.' સોનું આર્યને અભિપ્રાય આપ્યો.

ચા કોફી પીવાઈ ગયા હતા.

છોકરો કપ લઈ ચાલ્યો ગયો.

આશુતોષે પાન કાઢ્યું.

'સર,પ્લીસ, તમે પાન ના ખાશો.' સોનું આર્યને આશુતોષનો હાથ પકડ્યો.

'કેમ?'

'પ્લીસ સર...'

'મારે પાન ખાવું એ પણ મારા હાથની વાત નહીં?' કહેતાં આશુતોષ હસ્યો.

સોનું આર્યનના પાતળા હોઠો પર ઝાકળસ્મિત...

'મારી વાત તેં ધ્યાનથી સાંભળીને?' આશુતોષે પૂછ્યું.

'હા.'

'હવે ધ્યાનથી ભૂલી જજે...'

સોનું આર્યનના ચહેરા પર આશ્ચર્યનો પવન...

'દરેક કાર્યની પાછળ એક પરિણામ હોય છે અને પરિણામ પાછળ એક ભયંકર જવાબદારી...' કહેતાં કહ્યું – 'હંમેશાં હું જવાબદારીથી બચવાના

પ્રયત્નો કરું છું.'

'કેમ?'

'જવાબદારી સ્વતંત્રતા હણે છે...'

સોનું આર્યને મૌન ઓઢ્યું.

આશુતોષે ખુલ્લી આંખો બન્ધ કરી.



## પ્રકરણ : ૧૮

આશુતોષ 'જુગારી' નવલકથાનો અન્તિમ પેરેગ્રાફ વાંચી રહ્યો હતોઃ હું જીત્યો અને વીસ મિનિટ પછી, ખિસ્સામાં એકસો સિત્તેર ગલ્ડન સાથે મેં સ્ટેશન છોડ્યું. આ હકીકત છે. તમે જુઓ કે વ્યક્તિનો અંતિમ ગલ્ડ પણ ક્યારેક કેવો ઉપયોગી નીવડે છે! અને ત્યારે મેં મારી હિમ્મત ખોઇ હોત, મેં નિર્ણયનું સાહસ ન કર્યું હોત તો શું થાત?આવતીકાલે, આવતી કાલે આ સઘળાનો અંત આવશે!

રસોડામાંથી આરતી બહાર આવી.

આશુતોષ પાસે બેઠી.

આશુતોષે બારી બહાર પાનની પિચકારી મારી.

રાત્રિની કાળી ચાદર પથરાઇ ચૂકી હતી.

નવલકથા ટેબલ પર મૂકતાં કહ્યું.

'રસોઇ થઇ ગઇ?'

'અત્યારથી જમી લેશો?' કહેતાં કહ્યું –'આઠ પણ હજી વાગ્યા નથી.'

'મારે સમય પ્રમાણે જમવાનું? ભૂખ લાગે ત્યારે નહિ?'

'રોટલી હજી વણી નથી....'આરતીએ સ્પષ્ટતા કરી. પછી વાત બદલતાં કહ્યું :-

'મારે તમને એક વાત કહેવી છે.'

'બસ એક જ વાત?' કહેતાં આશુતોષ આછું હસ્યો.

'મને કેટલાય દિવસથી એમ થયા કરે છે કે હું ઘરે જતી આવું.' સાડીનો પાલવ સરખો કરતાં આરતી બોલી.

'એક ઉત્તમ કામ!' પલંગમાં બેઠા થતાં આશુતોષે કહ્યું.

'પણ મને ડર લાગ્યા કરે છે.' બારીમાંથી પૂનમના ચન્દ્રને જોવા મથામણ કરતી આરતીએ ડર વ્યક્ત કર્યો.

'મારી રાણીને શાનો ડર લાગ્યા કરે છે? જરા મને તો કહે, હું પણ જાણું.'

'મને એમ થાય છે કે હું ત્યાં જઉં અને મારા ત્યાં જવાથી જ કંઇ અઘટિત થાય તો?' આશુતોષના ખોળામાં માથું મૂક્યું. એના કપાળ પર હાથ પશવારતા આશુતોષે કહ્યું –

'એવું બધું તારા મનમાં પડ્યું છે. એવું કશું જ થવાનું નથી.' કહેતાં કહ્યું –'થવાનું હોત તો ક્યારનું ય થઇ ગયું હોત.'

'તો પણ–'

'એવું કશું ના થાય.'

'સમજો કે હું ઘરે જઉં અને પછી મને ત્યાંથી અહીં પાછી જ ન આવવા દે તો તમે શું કરો?' આરતી આશુતોષ સામું જોતા બોલી.

'તો હું પાન ખાઉં.' કહેતાં તે હસ્યો.

'ડોન્ટ લાફ.' આરતી ગમ્ભીર હતી. – 'હું તમને ખરેખર સિરિયસલી વાત કરી રહી છું.'

આશુતોષ અનુત્તર રહ્યો.

ઠંડો પવન ફૂંકાતો હતો.

આરતીએ બારી બન્ધ કરી.

'કહ્યું નહીં તમે?'



'શું?'

'તો તમે શું કરો?'

'મને કંઇ ખબર નથી કે હું શું કરી શકું...' આશુતોષે મુંઝવણ વ્યક્ત કરી.

'જો એવું કંઇ થાય તો–' કહેતાં આરતી અટકી. પૂછ્યું, 'સાંભળો છો ને?'

'હા.'

'તો તમારે કોર્ટમાં કેસ કરવાનો.'

'તો શું થાય?'

'જો તમે કેસ જીતી જાઓ તો હું પાછી ફરી શકું.'

'અને હારી જાઉં તો?'

'એ તો શક્ય જ નથી.'

'ક્યારે જવું છે?' આશુતોષે પૂછ્યું.

'આવતીકાલે સવારે...'

'સારું...' આશુતોષે આરતીનો હાથ તેના હાથમાં લીધો. આરતીની સાડીનો છેડો છૂટી ગયો હતો. આશુતોષે આરતીની આંખમાં જોયું. બહારનું અન્ધારું રૂમમાં ખીચોખીચ ભરાઇ ગયું.

પૃથ્વીના મુગુટ પર ઊગેલું સવારનું સોનેરી પીંછું –

આશુતોષ આરતી રેલવે સ્ટેશન ઊભાં હતાં.

અનેક ટ્રેનો આવતી હતી જતી હતી. આશુતોષને થતું હતું, ટ્રેન સ્ટેશને ઊભી ના ઊભી ત્યાં તો વ્હિસલ મારતી તેની દિશામાં દોડી જાય છે. તો શું જીવનનું પણ આવું જ હશે? જીવન પણ ક્યાંય ઊભું રહેતું નથી! ટ્રેનની જેમ તે પણ તેની દિશામાં દોડ્યા કરે છે. પણ જીવનની કઇ દિશા છે? તેની દિશા છે ખરી? કે પછી કોઇ અકસ્માતે જીવનટ્રેન દોડ્યા કરે છે! ક્યાંથી આવી છે આ ટ્રેન? ક્યાં જઇ ઓગળવાની ટ્રેન?

'હું બે દિવસમાં પાછી આવીશ.' આરતી કહી રહી.

'કશો વાંધો નહીં.' ટ્રેન પરથી દ્રષ્ટિ હટાવતા આશુતોષે જણાવ્યું.

'તમારું ધ્યાન રાખજો.'

'હં...'

'પાન બહુ ખાશો નહીં.'

'હં...'

'રાત્રે મોડા સુધી વાંચશો નહીં...'

'હં...'

'તમે મને ઘરે ફોન ન કરતા.'

આશુતોષના હોઠ પર સવારમાં ઝબોળેલું મૌન ઊભું હતું.

આરતીએ જ સ્પષ્ટતા કરી.

'તમે મને ઘરે ફોન કરો અને જો રિસીવ હું કરું તો વાંધો નહીં.' કહેતાં કહ્યું –'પણ પપ્પા કે મમ્મી ફોન રિસિવ કરે તો ખરાબ લાગે...'

ટ્રેન આવી...

ગઈ ટ્રેન...

★ ★ ★

આશુતોષે ચા પી કપ ટેબલ પર મૂક્યો કે મિ.પટેલ બોલ્યા.

'દેસાઇ નવાં છાંપાંમાં જોડાઇ ગયો.'

'ગુડ ન્યૂઝ.' મિ.ત્રિમૂર્તિ બોલ્યા.

'ચાર હજાર રૂપિયા પગાર.' મિ.પટેલ કહી રહ્યા હતા.

'દેસાઇનો નંબર ક્યો છે?'

'કેમ તારે શું કામ છે?'

'આપણે પણ ટ્રાય કરીએ...'

આશુતોષ સાંભળી રહ્યો હતો.

'લેખ પણ એમાં તો નામ જોગ છપાય છે ને?' મિ.ત્રિમૂર્તિ પૂછી



રહ્યા.

'લેખ દીઠ પૈસા પણ મળે છે.'

'આ તો બહુ સારુ કહેવાય!'

'પણ પેપર બહું નાનું નથી લાગતું?'

'કેમ?'

'આપણું પેપર આઠ કોલમનું છે અને તે સાત કોલમ–'

'તારે કોલમ સાથે શું લેવા દેવા? તારે જાહેરાત વિભાગમાં કામ કરવાનું છે?'

સમય વીતતો રહ્યો.

આશુતોષ ઘરે જવા નીકળ્યો કે તંત્રીએ બોલાવી કહ્યું :

'સોનું આર્યનના ઘરે જતા જશો?'

'કેમ?' આશુતોષે પૂછ્યું.

'તેઓ રાજીનામુ આપીને ગયા છે.' કહેતાં કહ્યું –'તમે

એમને સમજાવજો.' ચશ્મા વ્યવસ્થિત કર્યા –'એમનો ટાઇમ નહીં બદલીએ.'

'સારું...' કહેતાં આશુતોષે સોનું આર્યનની સોસાયટી તરફ સ્કુટર દોડાવ્યું. તેણે ઘર જોયું નહોતું, પણ સોસાયટી જોઇ હતી. પૂછતા ઘર મળ્યું.

આશુતોષને જોતા જ સોનું આર્યનના ચહેરા પર સ્મિત સાથે આશ્ચર્ય ઊગ્યું.

'કેમ સર્વિસ નથી કરવી?' ઘરમાં પ્રવેશતાં આશુતોષે કહ્યું.

'મેં મારો સમય નહીં બદલવા માટે તંત્રીને વાત કરી, પણ તેમણે મારી વાતને ગમ્ભીરતાથી લીધી નહીં. એટલે પછી–'

'તે રિઝાઇન કરી દેવાનું?'

'મને સર્વિસ કરતા સ્વમાન વહાલું છે.' ખુરશીમાં ગોઠવાતા સોનું આર્યને કહ્યું.

પાણીનો ગ્લાસ ટિપોઇ પર મૂકતા આશુતોષે ઘરમાં એક ઉડતી નજર નાખી પૂછ્યું :-

'ઘરમાં કોઇ નથી?'

'આપણે બે છેને?'

આશુતોષ હસ્યો.

'ચા પીશોને?'

'મારે ઘરે જવું છે.'

'કેમ નહીતો ભાભી નારાજ થઇ જશે?'

'એ સવારે જ પિયર ગઇ.'

'તો તમારે જમવાનું—'

'હોટલ.'

'મારું ઘર છે તો ખરું?' કહેતાં કહ્યું — 'આજ સાંજથી જ તમારે અહીં જમવાનું.'

'પણ—'

'પણ બણ કશું જ નહીં.' કહેતાં તે રસોડામાં ઊડી ગઇ.

આશુતોષે રૂમમાં નજર. ધ્યાનથી નીરિક્ષણ કર્યું તો અહીં પણ પોતાના ઘરની જેમ બધું જ ગુલાબી ગુલાબી હતું.

થોડી જ ક્ષણોમાં સોનું આર્યન ચા લઇ આવી.

ટીપોઇ પર ચા મૂકી. અને એક ડિશમાં બિસ્કિટ.

આશુતોષનું ધ્યાન દોરતા તેણે પૂછ્યું :-

'શું જુઓ છો?'

'ગુલાબી કલર.'

'મને બહુ પસંદ છે.'

'કેમ તમને નથી ગમતો?' આશુતોષના હાથમાં ચાનો કપ પકડાવતાં પૂછ્યું.



'મને કાળો કલર નથી ગમતો.' ચાનો ઘુંટ ભરતા આશુતોષે જણાવ્યું.

'તો ગમે ક્યો કલર.'

'પીળો કલર.' કહેતાં કહ્યું —'આવતીકાલનું સત્ય કદાચ આ ન પણ હોઇ શકે.' કહેતાં આશુતોષ અટક્યો.

'સર, ખરેખર હું તમને સમજી શકતી જ નથી.' સોનું આર્યને આશુતોષના હાથમાં બિસ્કિટ પકડાવ્યો.

'મને સમજવાની જરૂર નથી કેમ કે હું પોતે પણ મને નથી સમજી શકતો.'

સોનું આર્યન હસી.

થોડી ઔપચારિક વાતો પછી તે બોલી

'સર, પેલી વાતનો અન્ત આવી ગયો.'

'હા, તે શું થયું?'

'મને ગઇકાલે રાત્રે જ તે છોકરાની વાસ્તવિક્તા ખબર પડી.' કહેતાં કહ્યું — 'એની ડાયરીમાં ફક્ત મારી એકલીનું જ નામ નહોતું. એ સિવાય પણ—'

'હવે શું કરીશ?'

'જીવીશ તમારી જેમ.' સોનું આર્યનના હોઠ મલક્યાં.

'પાન ખાઇને?' કહેતાં આશુતોષ હસ્યો. શા માટે સોનું આર્યન મારી જેમ જીવવા માગે છે? હું પણ મારી જેમ ક્યાં જીવી રહ્યો છું? શું મારું જીવન તેના માટે કોઇ આદર્શ છે? સોનું આર્યન કઇ બોલી નહીં તેથી આશુતોષે પૂછ્યુ —

'ચા સરસ મીઠી બનાવે છે તારી જેમ.'

'શું ગપ્પા મારો છો?'

'કેમ?'

'તમે મને ચાખી છે જ ક્યાં?' કહેતાં સોનું આર્યન આંખો પટપટાવી.

આશુતોષ થોડો સંકોચાયો. સોનું આર્યન એની સામું જોઇ રહી. આ માણસ શું ક્યારેય કોઇને સમજી શકતો નથી? મારી વાત એ નહીં સમજ્યો હોય? કે પછી આ માણસ ઠંડો છે?

'હું જઉં હવે...' ઊભા થતા આશુતોષે કહ્યું કે તુરન્ત વિચારોમાંથી મનને ખેંચી કાઢતાં સોનું આર્યને પૂછ્યું :-

'સાંજે નહીં આવો?'

'કશું કહી ના શકું.' કહેતાં આશુતોષે ઘર છોડ્યું.

છેલ્લા એક અઠવાડિયાથી આશુતોષ અનિયમિત થઇ ગયો હોવાથી તંત્રી તેના પ્રત્યે રોષે ભરાયેલા હતા. તેમ છતા તેની અનિયમિતતામાં કોઇ પરિવર્તન દેખાતું નહોતું. તેથી તંત્રીએ તેને બોલાવીને કોઇ ચોક્કસ કારણો વિશે પૂછતાશ કરી ત્યારે તેની પાસે એ માટેના કોઇ ચોક્કસ કારણો નહોતા. અને ઉલટાનું તેના જવાબથી તંત્રીને આશ્ચર્યની સાથે આઘાતનો પણ અનુભવ થયો. તેણે તંત્રીને જણાવ્યું હતું :-

'તને મને શોધવામાં સમય બગાડશો નહીં. કેમ કે હું મને પોતાને જ શોધી રહ્યો છું.' આશુતોષના જવાબથી તંત્રીએ ચશ્માંમાંથી આંખ ઝીણી કરી આશુતોષાના ચહેરાના ભાવ વાચવા ઉકેલવા મથી રહ્યા. પણ કશું જ વંચાયું નહીં તેથી ચશ્માને સાફ કરતાં પૂછ્યું.

'તમારે રજા જોઇએ છે?' તંત્રીના શબ્દોથી આશુતોષને હસવું આવ્યું. શું તે મને રજા આપી શકે? મને રજા આપનાર તે કોણ? શું હું તેનો ગુલામ છું? મને ખરીદી લીધો છે? હું તો રાજા છું મારા મનનો. પણ હું રજા મેળવીને શું કરીશ? ક્યાં જઇશ? હું મારું ઉદ્‌ગમસ્થાન જાણી શકીશ? એ માટે પણ હું જઉં ક્યાં? કોણ કરશે મારા મનનું સમાધાન? કોણ આપશે મને ઉત્તરો...તંત્રીને પૂછી શકાય? પણ જો એની પાસે કશુંય સમાધાન હોત તો તેના તંત્રીલેખો વાંચવા ના ગમત? શું કામ એણે તંત્રીલેખ પત્રકારો પાસે લખાવવા પડત? તો શું કરું? શું કરવું જોઇએ?



'જોઇએ છે રજા?' તંત્રીએ પુર્નોચ્ચાર કર્યો એટલે આશુતોષે કહ્યું — 'ના.'

આશુતોષ તંત્રી વિભાગમાં પહોંચ્યો ત્યારે સૌ પત્રકારો આવી ગયા હતા. અને રોજિન્દી ઘટમાળમાં ઓગળતા જતા હતા. આશુતોષ તેના ટેબલ પર ગોઠવાયો. ઠંડીના ચમકારા હતા તેથી પંખો બન્ધ કરાવ્યો. તંત્રી વિભાગમાં નિરવતા પીગળી રહી. સૌ મિત્રોને કામમાં ખુંપી ગયેલાં જોઇ આશુતોષ ઝીણું હસ્યો. એકનું એક જ કામ કરતા આ લોકો થાકતા નહીં હોય? આ પૃથ્વી પર કેવળ કામ કરવા માટે આવેલા જીવ... કામ એ જ તેમના જીવનનો પર્યાય જાણે! ટેલિફોનની રીંગ વાગતાં જ તંત્રી વિભાગમાં પીગળતી નિરવતા પાંખો કરી ગઇ. સોનું આર્યને રિસિવર ઉપાડી આશુતોષના હાથમાં રિસીવર થમાવ્યું. આશુતોષે કોઇ પણ પ્રકારના આશ્ચર્ય વિના કહ્યું :-

'હલો...'

'કેમ છો?' સામે છેડેથી આરતીનો તીણો અવાજ.

'તને કેમ છે?' આશુતોષે સામે પૂછ્યું. ક્ષણ આરતી રિસીવર પકડી ઊભી રહી. તેથી બે ત્રણ વખત સામેથી આશુતોષે ખાત્રી કરી લીધી કે આરતી લાઇન પર હતી. અને આશુતોષ કંઇ પૂછે તે પહેલાં જ 'સાંભળો.' કહી એણે કહ્યું — 'હું હવે નહીં આવું.' કહેતાં તે અટકી. આશુતોષ સાંભળી રહ્યો હતો. 'ફોન મૂકું છું.' અને આશુતોષે રિસીવર મૂક્યું. સોનું આર્યને એની સામે જોયું. ચહેરા પર કોઇ ભાવ કળાયા નહીં. એટલે એણે પૂછ્યું — 'ભાભી મજામાં છેને?' પણ આશુતોષે કોઇ ઉત્તર આપ્યો નહીં. ઉત્તર આપવાની ઇચ્છા થઇ નહીં, પાન ચાવી રહ્યો. ઊભો થયો. અને પગ લઇ જાય ત્યાં ચાલવા લાગ્યો. તેના પગમાં બ્રેક વાગી ત્યારે તે ઝૂલતા મિનારા પાસે આવી ઊભો હતો.